**તારીખ :** **ઘટકનો સિક્કો :** **પ્રમુખશ્રી/મંત્રીશ્રીના હસ્તાક્ષર :**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વિશેષ સન્માન સમિતિ (૨૦૨૦-૨૩)

## વિશિષ્ટ પ્રાદેશિક સમિતિના સન્માન માટે પ્રારૂપ

**A પ્રાદેશિક વિગત :–**

(૧) પ્રાદેશિક સમિતિનું નામ : ____________________

(૨) પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોની સંખ્યા :

'અ' વર્ગના ઘટકોની સંખ્યા [ ]  'બ' વર્ગના ઘટકોની સંખ્યા [ ]  'ક' વર્ગના ઘટકોની સંખ્યા [ ]

(૩) પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા મહાસભાના પ્રતિનિધિઓની સંખ્યા [ ]

(૪) સત્ર ૨૦૨૦-૨૩ના પ્રતિનિધિ શુલ્ક મહાસભામાં જમા થયેલ છે ? હા / ના [ ]

**B બેઠકોની વિગત :–**

| વર્ષ | કારોબારીની મીટીંગની સંખ્યા | હાજર સભ્યોની સંખ્યા | સામાન્ય સભાની સંખ્યા | હાજર સભ્યોની સંખ્યા | અન્ય આયોજનોની સંખ્યા | હાજર સભ્યોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | | | | | | |
| ૨૦૨૧-૨૨ | | | | | | |
| ૨૦૨૨-૨૩ | | | | | | |

**C પ્રાદેશિક સમિતિના સાહિત્યની વિગત :**

(૧) સમિતિની મીટીંગની નોંધ નિયમીત રીતે મીનીટ્સ બુકમાં લેવાય છે ? હા / ના [ ]

(૨) મીનીટ્સ બુકમાં હાજર સભ્યોની હસ્તાક્ષર નિયમીત રીતે લેવાય છે ? હા / ના [ ]

(૩) પ્રાદેશિક સમિતિ અંતર્ગત ઘટકોમાં થયેલા લગ્નની નોંધ રખાય છે ? હા / ના [ ]

(૪) પ્રાદેશિક સમિતિના નાણાકીય હિસાબ માટે રજીસ્ટર રાખેલા છે ? હા / ના [ ]

(૫) પ્રાદેશિક સમિતિના પદાધિકારીઓ દ્વારા ઘટકોની નિયમીત મુલાકાત લઈ ઘટકોને યથા યોગ્ય માર્ગદર્શન અપાઈ રહ્યું છે ? હા / ના [ ]

**D સમાજ ઉત્કર્ષ કાર્યની વિગત :–** આપની પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટકોમાં કરેલા સામાજીક–ઉત્કર્ષના કાર્યક્રમોની નીચેના પ્રારૂપમાં વિગતો આપો.

| ક્રમ | વિગત | ૨૦૨૦-૨૧ | | | ૨૦૨૧-૨૨ | | | ૨૦૨૨-૨૩ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા |
| ૧ | સગપણ સંમેલન | | | | | | | | | |
| ૨ | સમુહ લગ્ન | | | | | | | | | |
| ૩ | સમુહ ભાગવત | | | | | | | | | |
| ૪ | અન્ય આયોજન | | | | | | | | | |
| ૫ | મહાસભાના આયોજન | | | | | | | | | |

**E અન્ય વિગત :–**

(૧) આપની પ્રાદેશિક સમિતિ અંતર્ગત અત્યાર સુધી વિશિષ્ટ વ્યક્તિ સન્માન પ્રાપ્ત કરેલા મહાનુભાવોની સંખ્યા :

(૨) આપની પ્રાદેશિક સમિતિ દ્વારા આપના ઘટકોના જરૂરીયાતમંદ સમાજબાંધવોના ઉત્કર્ષ માટે કરેલા વિશિષ્ટ કાર્યોની નોંધ : (જરૂર પડે અલગ કાગળમાં વિગત આપવી) ____________________

____________________

(૩) આપની પ્રાદેશિક સમિતિમાંથી કેટલા મહાનુભાવો અત્યાર સુધી મહાસભા ક્ષેત્રે સેવા આપી ચૂક્યા છે ?

(૪) પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટકોને કરેલા પત્ર વ્યવહારની નોંધ માટે રજીસ્ટર-ફાઈલો રાખવામાં આવેલા છે ? હા / ના [ ]

(૫) મહાસભાના પત્ર વ્યવહારની નોંધ માટે રજીસ્ટર-ફાઈલો રાખવામાં આવે છે ? હા / ના [ ]

(૬) પ્રાદેશિક સમિતિને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આપના સુચનો જણાવવા વિનંતી. ____________________

____________________

તારીખ :  પ્રાદેશિક સમિતિનો સિક્કો :  પ્રમુખશ્રી/મંત્રીશ્રીના હસ્તાક્ષર :

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૪

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી



સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in



Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314


નમસ્કાર... જય સમાજ... સમાજના આર્થિક રીતે નબળા પરિવારોના સંતાનોને ઉચ્ચ અભ્યાસ માટે શિક્ષણ સહાય આપીને મહાસભા અભિલાષા સમિતિ તો મદદરૂપ થાય છે, પણ આપણા સમાજના અન્ય સેવાભાવી ટ્રસ્ટો અને સંસ્થાઓ પણ આવા છાત્રોને મદદ કરી રહી છે તે તમામ અભિનંદનને પાત્ર છે. આવા સેવાભાવી ટ્રસ્ટોની જાહેરાત અને સંપર્ક સુત્રોની જાણકારી આપણા મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપવામાં આવે છે અને ખરેખર જરૂરતમંદ હોય તેવા પરિવારોએ તેનો લાભ લેવો જોઇએ.



દાન-દાતાશ્રીઓની યાદીમાં મુળ ગામ કુંભારીયા, હાલે રાયગઢ નિવાસી... રાયગઢ મહિલા મંડળના પૂર્વ પ્રમુખ તથા શિક્ષિકા તરીકેની ફરજમાંથી નિવૃત્ત થયેલા શિક્ષણવિદ **સુ.શ્રી ઉષાબેન ઇશ્વરલાલ ચૌહાણે** પોતાના નામથી રજીસ્ટર્ડ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે અને તેના માધ્યમથી સખાવતનો શુભારંભ સમાજના આર્થિક રીતે નબળા છાત્રોન મદદરૂપ બનવાનો હેતુથી અભિલાષા સીમતિને રૂા. ૧૧૦૦૦/-ના દાનથી તેઓ કરી રહ્યા છે. સુ.શ્રી ઉષાબેન પોતે શિક્ષણ સાથે સંકળાયેલા હોવાથી તેનું મહત્વ સમજે છે અને આ સેવાકાર્યમાં આગળ જતાં વધુ સહયોગ આપવાની ઇચ્છા પણ તેઓ ધરાવે છે. વધુમાં તેઓ ખુબ સારા ગાયક પણ છે અને આપણા સમાજના શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મ્યુઝિક ગ્રુપના સલાહકાર તરીકે પોતાની સેવા આપે છે. ઉમદા સેવા ભાવના સાથે આગળ વધી રહેલા સુ.શ્રી ઉષાબેન ચૌહાણ - રાયગઢનો ખુબ ખુબ આભાર...

દાનની સરવાણી આગળ વધારતાં જેમની પ્રશંસા અને ગુણગાન ગાવા માટે શબ્દો પણ ખુટી પડે તેવા આપણા **સૌના હૃદય સમ્રાટ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર** તરફથી દર માસની જેમ આ માસ જુલાઇ-૨૩ના દાન પેટે રૂા. ૫૦૦૦ પ્રાપ્ત થયેલ છે. અભિલાષા સમિતિના અનમોલ દાતાશ્રીને વંદન... પ્રણામ... આભાર... જય સીયારામ.... ખુશાલીના અવસરોને સેવાના કાર્યથી ઉજવવાની પરંપરા આગળ વધારતાં **ધનબાદ ઘટકના પ્રમુખ શ્રી કિરીટભાઇ રમણીકલાલભાઇ ચૌહાણ - ધનબાદ** તરફથી તેમના જન્મ દિવસ (તા. ૨૫/૬)ના શુભ અવસરે રૂા. ૨૧૦૦/- તથા તેવા જ ઉદ્યમી... **અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ... બહુમુખી નારી વ્યક્તિત્વ શ્રીમતી મીનાબેન ગોપાલભાઇ ચૌહાણ** તરફથી તેમના જન્મદિન (તા. ૮/૭) ખુશાલી અવસરે રૂા. ૧૧૧૧/-નું દાન પ્રાપ્ત થયેલ છે બંને દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર...

**શિક્ષણ સહાય મેળવવા ઇચ્છુક છાત્રોએ અભિલાષા પ્રભારી શ્રી, રાયપુર કાર્યાલય અથવા મહાસભાની એપ્લીકેશન KGK One ના માધ્યમથી અરજી પત્રક મેળવી તા. ૩૦/૯/૨૦૨૩ સુધી પરત કરવા. ત્યાર બાદ મળેલ ફોર્મ પર વિચાર કરવામાં નહીં આવે.**

**- વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી, ઉપપ્રમુખ મહાસભા**



श्री कच्छ गुर्जर क्षत्रिय समाज महासभा

## || લક્ષ્ય-૩ ||

**વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ**

**પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ** **સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ**

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com

# લક્ષ્ય બિઝનેસ અને પ્રોફેશનલ મીટ - પુના

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની લક્ષ્ય સમિતિ પ્રેરિત તથા શ્રી પુના ઘટક દ્વારા એક પ્રોફેશનલ અને બિઝનેસ મીટનું આયોજન તારીખ ૩ જૂન ૨૦૨૩ ના રોજ પુનાની પંચતારક હોટલ ''હોટલ પ્રાઇડ''માં આયોજન કરવામાં આવ્યું હતું. ઘણા લાંબા સમયથી પુનાના વ્યવસાયકારકો ભેગા થયા ન હતા. તો મીટીંગનો મુખ્ય હેતુ પુનામાં રહેતા પ્રોફેશનલ અને બિઝનેસમેનોની સાથે મુલાકાત કરી એકબીજાનો પરિચય કેળવી નેટવર્કિંગ સાથે પોતાના વ્યવસાયમાં એકબીજાને ઉપયોગી થવાનો હતો.



Core Members | Sandeep Chawda | Yashwant Rathore | Santosh Rathod | Manoj Yadav | Chetan Tank

Tejendra Chawda | Ninad Jethwa | Ravi Chauhan | Hitesh Tank | Rahul Tank | Priyesh Solanki

સમગ્ર મીટનું આયોજન ઉપરોક્ત ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું મીટીંગની તૈયારી એક માસ અગાઉ કરી દેવામાં આવી હતી અને તેમની મહેનત રંગ લાવી હતી કેમ કે **૧૬૦ થી પણ વધુ** અલગ અલગ વ્યવસાયના લોકો અને પ્રોફેશનલ લોકોએ આ મિટિંગમાં હાજરી આપી હતી. જેમાં આઇટી, બેન્કિંગ, ફાઇનાન્સ, ઇન્સ્યોરન્સ, મેન્યુફેક્ચરર્સ, ફૂડ અને બેવ્રેજીસ, આર્કિટેક ઇન્ટિરિયર, ડિઝાઇનર, ડિજિટલ મીડિયા, એગ્રીટેક, લો, સેલ્સ એન્ડ માર્કેટિંગ, ઓટોમેટિવ, ક્રિએટિવ, હેલ્થ કેર, એજ્યુકેશન, રીયલ એસ્ટેટ તથા ટુરિઝમ સાથે જોડાયેલા લોકો હાજર રહ્યા.

મીટીંગની શરૂઆતમાં ખૂબજ સરસ મજાની એક્ટિવિટી શ્રી સંતોષભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી અને એક્ટિવિટી દ્વારા ઇફેક્ટિવ કોમ્યુનિકેશન વિશે સમજણ આપી હતી. ત્યારબાદ મિટિંગના ચીફ ગેસ્ટ શ્રી તેજસભાઈ ઠાકર કે જે કોટક મ્યુચ્યુઅલ ફંડના વેલ્થ મેનેજર છે તેમણે ભારતની ગ્રોથ સ્ટોરી અને ઇન્વેસ્ટમેન્ટના ફાયદાઓ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ પુનામાં રહીને પોતાના વ્યવસાયિક કારકિર્દી ઘડી હોય અને સ્થાયી થયા હોય તેવા દશ સમાજ બંધુઓને સન્માનિત કરવામાં આવેલા.




શ્રી અશોકભાઇ ચૌહાણ (કમ્પ્યુટર સ્ટેશનરી), દર્શનાબેન ભરતભાઇ ચૌહાણ (મેકર્સ ઓફ કર્ટન્સ એન્ડ ફર્નિશિંગ), ડૉ. રશ્મી ચૌહાણ (ઇએનટી સર્જન), ધ્રુવ કેતન ટાંક (સુપ્રિમ કોર્ટ વકીલ), હસ્મિતા ચૌહાણ (નામાંકીત આર્ટીસ્ટ), જય સુરેશભાઇ ચૌહાણ (આર્કિટેક્ટ એન્ડ પ્લાનર), પરેશ ચૌહાણ (એચ.આર. લીડર), રાજેન્દ્ર ચૌહાણ (ઇશ્વર પ્રેસ કમ્પોનન્ટ્સ), શ્યામસુંદર ચાવડા

(મધમાખી રીસર્ચ સાયન્ટીસ્ટ), રસિક પી. ગોહિલ (રીટાયર્ડ ઇન્જીનિયર, અડવાણી ઓર્લેકોન).

ત્યારબાદ લોકોએ ગ્રુપ કરી પોતાના વ્યવસાયિક પરિચય સાથે નેટવર્કિંગ ની એક્ટિવિટી કરી હતી. તેમાં લોકો નવા લોકો ને મળી ને નવો અનુભવ. કર્યો. તે પછી શ્રી સંદીપભાઈ પ્રભુલાલભાઈ ચાવડા દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ (AI) પર અદભુત જાણકારી આપવામાં આવી હતી અને સમજાવ્યું કે AI ટેકનોલોજીને કારણે હવે પછી આવનારા બદલાવો અને તે માટે આપણે કેવી રીતે તૈયાર રહેવું જોઈએ તેની માહિતી આપી હતી. વાતાવરણને હળવું કરવા સ્ટેન્ડઅપ કોમેડિયન દ્વારા ''મીઠા ગુજરાતી'' પર ચટપટી વાતો દ્વારા સૌને ખૂબ જ હસાવ્યા હતા. મીટીંગના અંતિમ ભાગમાં પુના ઘટક દ્વારા ચાલતી યુવાનોને ભણવામાં મદદરૂપ થતા Gen Next વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને તેના વિસ્તાર માટે ની પણ ચર્ચા થઈ ત્યારબાદ આ મીટીંગ બાદ શું ? અને આ મીટીંગની ફળશ્રુતિ વિશે પણ લોકોએ ચર્ચા કરી. પુનાના બધા પ્રોફેશનલ લોકોની માહિતી આપતી પીડીએફ ફાઈલ whatsapp ગ્રુપના માધ્યમથી એકબીજા સાથે શેર કરી એકબીજાના વ્યવસાયમાં ઉપયોગી થવા માટે મદદરૂપ થાય અને સામાજિક કાર્યક્રમની સાથે સાથે આવી બિઝનેસ મીટ પણ નિયમિત થવી જોઈએ તે વાત ઉપર લોકોએ ભાર મૂક્યો. અંતમાં પુલ સાઈડ પર સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી ફરી મળવાના કોલ સાથે સૌ એક શું મધુર યાદો સાથે છૂટા પડ્યા.

## લક્ષ્ય એચિવર્સ એવોર્ડ-૨૦૨૩

## Lakshya Achievers Award - 2023

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા ગત વર્ષથી શરૂ કરવામાં આવેલ ''**લક્ષ્ય એચીવર્સ**'' એવોર્ડ આ વખતે પણ જમશેદપુર ખાતે આગામી બિઝનેશમીટ દરમ્યાન આપવામાં આવશે તેની વિગત નીચે મુજબ છે.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા || લક્ષ્ય ||

આપણા સમાજના કોઈપણ **ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રીનીયર** કે જેઓ એ આપબળે પોતાનો બિઝનેશ ચાલુ કરેલ હોય તથા તેઓએ અખિલ ભારતીય સ્તરે વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરેલ હોય. જેઓએ પોતાના પ્રોજેક્ટ કે વ્યવસાયના માધ્યમથી કંઈક નવું કરીને સમાજને નવી દિશા આપેલ હોય તેવા સમાજબંધુઓ, મહિલાઓ, યુવાનોને સન્માનીત કરવામાં આવશે. **આ સન્માનનો મુખ્ય હેતુ આપણા સમાજમાં રહેલી પાયાની ખાસીયત ''વ્યાવસાયીક્તા''ને ફરીથી જાગૃત કરીને સમાજને વ્યાવસાયીકતાની પ્રેરણા આપીને આવા લોકોનો પરિચય મેળવી નવી દિશા મેળવવી. આ માટે લક્ષ્ય સમિતિ મહાસભાના માધ્યમથી સમગ્ર ભારતભરમાં વસતા તમામ પ્રકારના વ્યવસાયીકોને પોતાની સિદ્ધીઓ નીચેના ફોરમેટમાં અમોને વહેલામાં વહેલી તકે મોકલી આપશો જેથી લક્ષ્ય સમિતિ દ્વારા આવેલા આવેદનની ચકાસણી કરીને યોગ્ય વ્યક્તિને સન્માનીત કરી શકાય.**

**વિગતનું ફોર્મેટ :**

(૧) પુરૂં નામ : ..............................

(૨) પુરૂં સરનામું : ..............................

(૩) ગામનું નામ તથા રાજ્ય : .................... પીનકોડ : ....................

(૪) વોટ્સએપ નંબર : ..............................

(૫) કચ્છમાં ગામ : ..............................

(૬) વ્યવાસનું નામ : ..............................

(૭) વ્યવસાયની ટુંકમાં વિગત : ..............................

(૮) વ્યવાસય ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધીની વિગત : ..............................

(૯) વ્યવસાયીક રીતે મેળવેલ એવોર્ડસ-સન્માનની વિગત : ..............................

(૧૦) સમાજ માટે આપની પાસે કોઈ યોજના હોય તો તેની વિગત : ..............................

**નોંધ :** ઉપરોક્ત માહિતિ **તા. ૨૦/૮/૨૦૨૩** સુધીમાં નીચેના સ્થળ પર હાર્ડકોપીમાં મોકલી આપવા નમ્ર વિનંતી છે. આપ સોફ્ટ કોપી પણ chauhanpg@gmail.com પર મોકલી શકો છો.

**શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ - C/o. માધવ માર્કેટીંગ**
**૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ (ગુજરાત) ૩૬૦૦૦૧. મો.નં. ૯૪૨૬૬૩૫૧૪૨**

**ખાસ નોંધ : એવોર્ડસ માટેનો નિર્ણય સમિતિનો આખરી રહેશે.**

श्री कच्छ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ



**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ      ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઈ રાઠોડ - જાલના**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરીત કરીને આત્મનિર્ભર - સ્વાવલંબી બનવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૩૧મો પ્રોજેક્ટ "Party Appetizers" ઓનલાઇન અને ઓફલાઇન છ.ગ. પ્રાદેશિકના રૂડા રાયપુરના સમાજ ભવનમાં તા. ૯ જુન-૨૦૨૩ના રોજે **દુર્ગ ઘટકના શ્રીમતી મનિષાબેન રિતેશભાઇ ગોહીલ** દ્વારા લેવામાં આવેલ.



શ્રીમતી મનિષાબેન રિતેશભાઇ ગોહીલ એ સ્વ. રમેશભાઇ ગોહીલ અને સ્વ. લીનાબેન રમેશભાઇ ગોહીલ (સિનુગ્રા)ના પુત્રવધુ છે તથા સ્વ. મુકુન્દભાઇ ચૌહાણ તથા ગં.સ્વ. શ્રીમતી દુર્ગાબેન ચૌહાણ - બિલાસપુરના સુપુત્રી છે. એમને મેટ્રીક અને કમ્પ્યુટરની શિક્ષા બિલાસપુરથી લીધી છે. નાનપણથી ખુબજ ક્રીએટીવ તો હતા જ માત્ર ૧૨ વર્ષની ઉંમરથી કુકીંગ કરતા આવે છે. કુકીંગ-બેકીંગની હોબી છે. દરેક ક્ષેત્રની જાત-જાતની સ્વાદિષ્ટ, હેલ્દી, ઇનોવેટીવ વાનગીઓ બનાવવામાં ખુબજ રૂચી છે. લગ્ન પછી ઘર અને પરિવારની બધી જવાબદારી પૂર્ણ કર્યા પછી તેમને સામેથી પોતાની ક્રીએટીવીટી આ ક્ષેત્રમાં બતાવવાની તક મળી. સ્કુલમાં પણ ફુટ સ્ટોલ લગાવ્યા અને જે ઓર્ડર મળ્યા એ લેવાનું શરૂ કર્યું. કોઇપણ વાનગીને કઇ રીતે વધુ સ્વાદિષ્ટ અને સરળતાથી બનાવી શકાય તેમાં હંમેશા કાર્યરત રહે છે. મનિષાબેન હોમમેડ ડિઝાઇનર આઇસીંગ કેક, સ્નેકલ, ગુજરાતી નાસ્તા, અથાણા, રેસ્ટોરેન્ટ સ્ટાઇલની સબ્જી, સ્પેશ્યલ થાળી અને ટ્રાવેલીંગના પણ ઓર્ડર્સ લે છે. દુર્ગ શહેરમાં 'કચ્છી સમોસા' ના નામથી પણ ઓળખાય છે. તેમના બનાવેલા અથાણા અને નાસ્તા ભારતભર તથા બહાર પણ કુરીયર દ્વારા મોકલે છે. બર્થ-ડે પાર્ટી, કીટી પાર્ટી, ઓફીશીયલ પાર્ટીના પણ



ઓર્ડર લે છે. બેસ્ટ પિકલ રેસીપીઝમાં અનેક પુરસ્કાર મેળવી ચૂક્યા છે અને બીજનેસ કરે છે.

રૂડા રાયપુરના આંગણે દુર્ગ ઘટકથી આવીને મહિલા ઉત્કર્ષ સમિતિનો "Learn & Earn" અંતર્ગત ૩૧મો પ્રોજેક્ટ ઓનલાઇન અને ઓફલાઇન 'પાર્ટી અપેટાઇઝર્સ'માં ૭-૮ યુનિક વાનગીઓ ખુબજ સારી રીતે એક-એક વાત સમજાવી અને મહત્વની ઉપયોગી ટીપ્સ આપ્યા છે. આ વર્કશોપમાં (૧) પનિર ટિક્કા ડિસ્ક (૨) ડિઝાઇનર પોટેટો રોલ્સ (૩) કર્ડ ચીજ બોલ્સ (૪) કર્ડ ચીજ પનિર સેન્ડવીચ (૫) મિલેટ ગ્રીન કટલેટ્સ (૫) રોયલ ટોમેટો કપ ચાટ (૬) ચુરોસ ચોકલેટ ડિપ અને






ડિસ્નીચુરોસે આ બધી આકર્ષક અને સ્વાદિષ્ટ સ્નેક્સ બનાવી હતી અને ખુબજ સરસથી બધી જ ડિશેસનું પ્રેઝન્ટેશન કરીને બતાવ્યું હતું.

મનિષાબેન કહે છે કે, મહિલા ઉત્કર્ષ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન રાઠોડ તથા તેમની ટીમ ખુબજ ઉત્સાહપૂર્વક અને ઉત્કૃષ્ટ નિયોજનના સાથે આ કાર્યનું સંચાલન કરી, સમાજની બહેનો માટે નિત્ય નવા-નવા પ્રોજેક્ટ લાવી રહ્યા છે. જેનાથી સમાજની બહેનોમાં ખુબજ ઉત્સાહ વધ્યો છે. બહેનોને આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવાનો ખુબજ સરસ પ્રયાસ છે. દરેક પ્રોજેક્ટમાં ભાગ લેનાર બહેનોને મીતાબેન તરફથી સરસથી માર્ગદર્શન અને સંપૂર્ણ માહિતિ મળી રહે છે. આવા સુંદર ઉપયોગી પ્રોજેક્ટના કારણે સમાજની બહેનોમાં છુપાયેલું ટેલેન્ટ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે બહાર લાવવાનું અને સાથે બીજી મહિલાઓને પ્રોત્સાહિત કરવાનો ઉત્તમ પ્રયાસ છે.

મહિલા ઉત્કર્ષ સમિતિનો આ પ્રથમ જ ઓફલાઇન પ્રોજેક્ટ હતો જે ખુબજ સફળ રહ્યો. જેનું પુરેપુરૂ શ્રેય રાયપુર મહિલા મંડળના આદરણીય પ્રમુખ તથા મહિલા ઉત્કર્ષ સમિતિના સન્માનીય સભ્ય શ્રીમતી પુનમબેન મુકુંદભાઇ ટાંકને જાય છે. પુનમબેનની હૃદયથી પ્રબળ ઇચ્છા હતી કે રાયપુરને આંગણે






મહિલા ઉત્કર્ષ સમિતિનો પ્રોજેક્ટ લેવો જ છે અને તેના માટે તેઓ સતત પ્રયાસરત હતા. રાયપુર મહિલા મંડળની સમસ્ત ઉત્સાહી ટીમ, તેમજ યુવા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાઠોડ તથા તેમની ટીમ તેમજ રાયપુર ઘટક પ્રમુખ આદ. શ્રી ભરતભાઇ ચાવડા તથા ૧૦૦થી પણ વધુ બહેનોની ઉપસ્થિતિ તથા કાર્યરત સહુ બહેનોની અથક મહેનત, ઉષ્માભર્યુ સ્વાગત-સન્માન અને લાગણીભર્યા સાથ-સહકાર, આત્મિયતા માટે આપ સર્વેને મહિલા ઉત્કર્ષ સમિતિ હૃદયથી આભાર વ્યક્ત કરી અનેકાનેક ધન્યવાદ આપે છે. તેવી જ રીતે સોનામાં સુગંધ ભળે તેમ મહિલા ઉત્કર્ષ સમિતિના આ પ્રથમ ઓફલાઇન પ્રોજેક્ટમાં અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખ આદ. શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, આદ. શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, આદ. શ્રીમતી વંદનાબેન રસીકભાઇ ટાંક, મહિલા ઉત્કર્ષ સમિતિના સહપ્રભારી આદ. શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, સભ્ય શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર, શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ, શ્રીમતી કલ્વીકાબેન તુષારભાઇ રાઠોડ તેમજ મહાસભાના સમાજ સંરક્ષક આદ. શ્રી ભરતભાઇ સાવરીયા, મહાસભાના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ ગોહિલ આપ સર્વેની ગરીમામયી ઉપસ્થિતિ માટે મહિલા ઉત્કર્ષ સમિતિ હૃદયથી આભાર વ્યક્ત કરે છે. ખુબ ખુબ ધન્યવાદ...

તેમજ રૂડા રાયપુરના આંગણે ઓફલાઇન અને ઓનલાઇન અને માર્ગદર્શી સફળ પ્રોજેક્ટ માટે મહિલા ઉત્કર્ષ સમિતિ મનિષાબેન જેવા સર્વ ક્ષેત્રમાં નિષ્ણાંત, ગુણવાન, મૃદુભાષી, ઉત્સાહી, ઉર્જાવાન, પ્રેમાળ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સૅલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## કુમ્હારી ઘટક





તા. ૧૪-૦૫-૨૦૨૩ના કુમ્હારી ઘટકના આંગણે છત્તીસગઢ પ્રાદેશિક સમિતિની પાંચમી બેઠક રાખવામાં આવેલ હતી. આ કાર્યક્રમ મહાસભા છત્તીસગઢ પ્રાદેશિક સમિતિના હોદ્દેદારો છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળના હોદ્દેદારો, છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળના હોદ્દેદારો તથા ઘટકોના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓએ કુમ્હારી ઘટકનું આમંત્રણને માન આપતા પોત-પોતાની ઉપસ્થિતિ આપેલ. પાંચમી બેઠકના મુખ્ય અતિથિશ્રી રસીકભાઇ પરમાર, શ્રી ભરતભાઇ સાવરીયા, શ્રી પ્રફુલભાઇ પરમાર, શ્રી પંકજભાઇ ચાવડા, શ્રી ભરતભાઇ ચાવડા પોતાના સહયોગી ટીમ સાથે પધારેલ.

મંચ સંચાલન કરતા ભાવેશભાઇ કુંદનભાઇ રાઠોડ દ્વારા પધારેલ હોદ્દેદારોને મંચ પર આમંત્રિત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શ્રી ગણેશ વંદના તથા દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવેલ. નાની બાળાઓ જાન્યા દીપકભાઇ ગોહિલ, કવિશા દીપકભાઇ ગોહિલ, દેશના મયંક ગોહીલ દ્વારા અતિથિ સત્કાર માટે સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતી કરવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી હરીશભાઇ ગોહિલ દ્વારા સર્વે પધારેલ મહેમાનોનું સ્વાગત અભિનંદન સાથે પધારેલ વિશેષ અતિથિઓનું સાલ તથા શ્રીફળથી સન્માન કરવામાં આવેલ. ઘટકના આંગણે પધારેલ પ્રાદેશિક સમિતિ દ્વારા કુમ્હારી ઘટક પ્રમુખ શ્રી હરીશભાઇ ગોહિલ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રંજનબેન જયેશભાઇ ચાવડા, યુવા મંડળ પ્રમુખ શ્રી ઉમેશભાઇ જગદીશભાઇ રાઠોડનું સન્માન સાલ તથા શ્રીફળ દ્વારા કરવામાં આવેલ. પધારેલ અતિથિઓ દ્વારા નવા સત્ર માટે મહાસભા પ્રમુખશ્રીની વરણી માટે ચર્ચા, સર્વે ઘટકોના અહેવાલ વાંચન, ડીજીટલ વંશાવલી, ડીજીટલ વસ્તીપત્રક, સંજીવની સમિતિ, સમાજના આર્થિક ઉત્થાન જેવા વિષયો પર વિચાર રાખવામાં આવેલ. સગપણ સંમેલન વિશે ચર્ચા-વિચારણા સાથે કુમ્હારી ઘટક વતી પધારેલ મહેમાનોનો આભાર પ્રગટ કરતા રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમને વિરામ આપતા પધારેલ મહેમાનો સાથે સ્નેહભોજનો આનંદ માણી સહુએ વિદાય લીધી હતી. બેઠકમાં કુમ્હારી ઘટક તથા વડીલો, સલાહકાર વડીલોના પૂર્વ પ્રમુખ સલાહકારએ પોતાની ઉપસ્થિતિ જણાવતા પધારેલ મહેમાનોનું અભિનંદન પાઠવેલ.





# માધાપર ઘટક

બનાવવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો જરૂરથી સફળતા મળતી હોય છે. જેનું આ સ્વસહાય યોજના ઉદાહરણ






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને તા. ૨૭-૦૫-૨૦૨૩ના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક સંચાલિત સ્વસહાય યોજનાના સભ્યોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. મહાનુભાવોના હસ્તે દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ સ્વસહાય યોજનાની તમામ માહિતિ આપવામાં આવી. ઘટકના ખજાનચી શ્રી મનોજભાઇ ટાકે વર્ષ ૨૦૨૨-૨૩ના હિસાબો રજુ કરેલ હતા.

ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે, આ વર્ષે લોન આપવામાં પચાસ હજારથી વધારો કરી એક લાખ સુધીની કરેલ છે. જેનો ઘણા બધા સભ્યોએ લાભ લેતા (૨૦૨૨-૨૦૨૩) ગયા વર્ષે ૭૫૦/- રૂપિયા ડિવિડન્ડ આપવામાં આવેલ છે. તેમાં આ વર્ષે વધારો કરી દરેક સભ્યોને રૂા. ૮૫૦/- રૂપીયા ડિવિડન્ડ આપવામાં આવેલ. અત્યારે ૩૯૪ સભ્યો છે જેમાં હજુ પણ સમાજના નવા સભ્યો જોડાય અને કુટુંબમાં આવતા ખર્ચને પહોંચી વળવા આ ઉપયોગી યોજનાનો બધા લાભ લે તે માટે અપીલ કરવામાં આવી હતી. કોઇપણ યોજના માટે નિયમો છે. શ્રી ચમનભાઇ ચૌહાણ, પ્રભારીશ્રી બાબુલાલભાઇ ચૌહાણ અને શ્રી દિનેશભાઇ ચાવડાએ પોતાના પ્રવાનમાં યોજના અંગે જરૂરી માહિતી આપેલ હતી.

સ્વસહાય યોજનાના પ્રભારીશ્રી કમલેશભાઇ પરમારે અલ્પાહારનો ખર્ચ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ આઇસ્ક્રીમનો ખર્ચ આપવા બદલ તેમનું સન્માન કરવામાં આવેલ. તેમજ દર મહિને બચત અને લોનના નિયમિત હમા ભરવાના કારણે થયેલ પ્રગતિ બદલ તમામ સભ્યોનો સમાજ વતી શ્રી મહેન્દ્રભાઇ વરૂએ આભાર વ્યક્ત કરેલ હતો. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

માધાપર ઘટકની તાકીદની સામાન્ય સભા તા. ૨૮-૦૫-૨૦૨૩, રવિવારના રાત્રે ૯.૦૦ કલાકે ઘટકના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીની અધ્યક્ષતામાં શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી સમાજ ભવનમાં યોજવામાં આવેલ હતી. મીટીંગની શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રગટાવી પ્રભુ પ્રાર્થના અને રામ સ્તુતી ગાઇ કરવામાં આવેલ અને પધારેલ સૌનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે ગત મિટિંગની મિનિટ્સનું વાંચન કરેલ જેને સર્વ સહમતીથી બહાલી આપવામાં






આવી હતી. મહાસભાના ઘટકોના પ્રતિનિધિશ્રીઓના નામો મોકલવા સંદર્ભે મહાસભાની ડીજીટલ વસ્તીના આંકડા મુજબ માધાપર ઘટકની કુલ વસ્તી ૨૧૯૧ નોંધાયેલ હોય ૨૨ પ્રતિનિધિના નામો બહુમતીથી નક્કી કરવામાં આવ્યા હતા. ઠાકર મંદિર ચોકમાં આવેલ લાયબ્રેરીના નવનિર્માણ માટે નકશો, ભૂમિ પૂજન અને નામકરણ અંગે સામાન્ય સભામાં ચર્ચા કરી નિર્ણય લેવામાં આવ્યા.

પધારેલ સભ્યોએ પોતાના મંતવ્યો રજુ કરેલ અને નવનિર્માણ માટેનો તમામ ખર્ચ (અંદાજીત ૧૨ થી ૧૩ લાખ રૂપિયા)ના દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ જાહેરાત કરેલ હોય તેમનો સમાજ વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભવન નવનિર્માણની તમામ સત્તા ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીને સોંપવામાં આવી હતી અને ઇન્જીનિયર તરીકે બાંધકામ માટેની જવાબદારી યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડને સોંપવામાં આવી. ભવનની વાયરીંગનું તમામ કામ સમાજના યાજ્ઞિકભાઇ ચૌહાણ અને આશુતોષભાઇ ચૌહાણ વિના મૂલ્યે કરી આપવાની જાહેરાત કરતા તેમનો આભાર માનવામાં આવ્યો હતો. તા. ૦૨-૦૬-૨૦૨૩ના ભુમી પૂજન કરવાનું નક્કી કરવામાં આવેલ. પ્રમુખ સ્થાનેથી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ માધાપર ઘટક દ્વારા થયેલ કાર્યોની વાત કરી અને પિતૃઓના મોક્ષાર્થે અને સ્વકલ્યાણ માટે શ્રીમદ્ સમુહ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સફળ આયોજન કરી ફક્ત ત્રણ દિવસમાં કથાનો તમામ હિસાબ રજુ કરવામાં આવેલ. કથામાં તન, મન, ધનથી સાથ-સહકાર આપનાર સૌનો આભાર વ્યક્ત કરેલ.

સામાન્ય સભામાં ઘટકના સલાહકાર પ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, શ્રી ચમનભાઇ ચૌહાણ, શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા અને સમાજના ભાઇઓ-બહેનો હાજર રહેલ તેમનો આભાર માનવામાં આવેલ. સંચાલન શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

## અમદાવાદ ઘટક

તા. ૦૨-૦૭-૨૦૨૩, રવિવારના રોજ અમદાવાદ ઘટકનો એક હિસ્સો ગણાતું ગાંધીનગરની આસપાસના લોકો માટે કચ્છી નવા વર્ષ અષાઢીબીજને ધ્યાનમાં રાખીને એક સ્નેહમિલન સાથે સમુહ ભોજન, કચ્છી ભોજન, દેશી ઘીની લાપસી અને દેશી ચણાનું કામ સાથે બીજું ઘણું બધુંનું આયોજન કરવામાં આવેલ. ગાંધીનગરની મધ્યમાં આવેલ મહાત્મા મંદિરની સામે આવેલ ગ્લોબલ બગીચો એટલે સેન્ટ્રલ વિષ્ટામાં રાખવામાં આવેલ હતું.

જેમાં સમાજના પરિવારના લોકો ખુબજ સારી સંખ્યામાં હાજર રહી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ગાંધીનગરમાં છેલ્લા ત્રણ/ચાર વર્ષમાં ઘણા નવા પરિવાર રહેવા આવેલ છે. તો પ્રથમ બધા લોકોએ પોતપોતાનો પરિચય આપેલ હતો. અમદાવાદ ઘટકના પૂર્વ ઉપપ્રમુખશ્રી અને મહાસભાના કાર્યવાહક સભ્ય શ્રી રસિકભાઇ ચૌહાણે અમદાવાદ ઘટકમાં ચાલતી પ્રવૃત્તિઓથી માહિતગાર કરેલ હતા અને સ્કુલ-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દર વર્ષે અમદાવાદ ઘટક તરફથી નોટબુકની સહાય કરવામાં આવે છે. તો તમારા બાળકોની માર્કશીટ આપીને નોટબુક લઇ જવા જણાવેલ હતું.

ત્યાર બાદ શ્રી જયેશભાઇ ટાંકે અમદાવાદ અને ગાંધીનગરમાં ચાલતી સમાજની અન્ય પ્રવૃત્તિઓની માહિતી આપેલ હતી અને ગાંધીનગર ખાતે એક મહિલા કિટી ચાલુ કરવા જણાવેલ. જેમાં મહિલાઓનો સારો પ્રતિસાદ મળેલ હતો અને ટૂંક સમયમાં કિટી ચાલુ કરવા જણાવેલ. ત્યાર બાદ શ્રી







પ્રવિણભાઇ યાદવ અને શ્રી પ્રણવભાઇ ચૌહાણ સાથે રહી હૌઝીની ગેમ રમાડવામાં આવેલ. પછી લીંબુ ચમચીની ગેમ બાળકો, બહેનો અને ભાઇઓ એમ ત્રણ કેટેગરીમાં રમાડવામાં આવેલ અને ત્રણે કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ હતા. કોરોના પછી આ પ્રથમ નવા વર્ષ અષાઢીબીજના સ્નેહમિલનમાં ખુબજ સારી સંખ્યામાં સર્વે પરિવારો હાજર રહી ખુબજ આનંદ અને ઉત્સાહ માણ્યો હતો. બપોરનું ભોજન સાથે લઇ અને ટુંક સમયમાં ફરીથી પાછા ભેગા થવાની બાંહેધરી આપી રાષ્ટ્ર ગીત ગાઇ બધા છુટા પડ્યા હતા.

## આદિપુર ઘટક



અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા 'વૃક્ષારોપણ પર્વ-૨૦૨૩' તા. ૧ જુલાઇ-૨૦૨૩ થી ૧૫ ઓગષ્ટ-૨૦૨૩ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ.

તે અંતર્ગત આદિપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકીએ આદિપુર ઘટક વોટ્સએપ ગ્રુપમાં અપીલ કરેલ કે ઘટકના દરેક સભ્ય પોતાના ઘરે અથવા ઘરની આસપાસ, સમાજવાડીની આસપાસ અથવા પોતાના કામના સ્થળની આસપાસ વૃક્ષારોપણ જરૂરથી કરે. ઉપરોક્ત અપીલને માન આપી, આદિપુર ઘટકના સભ્યો તેમના ક્ષેત્રમાં વૃક્ષારોપણ કરી સાથે વૃક્ષોની જાળવણી અને પર્યાવરણની સુરક્ષા કરવાની શપથ લઇ તેમનું યોગદાન આપી રહ્યા છે. આ વૃક્ષારોપણ કાર્યમાં ઘટકના સભ્યો શ્રી રશ્મીકાન્ત દામજી ટાંક, શ્રીમતી રંજનબેન ડી વાઢેર, આદીપુર ઘટક ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ દેવસીભાઇ ચૌહાણ, પ્રણવકુમાર કુલદીપભાઇ પરમાર, આદીપુર ઘટક સલાહકાર સભ્ય શ્રી અમૃતલાલ ધનજી ટાંક સાથે મહિલા મંડળના વડીલ સલાહકાર શ્રીમતી ત્રિવેણીબેન અમૃતલાલ ટાંક અને ધ્રુવ જગદીશભાઇ ટાંક, આદિપુર ઘટક સલાહકાર સભ્ય શ્રી વલ્લભજીભાઇ પ્રેમજી વાઘેલા સાથે મહિલા મંડળના ખજાનચી શ્રીમતી કલ્પનાબેન વલ્લભજી વાઘેલા અને શ્રીમતી ગુંજનબેન આનંદ વાઘેલા અને શ્રી આનંદભાઇ વલ્લભજી વાઘેલા, આદીપુર ઘટક મહિલા મંડળના સહમંત્રી શ્રીમતી વર્ષાબેન ભરતભાઇ ચૌહાણ અને શ્રીમતી જીનલ નિખિલભાઇ ચૌહાણ આ ઉપરાંત શ્રી દેવાંગ હિમાંશુભાઇ રાઠોડ, યશ્વી હિમાંશુભાઇ રાઠોડ, હિતેન જય રાઠોડ, કુશ રાહુલભાઇ ગોહીલ. આ ઉપરાંત આદીપુર ઘટક ઉપપ્રમુખ શ્રી દિનેશભાઇ ભીમજી વાઢેર સાથે મહિલા મંડળના સહમંત્રી શ્રીમતી રીટાબેન દિનેશભાઇ વાઢેર તેમજ આદીપુર ઘટક સલાહકાર સભ્ય શ્રી કનૈયાલાલ જેન્તીલાલ રાઠોડ તથા શ્રીમતી ધારાબેન આશીષભાઇ ટાંક અને રીવા યોગેશભાઇ ચૌહાણ - વૃક્ષારોપણ કરી દરેકે પોતાનું યોગદાન આપેલ. આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકીએ વૃક્ષારોપણ કરનાર દરેકનો આભાર માની અભિનંદન આપ્યા હતા.

# હાજાપર ઘટક

નવીનભાઇ યાદવે મૂળ હાજાપરવાસીઓ શ્રી અમૃતલાલભાઇ યાદવ, સુનિલભાઇ ટાંક, હિમ્મતભાઇ યાદવ, કૈલાસભાઇ ટાંક, પ્રશાંતભાઇ મહેન્દ્રભાઇ યાદવના ઘરે આત્મીયતારૂપી આતિથ્ય








તા. ૨૯-૦૬-૨૦૨૩ના હાજાપર ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવના માધાપર નિવાસ સ્થાને હાજાપર સમાજ ભવનના કોન્ટ્રાકટર નક્કી કરવા માટે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું અને સર્વસંમતિથી કોન્ટ્રાકટર નક્કી કરવામાં આવેલ. હાજાપર ગામ મૂળ હાઇવેથી ૧૦ કી.મી. અંદર હોવાથી કાર્ય કરવામાં તકલીફ થાય છે. આ કારણે જ જરૂર વિલંબ થયો છે. હાજાપર સમાજ ભવન દિવ્ય સપનારૂપી તો છે જ સાથે સાથે હાજાપર ઘટકનો વિકાસ ઉપરાંત આપણા પૂર્વજો જે હાજાપર ગામમાં પુલ, ઠાકર મંદિર, તળાવો, કન્યાશાળા બનાવ્યા તે સર્વે સમય અનુસાર મરમ્મત-માવજતની અત્યંત જરૂરીયાત છે. હાજાપર ઘટકની કર્મઠ કમીટી ટીમે આ બાબતે ઉંડો અભ્યાસ કરી હાજાપર સમાજ ભવન સાથે હાજાપર વિરાસત જાળવણી ફંડ માટે સંપૂર્ણ ભારતવર્ષમાં વસતા હાજાપરવાસીઓને અપીલ કરી છે, અને તેનો સારો પ્રતિસાદ પણ મળે છે. અત્યાર સુધી રૂપીયા બે લાખ દાતાશ્રી તરફથી ફંડ જમા કરેલ છે અને ફંડમાંથી જ ઐતિહાસીક ઠાકર મંદિર મારબલ પોલીશીંગ, ઇલેક્ટ્રીક કાર્ય અત્યંત જરૂરી લોખંડની ગ્રીલ, લોખંડના દરવાજા સુરક્ષારૂપી બનાવ્યા છે, સાથે સાથે યાદવ, પરમાર (પીઠડ માતાજી)ના ગોઠી ભાઇઓ આપણા પૂર્વજો વડીલોએ બનાવેલ પ્રાચીન ઠાકર મંદિરના દર્શનનો લાભ લઇ શકે તે હેતુથી સગવડ ભર્યો રસ્તો બનાવી આપવા સમાજ ભાઇઓ સાથે અન્ય જ્ઞાતીનો પણ હાજાપર ઘટેક વિશ્વાસ જીત્યો છે.

ગત મહિને બિલાસપુર ઘટક મધ્યે અર્ધવાર્ષિક અધિવેશન સફળ થયેલ હતું. આ પ્રવાસ દરમ્યાન હાજાપર ઘટક પ્રમુખ શ્રી માણ્યું હતું અને ૨૫,૦૦૦ હાજાપર સમાજ ભવન માટે ફંડ જમા કરેલ હતું.

સમાજ કાર્ય માટે તત્પર રહેતા કુકમા નિવાસી અને કુકમા કન્યા શાળાના વરસોથી અવિરત સેવા આપનાર આદ. મોહનભાઇ ચૌહાણે તેમના ધર્મપત્ની સ્વ. મિનાક્ષીબેન મોહનભાઇ ચૌહાણ નામથી રૂપીયા ૫૫૫૫ હાજાપર વિરાસત જાળવણી ફંડમાં આપેલ છે. ગત અઠવાડીયે હાજાપર ગામનું તળાવ લીકિજ, વ્યવસ્થિત ગૌશાળા, ઐતિહાસિક પુલ વગેરેનું રીપેરીંગ અંગે સરકારી સહાય માટે ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવ રૂબરૂ અંજાર મધ્યે ધારાસભ્ય શ્રી ત્રિકમજીભાઇ છાંગા તથા કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પારૂલબેન કારાને રૂબરૂ મળી આવેદન પત્ર આપેલ હતું. હાજાપર સમાજ ભવનના દાતાશ્રી વલમજીભાઇ વાઘેલા, મંત્રી શ્રી ઇશ્વરલાલ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, હાજાપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કોકીલાબેન પરમાર, મંત્રી શ્રી પ્રતિમાબેન વરૂ અને યુવા મંડળના પ્રમુખ શ્રી દિપેશભાઇ પરમાર હાજાપર ઘટકના વિકાસ માટે અગ્રેસર રહે છે.

વિશેષમાં મુળ હાજાપર અને હાલ ઉદવાડા રહેતા સ્વ. કાંતિલાલભાઇ રણછોડ યાદવ જે હાજાપર ગામના કોઇપણ સામાજીક કે ધાર્મિક પ્રવૃત્તિમાં અગ્રેસર રહેતા હાજાપર પ્રેમીના સંસ્કારી પુત્રો શ્રી રોહીતભાઇ યાદવ અને ધર્મેન્દ્રભાઇ યાદવ તરફથી સમાજ ભવન માટે રૂા. ૩૧૦૦૦નું ફંડ આપેલ છે. રાંચી સ્થિત રહેતા શ્રી નવીનભાઇ જયંતિલાલ પરમાર તરફથી

સૌજન્ય
Cell : 94242 12886
શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ
સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઓબિટ્રેશન ટ્રીબ્યુનલ
પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ
રાયપુર (છ.ગ.)
શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઇ રાઠોડ
શ્રી યતિનકુમાર હંસરાજભાઇ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ
શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

હાજાપર સમાજ ભવન માટે રૂપીયા ૨૫,૦૦૦, રાંચી સ્થિત સુકુમારભાઇ મોહનભાઇ પરમાર અને ભુવનેશ્વર સ્થિત રહેતા ભુપેન્દ્રભાઇ મોહનભાઇ પરમાર તરફથી સંયુક્ત ૩૨,૦૦૦ આ ક્રમમાં હાલ જબલપુર રહેતા અમરનાથભાઇ કલ્યાણજીભાઇ પરમાર તરફથી રૂા. ૧૧,૦૦૦નું સમાજ ભવનના દાતાશ્રી બની દાન આપેલ છે. સર્વે દાતાશ્રીઓનો કમીટી તરફથી આભાર.

## સુરેન્દ્રનગર ઘટક




જય સમાજ પિતૃવંદના સાથે જણાવવાનું કે, ઘટકના વાનપ્રસ્થિરઓ પ્રેરિત, અર્પિત અને ઘટક સમર્પિત એવી પિતૃ ઋણ સ્મૃતિ મંદિર યોજના અંતર્ગત કચ્છી નવા વર્ષનો અષાઢી બીજોત્સવ કાર્યક્રમ તા. ૨૦-૦૬-૨૦૨૩ને મંગળવારના રોજ સવારના ૧૦ કલાકથી ઘટક સભ્ય શ્રી રોહિતભાઇ એન. પરમારના નિવાસ સ્થાને યોજવામાં આવેલ. જેમાં ઘટક પરીવારોએ ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવેલ.

ઘટક પરિવારોના આગમન-મહેમાનોનાં આગમન સાથે સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય અને મહિલા મંડળની બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના બાદ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. સૌ પ્રથમ કાર્યક્રમની રૂપરેખા, પ્રાસંગીક સંબોધન સાથે ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ વાઘેલા દ્વારા ઉપસ્થિત સર્વે ઘટક પરિવારોનું સ્વાગત કરેલ. આજના સમુહ કાર્યક્રમને અનુલક્ષી કોરોના કાળથી હાલ સુધી ઘટકના ૬ દિવંગત આત્માઓની શાંતિ અર્થે સૌએ ઉભા થઇ બે મિનિટ મૌન પાળી શોક સાથે શ્રદ્ધાંજલી આપવામાં આવેલ.

ત્યાર બાદ સિનિયર સીટીઝનોમાં પદાર્પણ કરનાર ઘટકના વડીલોને શાલ-પુષ્પગુચ્છથી સન્માન અંતર્ગત મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી બિનાબેન એસ. યાદવ તથા ઘટક પરિવારના વરીષ્ઠ અને વયોવૃદ્ધ ગં.સ્વ. કમળાબેન ડી. પરમાર તથા ગં.સ્વ. લીલાવતીબેન એન. પરમાર દ્વારા ગં.સ્વ. શીલાબેન જયંતિલાલ પરમારને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમને આગળ વધારતા સામુહીક પિતૃ-વંદના, ગીતા પાઠ, અંજલી ગીત, ભાવ ગીત ગાન સાથે સૌએ સહૃદયપૂર્વક પિતૃ દર્શન અને ફુલો વડે શ્રદ્ધાંજલી આપેલ. ઘટક ભાઇ-બહેનોના ઉદ્‌બોધનમાં શ્રી રાજેન્દ્રભાઇ જી. ચાવડા, હરીશભાઇ ડી. પરમાર, જીગરભાઇ કે. રાઠોડ તથા શ્રીમતી નિલમબેન આર. રાઠોડ, શ્રીમતી બીનાબેન એસ. યાદવ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન આપેલ. આમંત્રિત મહેમાનોમાં અમદાવાદ ઘટક યુવા મંડળ પ્રમુખ યશ્વીનભાઇ આર. ચૌહાણ દ્વારા ઘટક આયોજીત પિતૃ-ઋણ યોજના કાર્યક્રમ ખુબજ સુંદર અભિગમ સાથેનો કાર્યક્રમ છે તથા વર્ષમાં એક વખત પ્રવાસનું આયોજન અવશ્ય કરવા ભાર મુકેલ યુવા મંડળ દ્વારા આર્થિક ભંડોળ માટે



શિયાળામાં અડદીયા પાકનાં ઓર્ડર મેળવી શકાય. જેનાં ભાગરૂપે યુવા મંડળ પ્રમુખ જીગરભાઇ કે. રાઠોડ દ્વારા સહયોગ સાથે જણાવેલ કે સૌરાષ્ટ્ર પ્રવાસમાં અમદાવાદ-સુરેન્દ્રનગર ઘટકનો સંયુક્ત પ્રવાસ યોજાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.

આમંત્રીત મહેમાનોમાં સુરેન્દ્રનગર નિવાસી દિનેશભાઇ ડી. પરમારે (હાલ-વડોદરા) પ્રાસંગીક ઉદ્‌બોધનમાં જણાવેલ કે પિતૃ ઋણ સ્મૃતિ મંદિર યોજનામાં ઘટક પરિવારોમાંથી નામી પિતૃઓનો સહયોગ તો મળે જ છે. પણ સમાજ પરિવારોમાંથી કાળક્રમે નિર્વાણ પામેલ અનામી સર્વે પિતૃઓને પણ શ્રદ્ધાંજલી અર્પણ થાય તેવા શુભ આશયથી પિતૃ ઋણ સ્મૃતિ મંદિર યોજનામાં નક્કી રકમ મુજબ રૂા. ૨૫૦૦/- અર્પણ કરેલ. અંતમાં આજના કાર્યક્રમનાં આયોજન-સંચાલન તથા પ્રાસંગીક ઉદ્‌બોધનોને સૌએ તાડીઓના ગડગડાટથી વધાવેલ. આભારવિધીમાં આજના કાર્યક્રમનાં સ્થળ બદલ શ્રી રોહિતભાઇ એન. પરમાર પરિવારનો પણ ખુબ ખુબ આભાર વ્યક્ત કરી અંતમાં સૌએ ઉભા થઇ રાષ્ટ્રગીત ગાઇ કાર્યક્રમ સમાપ્તિની જાહેરાત કરી અને મહાપ્રસાદ ભોજન કાર્યક્રમ પૂર્ણ થતાં સૌ હોંશભેર વિદાય થયેલ.

## વડોદરા ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના ગુજરાત પ્રાદેશિક અંતર્ગત આવતું ખુબજ સક્રિય અને ગતિશીલ ઘટક વડોદરા દ્વારા ખુબજ સમાજ ઉપયોગી કાર્યક્રમો આપી એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂં પાડેલ છે. જે અંતર્ગત હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા સમાજની દિકરીઓ અને મહિલાઓને સજાગ રહી, હિંમત દાખવી દરેક પરિસ્થિતિનો સામનો કરવાના ભાગ રૂપે 'સ્વરક્ષણ' (સેલ્ફ ડીફેન્સ)ની નિઃશુલ્ક તાલિમ શિબિરનું આયોજન તા. ૨૭-૦૫-૨૦૨૩થી સમાજ ભવન મધ્યે યુવા મંડળના સહયોગથી કરવામાં આવી છે. જે દર શનિવારે સવારે ૬ થી ૮ દરમ્યાન સમાજ ભવન મધ્યે ટ્રેનર મહેન્દ્રભાઇ મકવાણાના માર્ગદર્શનમાં લગભગ સમાજની ૩૫ જેટલી દિકરીઓ લાભ લે છે તેવી જ રીતે પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઇ આપણા સમાજની દિકરીઓને તથા મહિલાઓને જાગૃત તથા માહિતગાર કરવા માટે યુવા મંડળને સાથે રાખી 'ધ કેરાલા સ્ટોરી' મુવી નિઃશુલ્ક નિહાળવાનું આયોજન તા. ૨૫-૦૮-૨૦૨૩ કરવામાં આવ્યું હતું. વડોદરાની પ્રખ્યાત સિનેમા મધ્યે એક ખાસ શોનું આયોજન કરી સમાજની લગભગ ૭૦ જેટલી દિકરીઓ અને મહિલાઓએ ફિલ્મ નિહાળી હતી. તેવી જ રીતે વડોદરા ઘટકના વિદ્યાર્થીઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફુલસ્કેપ ચોપડાનું નિઃશુલ્ક વિતરણનો કાર્યક્રમ તા. ૨૪-૦૫-૨૦૨૩ થી તા. ૧૦-૦૬-૨૦૨૩ દરમિયાન કરવામાં આવ્યો હતો. દાન-દાતાઓના સાથ-સહકારથી લગભગ ૭૫ જેટલા વિદ્યાર્થીઓને ૧૪૮૦ જેટલા જમ્બો ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આપણી રાષ્ટ્રીય મહાસભાના નિર્દેશ અનુસાર ઘટક પ્રતિનિધિની સત્ર ૨૦૨૩-૨૬ માટેની નિમણુંક કરવા માટે તા. ૨૮/૫/૨૩ના રોજ ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આગામી સત્ર માટેના ૧૮ પ્રતિનિધિઓની યાદી તૈયાર કરી મહાસભા કાર્યાલયને મોકલી આપવામાં આવી હતી તેમજ તા. ૪-૫-૨૦૨૩ના રોજ ગુજરાત પ્રાદેશિક સમિતિની મીટીંગનું આયોજન શ્રી જગદીશભાઇ વરૂની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ યોગ-ડેની ઉજવણી ઘટક મધ્યેતા. ૨૫-૦૬-૨૦૨૩ના રોજ યોગગુરૂ પ્રગતીબેન દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ કરાવીને કરવામાં આવી હતી. ખુબજ મોટી સંખ્યામાં સમાજબંધુઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિઓને ઘટકના સલાહકાર પ્રમુખ જગદીશભભાઇ વરૂ દ્વારા મોમેન્ટો, યોગામેટ તેમજ ટી-શર્ટ આપવામાં આવ્યું હતું.

વડોદરા ઘટકનું પરંપરાગત કચ્છી નવું વર્ષની ઉજવણી એટલે અષાઢી બીજની ઉજવણીનો કાર્યક્રમ ઘટક મધ્યે પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં ખુબજ આનંદ અને ઉત્સાહ સાથે

ઉજવવામાં આવ્યો હતો. યુવા મંડળ દ્વારા સુંદર ક્વીઝ કોમ્પીટીશન તેમજ મહિલા મંડળ દ્વારા એક નવતર પ્રયોગ તરીકે નેશલે કંપની દ્વારા પ્રાયોજીત હાઉઝી ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે સમાજબંધુઓએ એકબીજાને નવા વર્ષના રામ રામ કરી પરંપરાગત 'લાપસી'ના જમણ સાથે પાણીપુરી અને ચાઇનીઝ ભેલની મજા માણી હતી. લગભગ ૪૫૦થી વધુ સંખ્યામાં ઘટકના સભ્યો પરિવાર સાથે ભેગા થયા હતા અને હસી-ખુશી કરી કાર્યક્રમમાં હોંશભેર ભાગ લીધો હતો.

## ભુજ ઘટક




આપણા સમાજના શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મ્યુઝિક ગ્રુપ દ્વારા ભુજ ઘટકના સહયોગથી સ્વ. પ્રતિમાબેન ચંદુલાલભાઇ યાદવની સ્મૃતિમાં ''પ્રતિમાંજલિ'' સંગીત સમારોહનું આયોજન તા. ૪-૫-૨૦૨૩ના કરવામાં આવેલ હતું. કાર્યક્રમના દાતાશ્રી ચંદુલાલભાઇ યાદવ સાથે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મ્યુઝિક ગ્રુપના એડમીનો શ્રી વિજયભાઇ સોલંકી, શ્રી વિનોદભાઇ ચૌહા, શ્રી વિનોદભાઇ પઢિઆર, ભુજ ઘટકના પ્રમુખ શ્રી ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા કેળવણી મંડળના મંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું. આ કાર્યક્રમમાં મ્યુઝિક ગ્રુપના કચછના સભ્યોએ ભાગ લઇ મોડી રાત્રી સુધી કારાઓકે સિસ્ટમ દ્વારા સંગીતના સુરો રેલાવ્યા હતા.

કાર્યક્રમનું યુ-ટ્યુબ ઉપરથી જીવંત પ્રસારણ કરવામાં આવેલ જેને હજારો સમાજબાંધવોએ નિહાળી ગીતોનો આનંદ લીધો હતો. દાતાશ્રી ચંદુલાલભાઇ યાદવનું મ્યુઝિક ગ્રુપ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. સ્વ. પ્રતિમાબેનની સ્મૃતિમાં ગ્રુપની ગીત સ્પર્ધામાં વિજેતા બનેલ ગાયકો શ્રીમતી નમિતાબેન પરમાર - ધનબાદ (પ્રથમ), શ્રી દેવેનભાઇ વેગડ - ભુજ (દ્વિતીય), શ્રીમતી ભાવનાબેન ચૌહાણ - મુંબઇ (તૃતિય) તથા આશ્વાસન વિજેતાઓ શ્રી અજીતભાઇ જેઠવા, ભૌમિક પરમાર, ડૉ. યુવરાજ પરમાર, ઝરણા રાઠોડ તથા એડમીન ચોઇસનું વિશેષ સન્માન પ્રાપ્ત કરનાર શ્રીમતી ચિત્રાબેન પ્રફુલભાઇ ગોહિલ - રાજકોટને દાતાશ્રી દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ હતા. શ્રી દિપકભાઇ ચૌહાણ તથા શ્રી ધીરેનભાઇ ટાંકએ વ્યવસ્થા સંભાળી હતી.

## જયપુર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જયપુર (રાજસ્થાન)ના ઈતિહાસમાં સમાજ પ્રાંગણે સમુહ ભાગવત કથા સમાજ કારોબારીના સાહસિક નિર્ણય થી આગામી અધિક માસની ૯/૮/૨૩ થી ૧૫/૦૮/૨૩માં કરવાનો નિર્ણય લિધેલ છે.

આ ધાર્મિક આયોજનના નિર્ણયમાં જયપુર ઘટક સભ્યો સાથે જયપુર ઘટક બાહર વસતા સભ્યોએ પણ આવકાર આપેલ છે. પ્રારંભમાં સમુહ ભાગવતમાં કારોબારી ૧૧ થી ૧૫ પોથીની ગણના કરીને ચાલતી હતી પણ કાર્યકર્તાઓના ઉત્સાહે પોથીની સંખ્યા જયપુર ઘટક થી ૩૦થી વધુ થઈ ગયેલ છે અને કથા આરંભ સમયે તક હજુ આવવાની આશા છે. કથાનું આમંત્રણ આપવા સમાજ પ્રમુખ શ્રી મનોજ બેચરભાઈ ટાંક અને મંત્રી શ્રી ભાવિન દિનેશભાઈ ટાંક કચ્છ પ્રવાસ કરેલ હતો. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીએ શાલ ઓઢાડી અને પ્રતિક ચિન્હ આપી જયપુર સમાજને માન આપેલ અને કથામાં મહાપ્રસાદીના મુખ્ય દાતાશ્રી બનેલ છે તેમને સાધુવાદ.

આ સિવાય પૂર્વ મહાસભા પ્રમુખ શ્રી કુંવરજીભાઈ ટાંક, ડીજલ કિંગ શ્રી મનોજભાઈ વેગડ સાથે શ્રી પ્રફુલભાઈ કરમસીભાઈ ટાંક અને બીજા પણ દાન દાતાઓ આગળ આવ્યા અને અમોને ઉત્સાહિત કરેલ. અમો આપ સર્વના તહેદિલ થી આભારી છીએ. કથામાં મહાસભાના ૧૦ થી ૧૫ પદાધિકારીગણ સિવાય અન્ય ઘટકોના પદાધિકારીઓ એ

આવવાની ઈચ્છા ધરાવેલ છે, આપ સર્વોનું સ્વાગત કરવા જયપુર ઘટક આતુર છે. શ્રી ભાગવત કથા હિન્દીમાં આચાર્ય શ્રી રાજેશ્વર મહારાજ વાચન કરશે. દૈનિક પોથી પૂજન અને હવનનું કાર્ય મહારાજ શ્રી સત્યનારાયણ શર્મા (જયપુર) સાચવશે. દેશથી મહારાજ બલરામ અમરતલાલ મહેતા (બક્ષુ મહારાજ) પણ આ કથામાં તેમના આશીર્વાદ આપવા પધારશે. શ્રી ભાગવત કથામાં રાજસ્થાનના મહામહિમ રાજ્યપાલ શ્રી, મુખ્યમંત્રીશ્રી, કેબીનેટ મિનિસ્ટરો, લોકસભા અને રાજ્યસભા સાંસદ અને મુખ્ય બ્યુરોકેટસને આમંત્રણ આવવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં આવવાની ઉમ્મીદ છે. તે સિવાય જયપુર અને જયપુરના આસપાસના વિખ્યાત મંદિરોના મહામંડલેશ્વર અને મહંતો એ આવવાની પરવાનગી આપેલ છે. સેતુ સમાજ સંદેશના પાછલા બે માહના સંસ્કરણના માધ્યમથી સમાજના સર્વને હાર્દિક નિમંત્રણ આપવામાં આવેલ છે.

## વર્ધા ઘટક






પૂજ્ય મહાત્મા ગાંધી તથા વિનોબાજીના સ્પર્શથી પાવન થયેલા ભૂમિ પર વર્ધા ઘટક દ્વારા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસના કાર્યવાહક સભ્યો પદાધિકારી તથા આમંત્રિત સદસ્યોની સભા લેવામાં આવી. સભાનું આયોજન સંપૂર્ણ રીતે વર્ધા ઘટક દ્વારા કરવામાં આવેલ હતું. આ સભા માટે મહાસભાના અધ્યક્ષ આદરણીય શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા વિશેષ રૂપે હાજર હતા,એમનું જાહેર સત્કાર  ઘટકના અધ્યક્ષ શ્રી હરીશભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું. તેમજ બધા આમંત્રિત સદસ્યો તથા સભ્યોનું સ્વાગત  ઘટકના વિવિધ પદાધિકારીઓ દ્વારા કરવામાં આવ્યુ. આ સભા માટે વિદર્ભ પ્રાદેશિક ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી અમૃતલાલભાઈ કેશવજીભાઈ ટાંક વિદર્ભ પ્રાદેશિક સમિતિના અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર   તે સિવાય ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓ પણ હાજર હતા. આ સભા માટે વર્ધા ઘટકના મંત્રી પ્રેમ ભાઈ જેઠવા, મંત્રી શ્રી રાજુભાઈ ટાંક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મીનાબેન જેઠવા તથા ઘટકના વરિષ્ઠ સભ્યો શ્રી મનોહરભાઈ પરમાર પુરુષોત્તમભાઈ ચાવડા જગદીશભાઈ ચૌહાણ દામુભાઈ ચાવડા, નરેન્દ્ર ભાઈ જેઠવા, નરેન્દ્ર ભાઈ ટાંક તેમજ ઘટક ની ત્રણેય પાંખોના પદાધિકારીયો એ સહભાગ આપ્યો હતો.







# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જયપુર પરિવાર નું સાદર આમંત્રણ

શ્રી ગણેશાય નમઃ    જય શ્રી કૃષ્ણ    જય શ્રી રામ

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, જયપુર માં આયોજિત



# શ્રીમદ્ સમૂહ ભાગવત કથા

(હિન્દી માં)



**आचार्य श्री राजेश्वर जी**

શ્રાવણ અધિક માસ ( પુરુષોત્તમ માસ)
તિથિ કૃષ્ણપક્ષ 09 થી 14 વિક્રમ સંવત 2080
(તારીખ : 09 ઓગસ્ટ થી 15 ઓગસ્ટ 2023)



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જયપુર મા આવતા શ્રાવણ અધિક માસ મા **શ્રીમદ સમૂહ ભાગવત** નું કાર્યક્રમ આયોજિત કરેલ છે,

**પોથી શુલ્ક : રુ: 21,000.00**

સમય :
પોથી યજમાન દૈનિક પૂજા : સવારે 8.00 વાગે
કથા શુરુ : સવારે 9.00 વાગે થી 1.30 સુધી

પોથી યજમાનશ્રી ને સ્વતંત્ર બ્રાહ્મણ
દ્વારા દૈનિક પોથી પૂજન ની જિમ્મેદારી
શ્રી સત્યનારાયણ શર્મા મહારાજજી સાચવશે

### નિત્ય દૈનિક પ્રસંગ

09 ઓગસ્ટ 2023 - કલશ યાત્રા, ભાગવત માહાત્મ્ય, ગોકર્ણ આખ્યાન
10 ઓગસ્ટ 2023 - પરીક્ષિત જન્મ, શુકદેવ આગમન, સૃષ્ટિનું વર્ણન, કપિલોપાખ્યાન
11 ઓગસ્ટ 2023 - ધ્રુવ ચરિત્ર, ભરત ચરિત્ર, અજામિલ ઉપાખ્યાન, નરસિંહ અવતાર
12 ઓગસ્ટ 2023 - ગજેન્દ્ર મોક્ષ, વામન અવતાર, રામાવતાર, શ્રીકૃષ્ણ જન્મ (નંદોત્સવ)
13 ઓગસ્ટ 2023 - શ્રી કૃષ્ણ બાળલીલા, માખણ લીલા, ગૌચારણ, ગોવર્ધન પૂજન
14 ઓગસ્ટ 2023 - રાસલીલા, કંસ વધ, ઉદ્ધવ પ્રસંગ, શ્રી કૃષ્ણ રુક્મિણી વિવાહ
15 ઓગસ્ટ 2023 - રાષ્ટ્રીય ધ્વાજારોહણ ,દ્વારિકા લીલા, સુદામા ચરિત્ર, નવ યોગેશ્વર સંવાદ,
કથા વિશ્રામ, નારાયણ યજ્ઞ, પૂર્ણાહુતિ, મહાપ્રસાદ

આઝાદી का अमृत महोत्सव

## હજી સુધી 30 પોથી ની વ્યવસ્થા થયી છે

**આપ સર્વેશ્રીઓ ને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જયપુર માં આયોજિત શ્રીમદ સમૂહ ભાગવત કથા માં સાદર આમંત્રણ છે.**

**શ્રીમદ સમૂહ સામૂહિક ભાગવત સપ્તાહ ના આયોજનમાં સમાજના દાનવીરો આગળ આવી ને ધાર્મિક આયોજન મા તન-મન-ધન થી સહયોગ આપી પુણ્ય નું લાભ લે!**

કથા આયોજન નો સંપૂર્ણ હિસાબ એક માસ માં જાહેર માં મુકવા માં આવશે તથા
કથા માંથી થયેલ વધારા ની આવક ગાયો ના ચારા માટે દાન કરવા માં આવશે.

**સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંગે ની વધુ માહિતી ના સંપર્ક સૂત્રો :**
**પોથી નોંધાવવા માટે** : શ્રી ભાવિન દિનેશ ભાઈ ટાંક - મોં - 8209920730
**ડોનેશન અને સહયોગ નોંધાવવા માટે** : શ્રી મુકેશ રસિક ભાઈ ચૌહાણ - મોં - 9414074067
શ્રી મનોજ બેચર ભાઈ ટાંક +91-9928088354, શ્રી મતી શીતળ બેન સુરેશ ભાઈ ટાંક +91-9460765078
શ્રી તરૂણ ઈશ્વરલાલ ભાઈ ટાંક +91-9829254111, શ્રી મહેશ કાંતિ ભાઈ ચૌહાણ +91-9828407260

**ઓનલાઈન ડોનેશન જમા કરાવવા માટે :**
**ACCOUNT NAME** : SHREE KUTCH GURJAR KSHATRIYA SAMAJ SAMITI
**ACCOUNT NUMBER** :202100100011674
**IFSC CODE** : BMCB0000046
**BANK NAME** :BOMBAY MERCANTILE COOPERATIVE BANK LIMITED.

કથા સ્થાન : **શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ,**
ઈ -186, રામ પથ, શ્યામ નગર, જયપુર

**સમાજ ના સમસ્ત પ્રેક્ષકો અને યજમાનો ના પરિવાર માટે મહાપ્રસાદ (ભોજન) ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

**નિવેદક**: **જયપુર સમાજ કારોબારી સભ્ય** : **શ્રી મનોજ બેચરભાઈ ટાંક** પ્રમુખશ્રી,શ્રી અશોક પુરષોત્તમભાઈ ચાવડા ઉપપ્રમુખ, શ્રી ભાવિન દિનેશભાઈ ટાંક મંત્રી, શ્રી અર્ચિત સુરેશભાઈ ટાંક કોષાધ્યક્ષ , શ્રી પુનિત કાંતિભાઈ સોલંકી સહમંત્રી , **સભ્ય** : શ્રી તનુપ પુરષોત્તમભાઈ ટાંક, શ્રી રોહિત વિશનજીભાઈ રાઠોડ, શ્રી ક્ષિતીઝ રણછોડભાઈ ટાંક, શ્રી અંકિત અશોકભાઈ ચૌહાણ , શ્રી ધર્મેશ ચંદ્રકાન્તભાઈ ટાંક, શ્રી દેવાંશ દિપકભાઈ ટાંક ,શ્રી મતી હેતળબેન અમિતભાઈ ચાવડા, શ્રી મતી સુનિતાબેન ધર્મેન્દ્રભાઈ રાઠોડ, શ્રી મતી નેહાબેન ખુશાલભાઈ ટાંક અને શ્રી મતી વનિતાબેન મુકેશભાઈ ચૌહાણ

વિશેષ અનુરોધ: **ડા. કાન્તિભાઈ પુરષોત્તમભાઈ ચાવડા (રાજસ્થાન પ્રાદેશિક પ્રમુખ)**, શ્રી સુરેશ હરિભાઈ રાઠોડ, શ્રી બેચરભાઈ અરજણભાઈ ટાંક,શ્રી અમૃતલાલ ચોંડાભાઈ ટાંક

|| શ્રી પીઠડ માતાય નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || જય માતાજી ||



# જય શ્રી પીઠડ માં (પરમાર)નાં કુળદેવી - હાજાપર

## || શ્રી નિમંત્રણ ||

જય માતાજી સાથે જણાવવાનું કે, **પરમાર નુખના ભાઇ-બહેનો જોગ, હાજાપર** જેમના કુળદેવી છે તેમને નિવેદન સાથે વિક્રમ સંવત ૨૦૭૯ **આસો સુદ-૮, ને તા. ૨૨-૧૦-૨૦૨૩, રવિવાર**ના માતાજીના હવનના દર્શન લાભ લેવા સર્વે ગોઠી ભાઇ-બહેનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

**:: હવનની વિધીના મુખ્ય દાતાશ્રીઓ ::**

**શ્રી અરજણભાઇ ભાણજીભાઇ પરમાર - પરલીવૈજનાથ (મહારાષ્ટ્ર)**

**:: આસો નવરાત્રીના પાવન પ્રસંગો ::**

**સંવત ૨૦૭૯ આસો સુદ-૮ ને, તા. ૨૨-૧૦-૨૦૨૩, રવિવારના શુભ દિને**

**હવન સમય :** સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હવનમાં ભાગ લેનાર ગોઠી ભાઇઓએ એક મહિના અગાઉથી જાણ કરવાની રહેશે.

**હવનની વિધી : પ.પૂ. અશ્વીન ભુજંગીલાલ જોષી, ગામ : કોટડા (ચકાર)ના હસ્તે રાખવામાં આવેલ છે.**

લિ. સમિતિના સભ્યો (મુકામ : હાજાપર, તા. ભુજ-કચ્છ)

**:: પત્ર વ્યવહારનું સરનામું ::**

**શ્રી રાજેશ રસીકલાલ પરમાર - મો. ૯૭૨૪૫૮૩૭૫૭ C/o. સ્વ. શ્રી રસીકલાલ હરજીભાઇ પરમાર (ભુવા)**

**શ્રી હાજાપર નવા ગામ હરૂડી, વાયા કુકમા, તા. ભુજ (કચ્છ) ૩૭૦૧૦૫ (ગુજરાત)**

**:: શ્રી પીઠડ માતાજી પરમાર કુળદેવી મંડળના પ્રતિનિધિશ્રીઓ ::**

(૧) શ્રી સંજય નારાણભાઇ પરમાર - નાગલપર
(૨) શ્રી પ્રદિપભાઇ પ્રાગજીભાઇ પરમાર - નાગલપર
(૩) શ્રી રમેશભાઇ રતીલાલ પરમાર - લોહારીયા
(૪) શ્રી હરીશભાઇ મોહનલાલ પરમાર - લોહારીયા
(૫) શ્રી કિશોરભાઇ દેવરામભાઇ પરમાર - લોહારીયા
(૬) શ્રી ધીરજલાલ અરજણભાઇ પરમાર - લોહારીયા
(૭) શ્રી નારાયણભાઇ કરમશીભાઇ પરમાર - લોહારીયા
(૮) શ્રી અતુલભાઇ કાનજીભાઇ પરમાર - અંજાર
(૯) શ્રી સંજયભાઇ લીલાધરભાઇ પરમાર - અંજાર
(૧૦) શ્રી મહેશભાઇ ગોકળદાસ પરમાર - ભુજ
(૧૧) બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર
(૧૨) શ્રી રમેશભાઇ કાન્તીલાલ પરમાર - ખંભરા

**:: રાજ્યના પ્રતિનિધિશ્રીઓ ::**

(૧) શ્રી મનિષભાઇ ધારશીભાઇ પરમાર - ઔરંગાબાદ, બૈજનાથ (મહા.)
(૨) શ્રી ત્રિકમભાઇ ભાણજીભાઇ પરમાર - પરલી,બૈજનાથ (મહા.)
(૩) શ્રી અરજણભાઇ ભાણજીભાઇ પરમાર - પરલી,બૈજનાથ (મહા.)
(૪) શ્રી લીલાધરભાઇ કરમશીભાઇ પરમાર - પરલી,બૈજનાથ (મહા.)

**સુચના :- તમારા ઘરના સરનામામાં કંઈ પણ ફેરફાર હોય તો જાણ કરવા વિનંતી.**

## :: શ્રી સુરાપુરા ડાડાનો વાર્ષિકોત્સવ ::

**ધાણેટી, તા. ભુજ મુકામે આપણા ડાડા (સુરાપુરા)નો વાર્ષિક ઉત્સવ મહા સુદ-૨ના ઉજવવામાં આવશે. આ ઉત્સવમાં દર્શન કરવા અને મહાપ્રસાદનો લાભ લેવા પધારવા નિમંત્રણ છે.**

**:: દાન આપવા માટે સંપર્ક કરો ::**

શ્રી રોહિતભાઇ પ્રદિપભાઇ પરમાર - મો. ૯૮૭૯૨૦૬૨૭૭
શ્રી સંજયભાઇ નારણભાઇ પરમાર - મો. ૮૧૪૧૩૧૨૪૯૦
શ્રી ધીરજલાલ અરજણભાઇ પરમાર - મો. ૯૭૨૩૫૨૦૩૨૦, ૯૧૦૬૩૨૦૫૦૬
**બેંક : બરોડા ગુજરાત ગ્રામીણ બેંક - નાગલપર, તા. અંજાર**
A/c. Name : Dhirajlal Arjan Parmar
A/c. No. 76350100000429, IFSC Code : BARB0BGGBXX

**:: સૌજન્ય ::**



**બ્રહ્માકુમાર શ્રી બાબુલાલભાઇ અરજણભાઇ પરમાર**
(ઉપપ્રમુખશ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)
ખંભરા - માધાપર
મો. ૯૮૨૫૨૯૭૩૪૧

**ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી**
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ)

# ईश्वरीय योजना द्वारा मुल्यनिष्ठ समाज की पुनः स्थापना

**વિષય પર જ્ઞાન સરોવર – માઉન્ટ આબુ મધ્યે યોજાયેલ રાષ્ટ્રિય સેમીનારમાં (તા. ૮ થી ૧૧ જુલાઈ)**
**આધ્યાત્મ વ્યક્તિત્વ તથા મહાસભાના ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઈ પરમાર તથા બ્ર.કુ. રીનાબેન – ભુજના માર્ગદર્શન હેઠળ**
**અ.ભા.મહિલા મહામંડળના શ્રીમતી અમિતાબેન સોલંકી તથા મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ (પ્રમુખ–જાયન્ટ્સ ગ્રુપ)ને**
**ગેસ્ટ ઓફ ઓનર તથા સ્પીકર તરીકે મળેલ અમુલ્ય અવસરની તસવીર ઝલક...**



















:: સૌજન્ય ::



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર** (ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

॥ શ્રી બ્રહ્માણી માતાય નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી બ્રહ્માણી માતાય નમઃ ॥



# શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ અંજાર નિવાસી જેઠવા કુટુંબના કુળદેવી સ્થાનકે આસો નવરાત્રી મહોત્સવ

## સ્નેહભર્યું આમંત્રણ

જય શ્રી બ્રહ્માણી માતાજી સહ નિવેદન કે, આગામી આસો નવરાત્રી મહોત્સવ સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિભાવથી ઉજવવામાં આવશે. આપણા કુળદેવીને નવરાત્રી દરમ્યાન પૂજા–અર્ચના–આરતી, હોમ–હવન દ્વારા પ્રસન્ન કરીએ. માતાજીના આશીર્વાદ સર્વે ગોઠી ભાઇઓ પર સદૈવ વરસતા રહે તે માટે આવો સૌ ગોઠી પરિવારજનો પૂજ્ય માતાજીના નવરાત્રી મહોત્સવને આનંદ, ઉમંગ–ઉત્સાહથી ઉજવીએ... તમામ ધાર્મિક કાર્યક્રમોમાં સર્વે ગોઠી ભાઇઓને સહ પરિવાર લાભ લેવા આત્મીય આમંત્રણ છે.

## :: મંગલમય પ્રસંગોની હારમાળા ::

**દરરોજ સાંજે ૭.૦૦ થી ૮.૦૦ માતાજીના ગરબા (માતાજીના સ્થાનકે)**

### :: આસો સુદ-૭, શનિવાર, તા. ૨૧-૧૦-૨૦૨૩ ::

**સરસ્વતી સન્માન : સાંજે ૬.૦૦ કલાકે** (ધોરણ-૧ થી અનુસ્નાતક કક્ષા સુધીના વિદ્યાર્થીઓ માટે)

**૫ થી ૧૨ વર્ષના બાળકો માટે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓ : સાંજે ૬.૩૦ કલાકે**

**સંગીતમય રાસગરબા : સાંજે ૭.૦૦ કલાકે** **સંગીતમય મહાઆરતી : રાત્રે ૮.૦૦ કલાકે**

**ફરાળી પ્રસાદ : રાત્રે ૮.૩૦ કલાકે**

### :: આસો સુદ-૮, રવિવાર, તા. ૨૨-૧૦-૨૦૨૩ ::

**સમુહ હોમ-હવન, નૈવેદ : સવારે ૮.૦૦ કલાકે** **શ્રીફળ હોમ : બપોરે ૧૨.૩૦ કલાકે**

(નોંધ : હવનમાં બેસવા માટે નામની નોંધ તા. ૧૨-૧૦-૨૦૨૩ સુધી નોંધાવવા વિનંતી.)

**સમુહ મહાપ્રસાદ : બપોરે ૧.૦૦ કલાકે**

(મહાપ્રસાદ સ્થળ : શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ ભવન, અંજાર)

### :: નિમંત્રક ::

શાંતિલાલ ગોપાલજીભાઈ જેઠવા - ૯૮૨૫૧૩૨૮૨૫
પરસોત્તમ રામજીભાઈ જેઠવા - ૯૪૨૬૨૧૭૮૫૧
શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા - ૯૮૯૮૨૯૬૯૦૦
બલરામ ત્રિકમજીભાઈ જેઠવા - ૯૮૯૮૩૭૦૩૫૯

EVERESTT
We build dreams

Kishor P. Varu
+91 76989 500 66

SCS
SHAYONA
CARE SERVICES
Always there for you

# JOURNEY OF DIGNITY

| EVERESTT DIGNITY | EVERESTT DIGNITY-II | EVERESTT DIGNITY-III | EVERESTT DIGNITY |
|---|---|---|---|
| COMPLETED Year : 2015 | POSSESSION STARTED Year : 2020 | LAUNCHING SOON Year : 2023 | LAUNCHING SOON Year : 2023 |

Bhayli, Vadodara

Karamsad, Anand

## ચાલો વડોદરા . . .

જીંદગીની મજા માણો . . .

## ડીગ્નિટી આઓ . . ,

બધી ચિંતા ભૂલી જાઓ . . .

1, 2, 2.5 & 3 BHK SENIOR CITIZENS RETIREMENT HOME





In association with SCS to provide best 24x7 Care Assistance

Assisted living residency for senior citizens

Stretcher Lift | Security | Resident Manager | Housekeeping | Wheel Chair Friendly Campus/Appt | Game Room | Canteen | Library | Temple | Multi Purpose Hall | Medical Facility | Gym Room

www.everestconstruction.co.in

સિનિયર સિટીઝન અને NRI માટે રિટાયરમેન્ટ હોમ્સ છે, વૃદ્ધાશ્રમ નહિ

# સમાજ ગૌરવ - હાર્દિક અભિનંદન



## Khyati Rathor

**Birth Date : 15.03.1999**

*All The Best For Your Future Endeavours !*

**શ્રી ભાવેશભાઈ રાઠોર** અને **શ્રીમતી પ્રીતિબેન** ની દીકરી **ખ્યાતી રાઠોડ (રાંચી)**

**CEED** પરીક્ષામાં **All India Rank 1st** સાથે ઉત્તિર્ણ થઈ

પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

હવે તે પોસ્ટ ગ્રેજ્યુએશન કરવા માટે **IIT Bombay (IDC)** કોલેજમાં પ્રવેશ મેળવશે.

### Well Wishers

| | | | |
|---|---|---|---|
| Dada | : Valamji Rathor | Nana | : Lt. Himmat Rathod |
| Dadi | : Lt. Nirmala Valamji Rathor | Nani | : Lt. Jaya Rathod |
| Papa | : Bhavesh Rathor | Mama (Raipur) | : Manish Rathod |
| Mummy | : Priti Rathor | Mami (Raipur) | : Tarla Rathod |
| Elder Siser | : Shruti Rathor (Fashion Designer) | Masa (Baroda) | : Pushpendra Chauhan |
| Brother | : Mohak Rathor (Schooling) | Maasi (Baroda) | : Vijaya Chauhan |
| Fua (Trichy) | : Jayaprakash Rathor | Masa (Nasik) | : Ramesh Chauhan |
| Fai (Trichy) | : Bhavna Rathor | Maasi (Nasik) | : Swati Chauhan |

# હાર્દિક અભિનંદન

# MAHIMA

**સુપુત્રી : સૌ. વર્ષાબેન તથા શ્રી દિપકભાઈ હિમતરામભાઈ વરૂ - અંજાર (કચ્છ)**

કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા વડીલોના આશીર્વાદથી કુ. મહિમા દિપકભાઈ વરૂએ **B.Ed.** ની ફાઈનલ પરીક્ષામાં **91.24%** સાથે ટોપ **10**માં પ્રથમ શ્રેણીથી ઉત્તિર્ણ થઈ જ્વલંત સફળતા મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

**:: દિવ્ય આશિષ ::**

**સ્વ. હિમતરામભાઈ ભવાનજી વરૂ** (દાદા) **સ્વ. સુશીલાબેન હિમતરામભાઈ વરૂ** (દાદી) **સ્વ. યોગેશભાઈ હિમતરામભાઈ વરૂ** (કાકા)
**સ્વ. વલ્લભજીભાઈ એચ. રાઠોડ** (નાના) **સ્વ. વિદ્યાગૌરીબેન વલ્લભજીભાઈ રાઠોડ** (નાની)

**:: શુભેચ્છક ::**

**સૌ. વર્ષાબેન તથા શ્રી દિપકભાઈ હિમરામભાઈ વરૂ** (મમ્મી-પપ્પા)
**સૌ. પૂર્ણિમાબેન તથા શ્રી મુકુન્દભાઈ એ. વરૂ** (મોટા મમ્મી-મોટા પપ્પા)
**સૌ. રાધિકાબેન તથા શ્રી તરૂણભાઈ વી. વરૂ** (કાકી-કાકા)
**સૌ. પંકિતા તથા શ્રી પ્રતિક દિપકભાઈ વરૂ** (ભાભી-ભાઈ)
**સૌ. મીનાબેન તથા શ્રી ચંદ્રકાન્તભાઈ રાઠોડ** (મામી-મામા)
**ગં.સ્વ. વંદનાબેન ગંગાધરભાઈ વરૂ** (માસી-માસા) **સૌ. ભાવનાબેન જયંતિલાલ ટાંક** (માસી-માસા)
**સૌ. કાજલ તથા શ્રી મિથુન મુકુન્દભાઈ વરૂ** (ભાભી-ભાઈ)
**મિતાલીબેન, ધ્વનીબેન, ડૉ. દિપ રાઠોડ, મયંક, ભૂમી, પહર**

**(કચરાણી પરિવાર - અંજાર)**



## Personal Information

| | | |
|---|---|---|
| **Name** | : | Mahima Deepakbhai Varu |
| **D.O.B.** | : | 07-10-1999 |
| **T.O.B.** | : | 11.55 am |
| **Birth Place** | : | Anjar (Kutch) |
| **Height** | : | 5'3" |
| **Education** | : | B.Com., B.Ed. |
| **Job** | : | Teacher in Shree Saraswati Vidhya Mandir - Anjar |
| **Father** | : | Deepakbhai Himatram Varu |
| **Occp.** | : | Retd. Sr. Clerk (Anjar Nagarpalika) |
| **Mother** | : | Varshaben Deepakbhai Varu (Housewife) |
| **Brother** | : | Pratik Deepakbhai Varu |
| **Bhabhi** | : | Pankita Pratik Varu |
| **Gotra** | : | Bharadwaj |
| **Native Place** | : | Anjar |
| **Kuldevi** | : | Shri Chamunda Maa |
| **Mosad** | : | Chandrakant Vallabhji Rathod |
| **Mosad Adrs.** | : | Madhapar (Kutch) Mo. 9824544134 |
| **Resi. Adrs.** | : | 36, Radheshyam Nagar, Nr. Makleshwar Temple, Anjar (Kutch) |
| **Contact** | : | 9974891467 9924219311 9725699711 |



rawpixel

# Heartiest Congratulations




With blessings of Shri Kuldevi Butbhawani Maa & Shri Gurukripa, we are pleased to congratulate our daughter **Miss Komal Jitendra Rathod**, who recently completed her **MBA from ICFAI Business School, Pune**. We are proud of her for being selected at **HCL Tech - Noida**. Entire Rathod & Chauhan Family is proud of her for her success and blessings for the bright future.

**Well Wishers**

| | | |
|---|---|---|
| Dada | : | Shri Mohanlal Kalyanjibhai Rathod |
| Dadi | : | Lt. Smt. Pushpaben Rathod |
| Nana | : | Shri Dayarambhai Chouhan |
| Nani | : | Smt. Bhagirathiben Chouhan |
| Father | : | Jitendra Rathod |
| Mother | : | Smt. Devita Rathod |
| Sister | : | Diksha Rathod |

**Rathod Family (Raipur-C.G.) Chouhan Family (Kunkuri-C.G.)**

## મંગલ પરિણયની હાર્દિક શુભેચ્છા...



મુળ ગામ : મોટા રેહા, હાલે માધાપર નિવાસી **સ્વ. શાન્તાબેન તથા સ્વ. સામજીભાઈ વિરમભાઈ ચૌહાણ**ના સુપૌત્ર, **અ.સૌ. અનિતાબેન તથા શ્રી બાબુલાલભાઈ સામજીભાઈ ચૌહાણ**ના સુપુત્ર **ચિ. ભાર્ગવ**ના શુભ વિવાહ **ચિ. દુલારી** માધાપર નિવાસી **અ.સૌ. હરિકુંવરબેન તથા શ્રી મહેન્દ્રભાઈ વલમજીભાઈ વરૂ**ની સુપુત્રી સાથે સંવત ૨૦૭૯, જેઠ સુદ-૨ ને, રવિવાર, તા. ૨૧/૦૫/૨૦૨૩ના શુભ દિને માધાપર મધ્યે સંપન્ન થયેલ છે. ગૃહસ્થાશ્રમમાં પગલા પાડતાં નવદંપતિને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા એવં અંતરના આશીર્વાદ...

# હાર્દિક અભિનંદન



કોલકાતા ઘટક (દેશમાં ગામ : નાગલપર) નિવાસી શ્રી ગુંજનભાઈ ટાંક તથા શ્રીમતી વર્ષાબેન ટાંકની સુપુત્રી કુ. રોશની ટાંક એ આઈ.સી.એસ.ઈ.ની ૧૦મી બોર્ડ પરીક્ષામાં ૯૧% માર્કસ મેળવી સમસ્ત પરિવાર અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના સહ આશીર્વાદ....

**કુ. રોશની ગુંજનભાઈ ટાંક**

**સ્વ. ઉષાબેન શ્રી શિવલાલભાઈ ટાંક** (દાદી-દાદા)
**શ્રીમતી ભાવનાબેન શ્રી ધીરજભાઈ ટાંક** (મોટા મમ્મી-મોટા પપ્પા)
**શ્રીમતી દિપિકાબેન શ્રી વિતેશભાઈ ટાંક** (કાકી-કાકા)
**શ્રીમતી માયાબેન શ્રી વલમજીભાઈ પરમાર** (નાની-નાના)
**શ્રીમતી કલ્પીબેન શ્રી વૈભવભાઈ પરમાર** (મામી-મામા)
**સમસ્ત ટાંક પરિવાર** (નાગલપર) **તથા પરમાર પરિવાર** (કુકમા)
તરફથી અનંત શુભેચ્છાઓ તથા અભિનંદન...




સર્વે સમાજબંધુઓને વિશેષ જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની વિવિધ સમિતિઓ સંજીવની, અભિલાષા, મેરેજ બ્યુરો, વસ્તીપત્રક, સેતુ સમાજ સંદેશ, કુળદેવી અને સ્થાનકોની માહિતિ, ન્યાયપંચ વગેરેની ઓનલાઇન માહિતિ મેળવવા તેમજ સમિતિઓ દ્વારા થતાં કાર્યોની જાણકારી નીચે દર્શાવેલ વેબસાઇટ પરથી તેમજ એન્ડ્રોઇડ એપ **KGKONE** એપને ગુગલ પ્લેસ્ટોરમાંથી મોબાઇલમાં ઇન્સ્ટોલ કરી ઓનલાઇન તમામ માહિતિ મેળવી શકો છો. આ સેવાનો ઉપયોગ કરવા સર્વે સમાજબંધુઓને વિનમ્ર અનુરોધ છે.

**https://kgksamaj.org/**

https://play.google.com/store/apps/details?id=com.kgk.one

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ધનબાદ મહિલા મંડળ










ધનબાદ મહિલા મંડળની સામાન્ય સભા તા. ૨૫-૦૪-૨૦૨૩ના રોજ નવા સત્ર ૨૦૨૩-૨૬ માટે સર્વસંમતિથી શ્રીમતી મમતાબેન નરેશભાઇ ચાવડાના પ્રમુખ રૂપે વરણી કરવામાં આવી હતી. સભામાં શ્રીમતી મમતાબેને નિવર્તમાન પ્રમુખ શ્રીમતી સમિતાબેન પરમાર તથા ઉપસ્થિત સર્વે બહેનોનો આભાર માનતા નીચે દર્શાવેલ સદસ્યોને પદભારની ઘોષણા કરી હતી.

**કારોબારી સમિતિ :** પ્રમુખ - શ્રીમતી મમતાબેન નરેશભાઇ ચાવડા, ઉપ્રમુખ - શ્રીમતી રેણુકાબેન મનોજભાઇ ચાવડા, ઉપપ્રમુખ - શ્રીમતી મમતાબેન ભરતભાઇ પરમાર, ઉપપ્રમુખ - શ્રીમતી મિનાક્ષીબેન દામોદરભાઇ યાદવ, મંત્રી - શ્રીમતી શીતલબેન આનંદભાઇ ચાવડા, સહમંત્રી - શ્રીમતી દક્ષાબેન હરીશભાઇ યાદવ, કોષાધ્યક્ષ - શ્રીમતી પિયુષાબેન મયુરભાઇ રાઠોડ, સહ કોષાધ્યક્ષ - શ્રીમતી શીતલબેન જયેશભાઇ પરમાર

**કારોબારી સભ્યો :** શ્રીમતી સીમાબેન ઘનશ્યામભાઇ ચૌહાણ - સંયોજક સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રીમતી સ્વાતિબેન કેતનભાઇ ચાવડા - સંયોજક સંસ્કૃતિ સંરક્ષણ, શ્રીમતી પ્રિયાબેન અમિતભાઇ ચાવડા - સંયોજક - પ્રતિયોગીતા અને કાર્યશાળા, શ્રીમતી તન્વીબેન તન્મયભાઇ ચાવડા - સંયોજક - ખેલકુદ અને બાળ પ્રવૃત્તિ, શ્રીમતી જયશ્રીબેન જીતેશભાઇ રાઠોડ, શ્રીમતી નીતાબેન પિયુષભાઇ વેગડ, શ્રીમતી મમતાબેન મિતેશભાઇ વેગડ, શ્રીમતી સંજનાબેન હિતેશભાઇ ટાંક, શ્રીમતી ભારતીબેન નિરંજનભાઇ ટાંક, શ્રીમતી સંગીતાબેન પુરણભાઇ ચૌહાણ, શ્રીમતી અલ્કાબેન અનંતભાઇ ચાવડા - કત્રાસ, શ્રીમતી જયશ્રીબેન કિરણભાઇ ચાવડા - કત્રાસ, શ્રીમતી ઉષાબેન જયેશભાઇ યાદવ - ભાગા

# સમાજ ગૌરવ... અભિનંદન



## C.A. અર્પિતકુમાર દિપકભાઈ ચૌહાણ

**મૂળ ગામ : રેહા, હાલ : ભુજ**

કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપા... વડીલોના આશીર્વાદથી મૂળ ગામ : રેહા, હાલે ભુજ નિવાસી સૌ. રેણુકાબેન તથા શ્રી દિપકભાઈ ગોપાલજીભાઈ ચૌહાણ (કવિ 'બેબસ')ના સુપુત્ર ચિ. અર્પિતકુમારે માસ – મે/૨૦૨૩માં સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની પરિક્ષા પાસ કરી પરિવાર, સમાજ તથા માદરે વતન રેહા ગામ, ભુજ ઘટક અને ચૌહાણ પશ્રિવારને ગૌરવ અપાવેલ છે. તેમની આ અનેરી સિદ્ધી બદલ હાર્દિક અભિનંદન તથા આ ક્ષેત્રમાં વધુને વધુ સફળ બને તેવી શુભકામના...

:: શુભેચ્છક ::

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - ભુજ ઘટક

| | |
|---|---|
| સ્વ. અમૃતબેન સ્વ. ગોપાલજીભાઈ ચૌહાણ | (દાદી-દાદા) |
| ગં.સ્વ. હંસાબેન સ્વ. કાન્તિલાલ શાહ | (નાની-નાના) |
| રેણુકાબેન દિપકભાઈ ચૌહાણ 'બેબસ' | (મમ્મી-પપ્પા) |
| ઈલાબેન પ્રવિણભાઈ ચૌહાણ | (મોટા મમ્મી-મોટા પપ્પા) |
| સ્વ. હંસાબેન શ્રી જેઠાલાલ સોલંકી | (ફઈ-ફુવા) |
| ગં.સ્વ. પુષ્પાબેન સ્વ. જેઠાલાલ પરમાર 'વંચિત' | (ફઈ-ફુવા) |
| દક્ષાબેન કનૈયાલાલ રાઠોડ | (ફઈ-ફુવા) |
| મયુરીબેન રાજેશભાઈ મહેતા | (માસી-માસા) |

# મંગળ પરિચય



## Kapil Chouhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 17 July 1985 |
| Date of Time | : | 12.07am |
| Place of Birth | : | Raipur (C.G.) |
| Height | : | 5'.11'' |
| Qualification | : | 10+2 (Commerce) |
| Occupation | : | Civil Construction |

**Family Detail**

| | | |
|---|---|---|
| Father | : | Late Ashok Khengar Chouhan |
| Mother | : | Bhartiben Chauhan |
| Sister | : | Tulika Mayur Solanki (Married) |
| Gotra | : | Vasta |
| Native Place | : | Sinogra |
| Kuldevi | : | Shri Brahmani Mata |
| Mosad | : | Late Keshavji Mulji Chawda (Nana)<br>Late Jayaben K. Chawda (Nani)<br>Dilip Keshavji Chawda (Mama)<br>Suresh Keshavji Chawda (Mama) |
| Address | : | Ward No.-5, House No.5/75<br>Nehru Nagar, Near Ghadge<br>Nursing Home<br>Bilaspur (C.G.) |
| Mobile | : | 99261 51931 |

# Rahil Rathod



## Personal Details :

Date of Birth : 31-05-1996
Time of Birth : 8.09 am
Place of Birth : Visakhapatnam (A.P.)
Complexion : Fair
Height : 5 feet 11 inches
Eduction : B.E.
(Elec. & Comm. Engg.) India
M.S. (Information Systems)
U.S.A.
Job/Occup. : Working as
Software Engineer at
T.C.S., Philadephia, U.S.A.
Native Place : Madhapar (Kutch)
Kuldevi : Shri Momai Chamunda Maa
Gotra : Gautam



## Family Details :

Father : Devesh Rathod
Father's Occ. : Stock Market Related Business
Mother : Manisha Rathod (Home maker)
Grand Father : Shri Dayaram Danabhai Rathod
Grand Mother : Smt. Nishaben Rathod
Fai : Smt. Leena Rajnish Rathod (London)
Smt. Nandita Chetan Chauhan (USA)
Mosad : Shri Shantilalbhai Parmar (Nana)
Smt. Anusuiyaben Parmar (Nani)
Visakhapatnam (A.P.)


## Contact Det. :

Contact Nos. : 9754332142, 7471182815
Address : 2200 Gorakhpur, Near Ganesh Mandir,
Jabalpur (M.P.) 482001



## Rahul Taunk

| | |
|---|---|
| D.O.B. | : 10-12-1993 |
| T.O.B. | : 10:40 pm |
| Place of Birth | : Bankura (West Bengal) |
| Native Place | : Sinugra (Kutch) |
| Height | : 5'.11" |
| Education | : B.Com |
| Occupation | : Accountant |
| Annual Income | :4.5 Lac |
| Kulevi | : Shri Chamunda Maa |
| Gotra | : Vatsa |
| **Father** | **: Lt. Anupkumar Nanalal Taunk** |
| **Mother** | **: Dipikaben Anupkumar Taunk** |
| **Elder Brother** | **: Satish Anupkumar Taunk** |
| **Sister in Law** | **: Ruzuta Satish Taunk** |
| Mosad | : Anjar (Kutch) |
| Address | : Devnandan Park - P Block No. 402, New India Colony Road, New Nikol, Ahmedabad - 382350 |
| **Conact No.** | **: 8918446102** |



## Kunal Chauhan

| | |
|---|---|
| Date of Birth | : March 20, 1994 |
| Place of Birth | : Pimpri (Pune) |
| Time of Birth | : 8:10 am |
| Native Place | : Nagor |
| Kuldevi | : Shri Brahmani Mataji |
| Height | : 5 feet 8 inch |
| Education | : B.E. (Mechanical Engg.), Pune<br>M.S. (Mechanical Engg. - Embedded System) USA |
| Occupation | : Embedded Software Engineer |
| Current Loc. | : San Francisco, California |
| **Father** | **: Shri Manohar Mohanlal Chauhan 9923304086** |
| **Mother** | **: Mrs. Dhiraj Manohar Chauhan 7709649942** |
| **Sisters** | **: Rajani Geet Taunk (Married) Pune 9921289893**<br>**Shraddha Ankit Waghela (Married) Pune - M. 9766008153** |
| **Mama** | **: Dilipbhai Karsan Parmar - Kukma M. 9825159003**<br>**Jayeshbhai Purshottam Yadav - Ghatkoper - M. 9619347687** |
| Parent Adrs. | : 249/1888, Sant Tukaram Nagar, Nr. St. Anthony Garden, Pimpri, Pune - 411018 |




| | | |
|---|---|---|
| D.O.B. | : | 28th April 1998 |
| Place of Birth | : | Kalyan (MH) |
| Height | : | 5.2' |
| Gotra | : | Goutam |
| Kuldevi | : | Shree Momai Maa |
| Devasthan | : | Devadiya |
| Education | : | BMS (Bachelor of Management Stu.) Specialized in HR Field Post Graducation in M.Com. Specialized in HR Field |
| Occupation | : | Currently working as Softweb Solutions Pvt. Ltd. (Avnet Company - Fortune 500 Certified) Working as a Talent Acquisition Executive - HR |
| Salary | : | 240000/- Annum |
| Hobbies | : | Reading, Travelling, Trekking |
| **Father** | : | **Pankaj Mahendra Rathod** |
| Father's Occp. | : | Production Manager in Garments Ind. |
| **Mother** | : | **Deena Pankaj Rathod** |
| Mother's Occ. | : | Teacher in Gujarati Med. School |
| **Brother** | : | **Harsh Pankaj Rathod** (B.Com. Final Yr.) |
| **Grand Father** | : | **Mahendra Arjunlal Rathod** |
| **Grand Mother** | : | **Manjula Mahendrabhai Rathod** |
| **Mota Pappa** | : | **Vijay Mahendra Rathod - 9824224006** Steel Cupboard Factory at Nagalpar, Anjar (Kutch) |
| **Mosad** | : | **Narbheram Premji Bhalsod** |
| Home Adrs. | : | B-002, Ground Aslesha Building, Shankheswar Kripa Society, Khadakpada, Kalyan (West) MH |
| Current Adrs. | : | C-32, Shiv Tenament, Godhasar, Ahmedabad |
| **Contact No.** | : | **Father - 9819128674, 8169099653** |
| E-mail | : | pankajrathor@hotmail.com |



# JAIOM
# Narendrabhai Rathore

| | |
|---|---|
| DATE OF BIRTH | : 4 OCTOBER' 1992 |
| TIME OF BIRTH | : 01.25 AM |
| PLACE OF BIRTH | : GAYA (BIHAR) |
| HEIGHT | : 5'7" |
| KULDEVI | : SHRI CHAMUNDA MATAJI |
| GOTRA | : GOUTAM |
| NATIVE PLACE | : KHEDOI |

## QUALIFICATION :

- C.S. (Company Secretary)
- B.Com. from Tolani Commerce College-Adipur.
- Schooling through out English Medium.


## OCCUPATION :

Working as Company Secretary in Eureka Forbes Ltd in Mumbai.

## FAMILY INFORMATION :

| | |
|---|---|
| Father | : Shri Narendra Girdharlal Rathore |
| Mother | : Smt. Meena Narendrabhai Rathore |
| Sibling | : Bhawani N. Rathore (Younger Sister - Unmarried) |
| | : Harsiddhi N. Rathore (Younger Sister - Unmarried) |
| Dada | : Late Girdharlal Gokulji Rathore |
| Dadi | : Late Pushpaben Girdharlal Rathore |
| Nana | : Late Jeshthalal Shamjibhai Solanki (Gaya) |
| Nani | : Late Bhagerathiben Jeshthalal Solanki (Gaya) |
| Mama | : Shri Girishbhai J. Solanki (Anjar) |
| | Shri Mukundbhai J. Solanki (Baroda) |

**Contact Number - Mob : 97731 41446**
**Residence : House No. 112, Madhavbaug Society, (Kidana) Gandhidham - Kutch, Gujarat.**



## Saket Chauhan

| | | |
|---|---|---|
| D.O.B. | : | 29/11/1995 |
| Time | : | 10.25 am |
| Place | : | Jamshedpur |
| Height | : | 5.5 Ft. |
| Blood Group | : | O+ |
| Kuldevi | : | Shri Brahmani Mataji |
| Native | : | Kumbharia |
| Gotra | : | Vatsa |
| Qualification | : | Bachelor of Commerce MIT Pune Banking Finance and Family Business Utsav Lawns, Event Management Infrastructure |
| Hobbies | : | I'm a Cricket Enthusiast Sports & Travelling |
| **Father** | **:** | **Mohan Chauhan - 9822478778 Director : Clifford Int. School** |
| **Mother** | **:** | **Minal Chauhan - 9822478007** |
| **Sister** | **:** | **Jhanvi Chauhan (Fashion Designer UID Ahmedabad)** |
| **Grand Father** | **:** | **Hiralal J. Chauhan** |
| **Grand Mother** | **:** | **Indira H. Chauhan** |
| **Mota Pappa** | **:** | **Natwarlal H. Chauhan** |
| **Mota Mummy** | **:** | **Geeta H. Chauhan** |
| **Mosad** | **:** | **Jamshedpur (Jharkhand)** |
| **Nana** | **:** | **Lt. Nanalal N. Tank** |
| **Nani** | **:** | **Vijya N. Tank** |
| Home Adrs. | : | "Avadh Bunglow", Nr. Utsav Lawns, Datt Mandir Road, Po. Nasik Road - 422101 |



## પિનલ મનહરકુમાર સોલંકી

| | | |
|---|---|---|
| જન્મ તારીખ | : | 28/04/1999 |
| જન્મ સ્થળ | : | ભુજ (કચ્છ) |
| જન્મ સમય | : | ૦૨:૨૫ બપોરે |
| ઉંચાઇ | : | 5'3'' |
| અભ્યાસ | : | B.A., B.Ed. |
| કુળદેવી | : | શ્રી ચામુંડા માતાજી |
| કુળદેવતા | : | શ્રી વાછરા ડાડા |
| વંશ | : | અગ્નિ |
| ગોત્ર | : | ભારદ્વાજ |
| મુળગામ | : | જાંબુડી (હાલે ભુજ) |
| પિતા | : | મનહરકુમાર ધનજીભાઇ સોલંકી |
| પિતાનો વ્યવસાય | : | સરકારી નોકરી ઓલ્ફેડ હાઇસ્કુલ – ભુજ |
| માતા | : | પ્રતિમાબેન મનહરકુમાર સોલંકી |
| મોટા ભાઇ | : | દેવાંગ મનહરકુમાર સોલંકી (સરકારી નોકરી PGVCL - GEB ખાતે) |
| મોસાળ | : | સ્વ. જાદવજીભાઇ માધવજીભાઇ પરમાર ગાંધીધામ (કચ્છ) |
| સરનામું | : | 'સમર્પણ' ૨૪૯૦, જુની રાવલવાડી રોડ, નવપ્રભાત સોસાયટી પાછળ, ભુજ (કચ્છ) |
| મોબાઇલ નંબર | : | 9426253836, 9099643471 |

## Purvi Chawda



D.O.B. : 11-11-1993
Birth Time : 06.02 pm
P.O.B. : Vadodara (Gujarat)
Height : 5'3"
Complexion : Fair
Education : Bachelor of Computer Application
Occupation : Computer Teacher in School (Vadodara)
Native Place : Chandiya
Gotra : Kashyap
Kuldevi : Shri Chamunda Maa
Father : Jagdish Virjibhai Chawda
Mother : Manjula Jagdish Chawda
Elder Sister : Vidhita Lalit Rathod (Married)
Ygr. Brother : Keyur Jagdishbhai Chawda (Unmarried)
Mosad : Lt. Hirji Bhoja Parmar (Nana)
Mama : Jayantilal Parmar (Kukma)
Prabhulal Parmar (Kukma)
Resi. Adrs. : 31/Parmeshwar Park, Nizampura, Vadodara - 390002 (Guj)
Contact No. : 9624471574, 7265857162

## Hardik Rathod



D.O.B. : 10.10.1993
T.O.B. : 2:20 am
Birth Place : Nakhatrana (Kutch)
Height : 5 Ft. 7 In.
Qualification : Diploma in Mechanical In Tolani College Adipur
Income : 06 L
Occupation : Currently working with Kutch District Co-Op. Milk Producer Union Ltd. "Sarhad Amul Dairy" as an Officer Engineer in Chandrani Near Anjar
Father : Ishwarlal Rathod (Govt. Retd. Employee)
Mother : Arunaben Rathod
Elder Sisters : Dipaben Vijaybhai Vegad (Madhapar)
Tanvi Prayag Chauhan (Gandhidham)
Gotra : Gautam
Kuldevi : Shri Chaval Maa - Kukma
Mosad : Maheshbhai Kantilal Varu (Madhapar)
Address : Chelli Sari, Kukma (Bhuj - Kutch)
Contact : Dipaben Vegad - 9429547208
Hardik - 7567134775

## Bhavini Parmar

(Divorcee)



Birth Date : 18th March, 1982
Birth Time : 7.28 am
Birth Place : Halol (Guj)
Height : 5'3"
Education : B.Com. & Computer Course from ITI
Native Place : Hajapar, (Bhuj-Kutch)
Kuldevi : Shree Pithal Maa
Gotra : Bharadwaj
Father : Dayaram Virambhai Parmar (Retd. frm Govt. Service)
Mother : Lt. Leelaben Dayaram Parmar
Mosad : Shri Kantilal Shivji Tank Ahmedabad (Anjar) Gujarat
Address : F-6, Uma Society, Kanjari Road, Po. Halol - 389350 (Panchmahal-Guj)
Contact No. : 9428783130 (Father)
6356883884 (Bhavini)

## Monika Parmar



D.O.B. : 19-08-1997
Birth Time : 8:15 am
Birth Place : Bilaspur (C.G.)
Education : B.E. in Computer Sci.
Occupation : Online working
Mangalik : No
Gotra : Bharadwaj
Kuldevi : Shri Momai Maa
Native Place : Kukma
Height : 5 Feet 2 Inch
Complexion : Fair
Hobby : Travelling
Father : Jagdish Parmar
Occupaton : Hathway CCN Multinet Pvt. Ltd. (Service)
Mother : Sangita Parmar
Occupation : Housewife
Brother : Chandan Parmar
Brother Occ. : Civil Engineer
Address : Anna Chowk, Akasha Gas Godown, Gudhiyari, Raipur (C.G.)
Contact No. : 9302425286, 9399956376

# ભાવાંજલી







જન્મ
09.01.1939

રામશરણ
06.07.2023

# સ્વ. મગનભાઈ કુંવરજીભાઈ વરૂ

પૂર્વ ખજાંચી-રાયપુર ઘટક અને મંત્રીશ્રી- શ્રી ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ

અંજાર કચ્છ | કર્મભૂમિ- રાયપુર

તમારી હયાતી અમારૂં આત્મબળ અને મનોબળ હતું ...
વડ રૂપી વિશાળ વ્યક્તિત્વના છાયણે, તમારા જીવન આદર્શો મેળવતા તમારા આપેલ સંસ્કારોના સિંચન સાથે આપશ્રીનું સાદું જીવન, સદ્વિચાર, સહજ, મિલનસાર, સહૃદયી લાગણી સભર સ્વભાવ હમેશા પ્રેરણા આપતો રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપની દિવ્ય આત્માને સદ્ગતિ અર્પે ...
ૐ શાંતિ શાંતિ શાંતિ...

**- શ્રદ્ધાનવત શોકાકુલ -**

જ્યોત્સનાબેન મગન ભાઈ વરૂ (પત્ની)
અ.સૌ. મીનાબેન-અતુલભાઈ મગનભાઈ વરૂ (પુત્ર)
અ.સૌ.ભાવનાબેન - હિતેશભાઈ મગનભાઈ વરૂ (પુત્ર)
અ.સૌ. નીતાબેન અનિલભાઈ ચાવડા (પુત્રી જમાઈ)
અ.સૌ. મનીષાબેન-પ્રખર (પોત્રવધુ-પૌત્ર), દેવાશીષ, માહી વરૂ (પોત્ર-પૌત્રી)
કુ. દેવિશા પ્રખર વરૂ (પરપૌત્રી)

**પ્રતિષ્ઠાન - •વરૂ કૃષિ ફાર્મ •ટેન્સન ફ્રી એગ્રો ટૂરિજ્મ**

## ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ...

# શ્રદ્ધાસુમન



## સ્વ. ગૌતમભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ

(દેશમાં ગામ : હાજાપર, હાલ : વડોદરા)
સ્વર્ગવાસ તા. ૨૩-૦૮-૨૦૧૯
(દાદા : સ્વ. પ્રેમજીભાઈ રવજીભાઈ વરૂ)
(પિતા : પુરૂષોત્તમભાઈ પ્રેમજીભાઈ વરૂ)

પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિવાર જેનું મંદિર હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, શુન્યમાંથી સર્જન કર્યું, મનની સરળતાથી સૌને પ્રેમ ચુકાવ્યું, સાદગીભર્યું જેનું જીવન હતું,
એ હસતા ચહેરાએ સૌના દિલમાં જગ્યા બનાવી... જીવન એવું જીવી ગયા કે, સૌના દિલમાં વસી ગયા,
આપનો આનંદિત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે...
પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના....

:: શોકાતુર પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| સ્વ. પુરૂષોત્તમભાઈ પ્રેમજીભાઈ વરૂ | - પિતા | સ્વ. નર્મદાબેન પુરૂષોત્તમભાઈ વરૂ | - માતા |
| ગં.સ્વ. પૂનમબેન ગૌતમભાઈ વરૂ | - પત્ની | દેવ તથા દક્ષ ગૌતમભાઈ વરૂ | - પુત્ર |
| જગદીશભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ | - ભાઈ | દર્શનાબેન જગદીશભાઈ વરૂ | - ભાભી |
| કિશોરભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ | - ભાઈ | મનિષાબેન કિશોરભાઈ વરૂ | - ભાભી |
| કમલભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ | - ભાઈ | હીનાબેન કમલભાઈ વરૂ | - ભાભી |
| લલીતાબેન નંદકુમાર ચાવડા | - બહેન | નંદકુમાર પ્રભુલાલ ચાવડા | - બનેવી |
| સરીતાબેન અરવિંદભાઈ પરમાર | - બહેન | અરવિંદભાઈ મોરારભાઈ પરમાર | - બનેવી |
| માલવ જગદીશભાઈ વરૂ | - ભત્રીજા | અમૃતાબેન માલવભાઈ વરૂ | - ભત્રીજાવહુ |
| સિદ્ધાર્થ, પ્રતિક, આદિત્ય, વેદિકા | - ભત્રીજા-ભત્રીજી | ભરત, જય, સ્નેહા, દર્શિતા, હર્ષિતા | - ભાણેજ-ભાણેજી |

પૌત્ર - વિઆન

**સમસ્ત વરૂ તથા ચૌહાણ પરિવાર**

॥ જય સિયારામ ॥

# અગ્યારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
૦૮/૦૮/૧૯૬૨

સ્વર્ગવાસ
૦૧/૦૮/૨૦૧૨

## અ.નિ. રમેશભાઈ ભવાનજીભાઈ ચૌહાણ (ગાંધીધામ)

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, સુખ અને દુઃખમાં પણ સમતા ભાવે રહ્યા તમે, પરોપકારના કાર્યો કરીને જીવન ધન્ય બનાવી ગયા તમે, આપની ધર્મભાવના, કુટુંબ પ્રેમ, સાદું જીવન, પ્રમાણિકતા અમોને પ્રેરણા આપતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**॥ જય સિયારામ ॥ ॥ જયશ્રી સ્વામિનારાયણ ॥**

ભાવવિભોર પરિવારજનો

**સ્વ. પુરૂષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકી**
**સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઈ સોલંકી**
**સ્વ. મહેશભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ ચૌહાણ પરિવાર**

**શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર**

॥ જય માતાજી ॥

# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા



## આશ્વિન નવરાત્રી તથા હવનાષ્ટમિ નિમંત્રણ



આથી ભારતભરમાં વસતા ચૌહાણ ગોઠી પરિવારોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વરસે પણ કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે આશ્વિન નવરાત્રી તથા હવનાષ્ટમીની ઉજવણી નીચેની વિગતે કરવામાં આવશે. આ શુભ પ્રસંગે માતાજીના દર્શન અને દરેક આયોજનોનો લાભ લેવા પધારવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

**:: નવરાત્રી પ્રારંભ તથા ઘટઃ સ્થાપન ::**

વિક્રમ સં. ૨૦૭૯, આસો સુદ-૧, તા. ૧૫/૧૦/૨૦૨૩, રવિવાર, સવારે ૯.૦૦ કલાકે

**:: રાસ ગરબા ::**

દરરોજ રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક સુધી સ્થાનકના પ્રાંગણમાં

**:: હવનાષ્ટમી ઉજવણી ::**

વિક્રમ સં. ૨૦૭૯, આસો સુદ-૮, તા. ૨૨/૧૦/૨૦૨૩, રવિવારના સવારે ૮.૦૦ થી ૧.૦૦ સુધી

સવારે ૮.૦૦ કલાકે **સ્થાપન તથા પૂજન**, સવારે ૯.૦૦ કલાકે **હોમ-હવન**

બપોરે ૧૨.૩૦ કલાકે **મહાઆરતી**, બપોરે ૧.૧૫ કલાકે : **નૈવેદ્ય/મહાપ્રસાદ**

બપોરે ૩.૦૦ કલાકે **કાંબી છોડવાની વિધી**

**:: મહાપ્રસાદ એવં મહાઆરતીના દાતાશ્રી ::**

**સ્વ. માવજીભાઈ મુળજીભાઈ ચૌહાણ પરિવાર - હૈદ્રાબાદ**

**હસ્તે સુપુત્રો સ્વ. વસંતલાલભાઈ, સ્વ. ધીરજલાલભાઈ તથા શ્રી રમેશલાલભાઈ**

(૧) નૈવેદ્ય અને કર જેવા શુભ કાર્યો માટે માતાજીના ભુવા **શ્રી અમરસીભાઈ ભીમજી ચૌહાણ - રેહા મો.નં. ૯૪૨૯૨ ૯૮૮૯૮** નો સંપર્ક કરવો.

(૨) અતિથિ ગૃહમાં રોકાણ, હવનમાં બેસવા તથા અન્ય પુછપરછ માટે મંત્રી **શ્રી વિનોદભાઈ ચૌહાણ - ભુજ મો.નં. ૯૮૭૯૧ ૫૦૧૧૩** નો સંપર્ક કરવો.

માતાજીની સેવામાં સ્થાનક ફાળો નોંધાવવા માટે **દિલીપ ખેતસી ચૌહાણ,**

**પો. રેહા, તા. ભુજ (કચ્છ) ગુજરાત પીનકોડ : ૩૭૦૧૦૫ ને મનિઓર્ડર કરી શકાય છે.**

**આપનો ફાળો ઓનલાઇન બેંકમાં**

**"Shri Hansvahini Brahmani Mataji Chauhan Parivar"**

**Baroda Gujarat Gramin Bank - Kukma Branch - A/c. No. 763510002261 (IFSC Code : BARB0BGGBXX)**

માં પણ જમા કરાવી તેની જાણ મંત્રીશ્રીને અવશ્ય કરવી.

**ચાલો રેહા... જયશ્રી બ્રહ્માણી માતાજી ... પધારો રેહા...**

**:: નિમંત્રક ::**

**શ્રી અમરસીભાઈ ભીમજીભાઈ ચૌહાણ** - માતાજીના ભુવા

| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ | ઉપપ્રમુખ | સહમંત્રી | ખજાનચી |
|---|---|---|---|---|---|
| **શ્રી મોહનલાલ હીરજીભાઈ ચૌહાણ** | **શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ** | **શ્રી બાબુલાલ સામજીભાઈ ચૌહાણ** | **શ્રી નવિનભાઈ શીવજીભાઈ ચૌહાણ** | **શ્રી હેમરાજભાઈ હરિલાલ ચૌહાણ** | **શ્રી દિલીપભાઈ ખેતસીભાઈ ચૌહાણ** |

**:: વ્યવસ્થાપક સમિતિ ::**

**સોમનભાઈ ભવાનજી ચૌહાણ દિનેશભાઈ દામજીભાઈ ચૌહાણ ભુપતભાઈ મોહનલાલ ચૌહાણ દિલીપભાઈ લાલજીભાઈ ચૌહાણ**

**શાંતિલાલ ઓધવજીભાઈ ચૌહાણ રમેશભાઈ સામજીભાઈ ચૌહાણ પ્રકાશભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ**

**કપિલ રમેશભાઈ ચૌહાણ રોમેક્ષ મહેશભાઈ ચૌહાણ**

॥ શ્રી બ્રહ્માણી માતાજી ॥

# શ્રી બોરાડીયા ટાંક પરિવાર - ખંભરા

## હવનાષ્ટમી એવં મહાપ્રસાદ



॥ શ્રી નિમંત્રણ ॥

**આસો સુદ–૮,**
**તા. ૨૨–૧૦–૨૦૨૩, રવિવાર**
**સ્થળ : માતાજી સ્થાનક,**
**ગામ : ખંભરા, તા. અંજાર**

શ્રી બ્રહ્માણી માતાજી બોરાડીયા ટાંક ખંભરાના સર્વે ગોઠી ભાઇઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રી નિમિત્તે માતાજીના હવનનું આયોજન કરવામાં આવેલ છે. **આસો સુદ–૮, ૨૨–૧૦–૨૩, રવિવારના હવનાષ્ટમી નિમિત્તે હોમ–હવન એવં સમુહ મહાપ્રસાદ આયોજન કરવામાં આવેલ છે.** જે ગોઠી ભાઇઓને હવનાષ્ટમીના શુભ દિવસે હવનમાં બેસવાનો લાભ લેવા માંગતા હોય તેમણે નીચે જણાવેલ ગોઠી ભાઇઓનો સંપર્ક **તા. 30–૦૯–૨૦૨૩** સુધી નીચે જણાવેલ મોબાઇલ નંબર પર સંપર્ક કરવો. આ શુભ અવસરે સર્વે ગોઠી ભાઇઓને માતાજીના હોમ-હવન, દર્શન, એવં મહાપ્રસાદનો લાભ લેવા માટે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**(જે ગોઠી ભાઇઓને પ્રસાર રૂપી દાન–ભેટ આપવા ઇચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ એકાઉન્ટ નંબરમાં જમા કરાવી આપનું અમૂલ્ય દાન નોંધાવી શકશો.)**

**:: બેંકની વિગત ::**

**A/c. Name :** Navin Himmatlal Tank
**Bank :** HDFC Bank, **Branch :** Anjar
**A/c. No. :** 50100410704635
**IFSC Code :** HDFC0001447

**:: સંપર્ક સુત્રો ::**

**નવીનભાઇ એચ. ટાંક – મો. ૯૮૭૯૩૬૦૫૩૩**
**ચંદ્રકાન્તભાઇ કે. ટાંક – મો. ૯૪૨૮૮૯૮૫૧૩**
**દિપકભાઇ વી. ટાંક – મો. ૮૨૦૦૯૧૩૦૯૫**
**પ્રતિકભાઇ ડી. ટાંક – મો. ૮૧૨૮૯૪૮૮૮૪**

# નાગલપર ચિત્રોડા ટાંક પરિવાર જોગ

નાગલપર ચિત્રોડા ટાંક પરિવારના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સાનિધ્યમાં **આસો સુદ આઠમને રવિવાર, તા. ૨૨–૧૦–૨૩ના હોમ હવન તથા આસો સુદ–૯ ને સોમવાર, તા. ૨૩–૧૦–૨૩ના માતાજીના નિવેદ, ગોઠીના કર તથા કાંબી છોડવાની વિધી કરવામાં આવશે** આ શુભ અવસરે તમામ ગોઠી ભાઇઓને ઉપસ્થિત રહેવા તથા બંને દિવસ મહાપ્રસાદનો લાભ લેવા આત્મિય આમંત્રણ પાઠવવામાં આવે છે. વધુ માહિતિ માટે નીચે દર્શાવેલ વહીવટ કર્તાઓનો સંપર્ક કરવાનો રહેશે.

**કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક - મો. ૯૪૨૬૨૭૬૮૭૦**
**જીવરામભાઇ ભવાનભાઇ ટાંક - મો. ૯૪૨૭૭૬૭૫૫૧**

## શ્રી પાંચાણી તથા ગદાણી પરિવાર નાગલપર તથા દેવળીયાના ગોઠી ભાઇઓ જોગ

સર્વે ગોઠી ભાઇ-બહેનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી મોમાઇ માતાજીની અસીમ કૃપાથી આગામી નવરાત્રીના કાર્યક્રમો દેવળીયા મધ્યે માતાજીના સ્થાનકે રાખવામાં આવેલ છે. **સં. ૨૦૭૯ આસો સુદ–૮, રવિવાર, તા. ૨૨–૧૦–૨૦૨૩ના રોજ હવનાષ્ટમી, માતાજીનો હવન તથા સમુહ મહાપ્રસાદ તેમજ આસો સુદ–૯, સોમવાર, તા. ૨૩–૧૦–૨૦૨૩ના સમુહ નૈવેદ તથા સમુહ મહાપ્રસાદનું આયોજન બે દિવસ રાખેલ છે.** સર્વે ગોઠી ભાઇઓને સહકુટુંબ મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે. સમુહ મહાપ્રસાદના દાતાશ્રી બનવા ઇચ્છતા હોય તેમણે નીચેના આયોજકોનો સંપર્ક કરવો તેમજ હવનમાં બેસવા ઇચ્છતા ગોઠી ભાઇઓએ નીચેના કાર્યકર્તા પાસે નામ વહેલા તે પહેલાના ધોરણે નોંધાવવાના રહેશે. (બે નામ નોંધાયેલ છે.) નામો વધારે થશે તો ચીઠ્ઠી કાઢવામાં આવશે.

**વિજયકુમાર મહેન્દ્રભાઇ રાઠોડ – ૯૮૨૪૨૨૪૦૦૬**
**રમણીકલાલ વલમજીભાઇ રાઠોડ – ૯૯૨૪૨૮૭૫૪૦**
**હિમતલાલ પરસોત્તમભાઇ રાઠોડ – ૯૮૭૯૦૦૭૯૧૮**

## સિનુગ્રાના ચૌહાણ નુખના રાઘવાણી તેમજ દેવળીયા ચૌહાણ નુખના લાખાણી ગોઠી ભાઇઓ જોગ

**|| શ્રી નિમંત્રણ ||**

સિનુગ્રાના બ્રહ્માણી માતાજીના રાઘવાણી તેમજ લાખાણી ગોઠી ભાઇઓને જણાવવાનું કે, આગામી આસો માસની **આઠમ તથા નોમ તા. ૨૨–૧૦–૨૦૨૩, રવિવાર હોમ–હવન તેમજ ૨૩–૧૦–૨૦૨૩, સોમવારના સામુહીક નિવેદ તથા કર કરવાનું આયોજન કરવામાં આવેલ છે.** ગયા વર્ષે જે ગોઠી ભાઇઓએ હવનમાં બેસવા નામ નોંધાવેલ હતું તેમને હવનમાં બેસવા મળશે જ્યારે અન્યના નામ નોંધણી કરવામાં આવશે જે જાણમાં લેશો.

**નોમના સામુહીક નૈવેદ માતાજીને ધરાવવામાં આવશે. આઠમમાં હવનમાં બેસવા માટે રૂા. ૫,૦૦૦ તથા સામુહીક નૈવેદ ધરાવવા માટે રૂા. ૨૫૦/– તથા કરના ૨૫૦૦/– સર્વ સંમતિથી નક્કી કરવામાં આવેલ છે.**

વિશેષમાં જણાવવાનું કે, **સિનુગ્રા માતાજીના સ્થાનકમાં આવાસ રૂમ, ભોજન કક્ષ તેમજ સ્ટોર રૂમ બનાવવાનું ચાલુ કરેલ છે અને હજુ પણ નોંધણી ચાલુ છે. જે ગોઠી ભાઇઓને ફાળો નોંધાવવાનો હોય તેમને અત્રેના પ્રમુખને ફાળો નોંધાવવા વિનંતી** તેમજ આજુબાજુના ગોઠી ભાઇઓને પ્રોત્સાહીત કરવા ખાસ વિનંતી છે.

આવતા આસો માસના નોરતામાં આઠમ-નોમના અચુક પધારવા તેમજ અન્ય ગોઠી ભાઇઓને જાણ કરવા વિનંતી. જે ગોઠી ભાઇઓને કર કરવાના હોય તેમને જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિવસ ૧૫માં નોંધાવવા વિનંતી.

**પ્રમુખ - હેમરાજ અમરસી ચૌહાણ**
**મંત્રી - નિલેશ મોહનલાલ ચૌહાણ**
**મો. ૯૮૯૮૦૯૮૪૨૦, ૯૮૯૮૮૭૩૮૧૬**

## આઇશ્રી ખોડિયાર માતાજી મૈયાણી પરમાર પરિવાર – અંજાર

મૈયાણી પરમાર પરિવાર - અંજારના સૌ ગોઠી ભાઇઓને સહર્ષ જણાવવાનું કે, કુળદેવી શ્રી ખોડિયાર માતાજીની કૃપાથી દર વર્ષની જેમ માતાજીના સ્થાનકમાં **આસો સુદ નોમ, તા. ૨૩–૧૦–૨૦૨૩ને સોમવારે માતાજીનો હવન તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** આ શુભ દિવસે સૌ ગોઠી ભાઇઓ સહકુટુંબ સાથે નિયાણીને પ્રસાદ લેવા આમંત્રણ છે તથા જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય તેઓએ ૧૫ પહેલા જાણ કરવાની રહેશે.

**પરેશ લીલાધરભાઇ પરમાર – ૭૯૮૪૧૦૮૧૦૫**
**લીતેશ રમેશભાઇ પરમાર – ૭૫૭૩૯૪૯૯૫૪**

## અંજાર વરૂ-પરમાર ગોઠી ભાઇઓ જોગ

જયશ્રી માં ત્રુઠીયાણ માં, કુળદેવી માં ચામુડા માં તથા માં હરસિદ્ધી માતાજીની પરમ કૃપાથી વરૂ-પરમાર ગોઠી ભાઇઓને જણાવવાનું કે, આપણા કુળદેવી માતાજીના સ્થાનકે **નવરાત્રી નિમિત્તે આસો સુદ નોમ, સોમવાર, તા. ૨૩–૧૦–૨૦૨૩ના માતાજીના હોમ–હવન, નિવેદ તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ સંપર્ક સુત્રોનો સંપર્ક કરવો. માતાજીના સ્થાનકે અખંડ દીવો કરવામાં આવશે. સર્વે ગોઠીભાઇઓને હવનદર્શન અને સમુહ પ્રસાદનો લાભ લેવા નિમંત્રણ છે. સમગ્ર આયોજન કુળદેવી માતાજીના સ્થાનક પ્લોટ નં. ૨૪, ખેતરપાળ–૩, અંજાર મધ્યે કરવામાં આવેલ છે.

**પ્રમુખ – પ્રતિક દિપકભાઇ વરૂ – ૯૭૨૫૬૯૯૭૧૧**
**મંત્રી – કામેશ ખુશાલભાઇ વરૂ – ૯૯૨૪૬૧૪૧૧૯**

## આઇશ્રી ખોડિયાર માતાજી વેગડ પરિવાર-અંજાર

વેગડ પરિવાર-અંજારના સૌ ગોઠી ભાઇઓને સહર્ષ જણાવવાનું કે, કુળદેવી શ્રી ખોડિયાર માતાજીની કૃપાથી દર વર્ષની જેમ માતાજીના સ્થાનકમાં **આસો સુદ નોમ તા. ૨૩–૧૦–૨૦૨૩ને સોમવારે** માતાજીનો હવન તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ શુભ દિવસે સૌ ગોઠી ભાઇઓ સહકુટુંબ સાથે નિયાણીને પ્રસાદ લેવા આમંત્રણ છે તથા જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય તેઆએ અગાઉથી જાણ કરવી.

**કૌશિક જયસુખભાઇ વેગડ – ૯૮૨૪૦૬૨૨૪૩**
**અજય કિરણભાઇ વેગડ – ૯૪૦૮૨૪૫૦૦૩**

## શ્રી બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - કુંભારીયા

સર્વે ગોઠી ભાઇ-બહેનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રીમાં આપણા કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપાથી **આસો સુદ–૯, સોમવાર, તા. ૨૩–૧૦–૨૦૨૩ના રોજ માતાજીના સ્થાનકમાં હોમ–હવન, નૈવેદ અને સમુહપ્રસાદનું આયોજન રાખેલ છે.** તો સર્વે ગોઠી ભાઇઓને સહ પરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ છે. જે ગોઠી ભાઇઓને હવનમાં બેસવાની ઇચ્છા હોય તેમણે **તા. ૩૦/૯/૨૩** સુધી નીચે જણાવેલ ગોઠી ભાઇ પાસે નામ નોંધાવવા વિનંતી. પ્રસાદ લીધા બાદ માતાજીના મંદિરની દેખરેખ અને આગામી આયોજન માટે સાથે મળીને ચર્ચા-વિચારણા કરશું તો સર્વે ગોઠી ભાઇ-બહેનોને આ ચર્ચામાં ભાગ લેવા આગ્રહ ભરી વિનંતી છે.

**જીતેન્દ્ર જેઠાલાલ ચૌહાણ – ૯૯૨૪૯૩૨૫૦૩**
**ચંદ્રેશ જયંતિભાઇ ચૌહાણ – ૯૪૨૭૪૪૩૨૧૬**

## શ્રી બ્રહ્માણી માતાજી - નાગોર

નાગોર ગામના ચૌહાણ નુખના કુળદેવી શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજીના સાનિધ્યમાં નવરાત્રી મહોત્સવ સંવત ૨૦૭૯ના આસો સુદ-૧, રવિવાર તા. ૧૫/૧૦/૨૦૨૩ થી આસો સુદ-૯, તા. ૨૩/૧૦/૨૦૨૩, સોમવાર દરમ્યાન ઉજવવામાં આવશે તેમજ **આસો સુદ–૮ (આઠમ) રવિવાર તા. ૨૨–૧૦–૨૦૨૩ના રોજ સવારે ૭.૩૦ કલાકે થી ૧૧.૩૦ દરમ્યાન હવન તથા સમુહ પ્રસાદનું આયોજન કરેલ છે.** જેમાં સર્વે ગોઠી ભાઇઓને ઉપસ્થિત રહેવા વિનંતી છે. સમુહ પ્રસાદના દાતાશ્રી કાન્તીલાલભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ હસ્તે સુપુત્રી શ્રી કિર્તીભાઇ કાન્તીભાઇ ચૌહાણ.

**website : nagorchauhan.weebly.com**
**પ્રસારણ નિહાળવા**
**Youtube ઉપર Chauhan Parivar Nagor**

**શ્રી નવિનભાઇ અમરસીભાઇ ચૌહાણ – મંત્રી**
**મો. ૯૬૩૮૨૨૨૧૦૦**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.


**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭


Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**



**M/s. SAMEER TRADERS (Agencies House)**


**3rd DIMENSION (Architect & Engineers)**

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365

# નિરાધાર વડીલો માટેનો
## અંતિમ પડાવ 'માનવ મંદિર' મુન્દ્રા




કચ્છનું પેરીસ તરીકે ઓળખાતું શહેર ક્યું ? તો દરેક વ્યક્તિ બોલી ઉઠે 'મુન્દ્રા'... ! આ મુન્દ્રા નગરને પેરિસનું ઉપનામ કેવી રીતે આપ્યું ? મુન્દ્રા નગરમાં પેરિસના એફિલ ટાવર જેવો 'ટાવર' જે શહેરની વચ્ચો વચ્ચ હતો. મુન્દ્રાની આજુબાજુનો વિસ્તાર લીલોછમ્મ હરીયાળી વાડી, બગીચા, ફળ-ફુલ, શાકભાજી, સુશોભીત હતા. એક સમયે નગરના કિનારે નદી હતી, તે ઝરણા સ્વરૂપે વહ્યા કરતી, કાળક્રમે કોઇ વ્યક્તિ એ તેને શ્રાપ આપતા એ નદી સુકાઇ ગઇ, વહે તો તરત તેનું પાણી જમીનમાં ઉતરી જાય અને તેના કારણે આ નદી હાલે 'ભુખી' નદી તરીકે ઓળખાય છે. આ નદીના પાણી પાતાળમાં ઉતરતા આજુબાજુના ગામો સાડાઉ, મંગરા, સુખપર, ધ્રબ, ઝરપરા, પ્રાગપર, ભુજપરમાં પાણીના તળ ઉંચા આવતા ખેડુતોનો રાજીપો સમાય નહીં, તેના પરિણામે આ વિસ્તારમાં ખારેક, નાળીયેર, જાંબુ, દાડમ, ડ્રેગન ફ્રુટની ખેતી સાથે શાકભાજીના ભાવોમાં સતત તેજી મળે,ધરતીનો તાત ખેતીના ખેડવાણ માટે વપરાતા બળદની જોડને તિલાંજલી આપી 'ટ્રેકટર'થી ખેડવાણ કરી તેમજ સમય-સમયે નવી ટેકનોલોજી વાળા સાધનો ખેતી માટે ઉપયોગમાં લેતાં હોવાથી ઉત્પાદન વધતા બજારમાં ભાવ પણ સારા મળી રહે છે. સમય સાથે આધુનિક ટેકનોલોજી, વિવિધ સંશોધનો થકી બિયારણ




દવાનો વપરાશ કરી આંતરરાષ્ટ્રીય કક્ષાની ખેતી, નિદર્શન, જાતે મુલાકાતે જઇ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવતા થયા છે અને 'ફોર વ્હીલ' થી ફરતાં થયા છે. ૭૦ વર્ષ પહેલાનું મુન્દ્રા બંદરે તેના કામકાજ ક્ષેત્રે વિકાસ કરતા વિશ્વમાં 'અદાણી' બંદરના નામે ડંકો વાગે છે.

વાત વર્ષો પહેલાના મુન્દ્રાની જાહોજલાલીની હતી, દરેક શ્રમજીવી તેનું નસીબ લઇને મુન્દ્રા આવ્યા અને કામ ધંધા વિકસાવી ધંધાનું ફલક વિસ્તારી, અત્યારે દેશ-પરદેશમાં નામ-નાણા કમાયા છે. વાત કરવી છે એક મધ્યમ પરિવારની, મુળ બાંધકામ ક્ષેત્રે જે જ્ઞાતિની બોલબાલા હતી, અંગ્રેજોના સમયે ૭૦% રેલ્વેના કામોના કોન્ટ્રાકટ રાખી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરતા, એ સમયે બ્રિટીશ શાસકો તેમને રાયબહાદુર નામના ઈલ્કાબથી નવાજી તેમનું બહુમાન કરતાં, એવી આ શ્રી ક.ગુ.ક્ષ. મિસ્ત્રી સમાજના પરિવારની વાત કરવી છે. મૂળ ગામ ચંદિયાના વતની સ્વ. દેવશીભાઇ ભાણજીભાઇ ચાવડા, ખેતીવાડી તેમનો વ્યવસાય, તેમાંથી પરિવારનું ગુજરાન ચલાવવું, પરિવારમાં તે સમયે ત્રણ દિકરા, બે-બહેનો હતા, મુશ્કેલ છતાં, લીલી-સુકી ખેતી, મજુરી, ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવતા પણ કુદરતને મંજુર ન હતું. કચ્છમાં તે સમયે ભાગ્યે જ સારું ચોમાસું કે વર્ષ હોય, સતત દુષ્કાળનો સામનો કરવો પડે, એ સમયે ચંદિયા ગામેથી મધ્યમ માલેતુજાર લોકો ધંધાર્થે બહાર જવા લાગ્યા, પણ દેવસીભાઇએ તેમના પરિવાર સાથે કચ્છમાં જ લુખો-સુકો રોટલો મળી રહેશે તેવા દઢ નિર્ધાર સાથે સ્થળાંતર કરી મુન્દ્રા ખાતે ખેતીમાં નસીબ અજમાવ્યું, વર્ષ

૧૯૫૭-૫૮માં પણ બહુ ખેતીમાં કસ ન રહેવાને કારણે ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે શરૂઆત કરી તેમાં ફાવટ ન આવતાં તે છોડી એ સમયે ટપાલ ખાતામાં પોસ્ટમેન તરીકે કામ કરવાની તક મળતાં નાના પગારમાં પરિવારને સાચવવું મુશ્કેલ તો હતું, પરંતુ પરિવારમાં ૫ સંતાનો હતા, ઉંમર થતાં, સંતાનોને પગભર કરવાની



લ્હાયમાં મારે ઘરે બેસવું પડ્યું. નાના પુત્રના અભ્યાસને કારણે અને હોશીયાર હોવાથી બા, બે મોટા ભાઇની છત્રછાયા ગુમાવી હવે સંપૂર્ણ જવાબદારી મારા શીરે આવી. શાંત, સૌમ્ય, મૃદુભાષી એવા શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડાને સોંપી એસ.ટી.નું બેઝ લાયસન્સ હોવાથી કન્ડકટર તરીકે એસ.ટી. ડેપો મુન્દ્રામાં નિમણુંક મળી. પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે આગળ અભ્યાસની ઇચ્છા છતાં અધુરી રહી અને એસ.ટી.માં આઠ વર્ષ નોકરી કરી. પરંતુ મનમાં હતું મારે અભ્યાસ કરવો જ છે. એસ.એસ.સી., એચ.એસ.સી., કોલેજ બાદ એલ.એલ.બી.નો અભ્યાસ ચાલુ કર્યો. સમય સાથે કદમ મિલાવતા ઉંમરલાયક થતાં લગ્ન થયા. આ દરમ્યાન મારા કુટુંબના મોભી વડીલ માતા-પિતાની છત્રછાયા ગુમાવી. પરંતુ કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. જરા પણ નાસીપાસ થયા વિના મનોમન વિચાર આવ્યો કે, મારે આ પરિવારની જવાબદારી બખુબી નિભાવવી પડશે. મારા પરિવારમાં બે સંતાનો દિકરો-દિકરી અક્ષિતા અને આકાશ ચાવડા. ફેબ્રુઆરી-૧૯૯૦માં એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એસ.ટી.ની આઠ વર્ષે નોકરી છોડી મુન્દ્રા મધ્યે વકીલાત શરૂ કરી. સારી પ્રેકટીસ, વડીલોપાર્જીત જમીનના ભાવો સમય સાથે ભાવ ઉંચકાતા જમીન લે-વેંચ એસ્ટેટ બ્રોકરનું કામ કરી લેતો, પણ મૂળ વ્યવસાય વકીલાતને પ્રથમ અગ્રતા આપતો. ધરતી માતા ખેડુત પુત્રને કોઇ પણ સમયે અછત આવી હોય તો પણ વ્યાજ સાથે પરત આપે એ ઉક્તિ અનુસાર મારી પાસે જે કંઇ છે તે વડીલોના આશીર્વાદ થકી આર્થિક રીતે પગભર થયા છીએ. મુન્દ્રા ખાતે તેમજ મુન્દ્રાના ગામતળમાં વિવિધ રેસીડેન્સી, થ્રી-સ્ટાર હોટલ, રીસોર્ટ, બિઝનેસ



કોમ્પલેક્ષ ઉભા કરી રીયલ એસ્ટેટ અને વકીલાત ક્ષેત્રે કચ્છ અને બહાગામ નામના મેળવી. નાનપણમાં શ્રમ કરી મુન્દ્રા-કચ્છના વ્યવસાયીક ક્ષૈત્રમાં જેમનું મોટું નામ છે તેવા શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા મુન્દ્રા શહેરન વિવિધ સ્વૈચ્છીક-સામાજીક, ધાર્મિક સેવા ક્ષેત્રે પણ સંકળાયેલ છે. તેઓ અગાઉ મુન્દ્રા શહેર કોંગ્રેસના પ્રમુખ અને કચ્છ જીલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. મુન્દ્રાનું સોશ્યલ ગ્રુપ જે વિવિધ ધાર્મિક પ્રસંગોના આયોજનો કરે છે અને છેલ્લા ૧૯ વર્ષથી નિયમીત રીતે ગણપતિ, જન્માષ્ટમી ઉત્સવ આયોજન કરે છે. વિવિધ સંસ્થાઓને નિયમીત રીતે આર્થિક યોગદાન આપી બનતી સેવા કરે છે. દાન આપતી વખતે કોઇ નારાજ ન થાય તેની ખાસ કાળજી ભોગીલાલભાઇ રાખે છે. તેમના દ્વારેથી જરૂરીયાતમંદ પરિવારોને ફુલ નહીં તો ફુલની પાંખડી દાન સ્વરૂપે આપતા રહે છે.

શ્રી ભોગીલાલભાઇ તેમના નાનપણના દિવસો યાદ કરતા તેમને મનમાં થયું કે, આપણા સમાજમાં કોઇ પરિવારના નિરાધાર, ગરીબ કે આર્થિક સંકળામણ અનુભવતા વડીલો માટે એક યોજના બનાવી. આ યોજનાને નામ અપાયું 'માનવ મંદિર'. આ સ્થળ અંજારથી મુન્દ્રા જતાં સાડાઉ ગામની ત્રિભેટે સાડાઉ ગામ આવે અને ત્યાંથી મુન્દ્રાનું અંતર પાંચ કિ.મી.. આ કંઠીપટના ગામોમાં બાલમંદિરથી પ્રાથમિક અને હાઇસ્કુલ (અંગ્રેજી-ગુજરાત માધ્યમ) આવેલ છે. માનવ મંદિર નજીક જ એસ.ટી. બસ સ્ટેન્ડ, વિવિધ ધાર્મિક સ્થળો, જૈન દેરાસર, આધુનિક આરોગ્ય કેન્દ્ર અને ભોજનાલયની સુવિધા આ ગામમાં ઉપલબ્ધ છે. ત્યારે મને વિચાર આવ્યો કે, હું પણ મારા સમાજ માટે આવી કોઇ વ્યક્તિગત યોજના બનાવી તેમાં દરેક ઉચ્ચ સમાજના જરૂરીયાતમંદ લોકોને રહેવા-જમવા, મેડીકલ તેમજ ૧૦૦ વર્ષ પૂર્ણ થયે તેની અંત્યેષ્ટીનું પણ કરવું અને તેને આ યોજનામાં સામેલ કરી સેવાકીય કાર્યો કરવાનું મન બનાવ્યું. આવા જ આપણા કચ્છના ૨૦ ઘટકમાં





સક્રિય એવું મુન્દ્રા ઘટકના પ્રમુખ શ્રી ગિરીશ શિવલાલ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી ભુપેન્દ્ર વરૂ, મહિલા મંડળના પ્રમુખ જનકબેન પી. જેઠવા દ્વારા આ ઉચ્ચ પુણ્યશાળી કાર્ય માટે કામ કરવાની બાંહેધરી મળી. સાડાઉ ગામની બરાબર નજીક બસ સ્ટેન્ડથી પાંચ મિનિટના અંતરે ૧૫૦૦ ચો.મી.ના પ્લોટમાં ૫૦૦૦ ફુટ બાંધકામ સાથે આર.સી.સી. કન્સ્ટ્રકશન કરી ભોંય તળીયે ૧૨ રૂમ, પ્રથમ માળે ૧૨ રૂમ મળી કુલ ૨૪ રૂમનું આધુનિક, ભવ્યાતી-ભવ્ય માનવ મંદિરનું નિર્માણ રૂા. ૬૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. એક રૂમમાં બે વ્યક્તિ રહી શકે તેટલી સંપૂર્ણ સુવિધાયુક્ત તૈયાર કરવામાં આવેલ છે. સાથે આ માનવ મંદિર પરિસરમાં રહેતા જરૂરીયાતમંદ વડીલો માટે સવારે પૌષ્ટીક નાસ્તો, બપોર અને સાંજનું ભોજન, મેડીકલ સારવાર, દવાનો સંપૂર્ણ ખર્ચ શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે. સમાજના આપણા આ માનવ મંદિરમાં જરૂરીયાતમંદ વડીલો ઉપરાંત અબોલ જીવો માટે ગૌશાળાનું પણ નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં દેશી અને કાંકરેજી ગાયો રાખવામાં આવેલ છે. તેના માટે લીલા ચારાના ગોડાઉનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ગાયોનું દુધ આ જરૂરીયાતમંદ વડીલો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જરૂરત પૂરતાં શાકભાજી-ફળફળાદી, બાગ-બગીચા, રંગ-બેરંગી ફુલોથી સુશોભિત માનવ મંદિર નિરાધાર વડીલો માટે આ ધરતી પરનું સ્વર્ગ છે. શ્રી ભોગીલાલભાઇને સહજતાથી પૂછ્યું આ માનવ મંદિર બનાવી લોકોની સેવા કરવા માટે આપના પ્રેરણાશ્રોત કોણ ? તેમણે તરત જ જવાબ આપ્યો મારા બા-બાપુજી. સ્વ. દેવસીભાઇ ભાણજીભાઇ ચાવડા અને માતૃશ્રી સ્વ. નર્મદાબેન દેવસીભાઇ ચાવડા અને મારા ધર્મપત્ની શ્રીમતી દિપિકાબેન ભોગીલાલભાઇ ચાવડા. સૌએ મને આ માનવ મંદિરનું નિર્માણ કરાવી નિરાધાર વડીલોની સેવાનો મોકો આપ્યો. આ પરિસરમાં ૪૮ વ્યક્તિ રહી શકે તેટલી રહેવા-જમવા સહિતની તમામ સુવિધાઓ નિઃશુલ્ક છે. પ્રથમ આપણા સમાજની વ્યક્તિ ત્યાર બાદ અન્ય ઉચ્ચ સમાજના નિરાધાર વડીલોને આનો લાભ ''સંપૂર્ણ ખરાઇ'' કર્યા બાદ આપવામાં આવે છે.

આ માનવ મંદિર પરિસરમાં એક પરિવાર ટાંક ગીરીશભાઇ મુળ ગામ સિનુગ્રા હાલે નાલાસોપારાથી પતિ-પત્ની સાથે રહે છે તેમજ કિર્તીભાઇ રાઠોડ (ખેડોઇ) રાયપુર સમાજની વ્યક્તિઓ વસવાટ કરે છે. મંદિર પરિસરમાં ભજન-સત્સંગ દરરોજ થાય છે અને બધા જ તહેવારો હર્ષભેર ઉજવાય છે. સમય-સમય પર ધાર્મિક પ્રવાસનું પણ આયોજન કરવામાં આવે છે. પરિસરને એકદમ સ્વચ્છ રાખવા માટે આ ત્રણેય પરિવાર તેમનો અમુલ્ય સમય આપી નિયમિત સફાઇ કરે છે. આ માનવ મંદિરની મુલાકાત સમાજબંધુઓએ અવશ્ય લેવી જોઇએ.

સોનામાં સુગંધ ભળે તેવી વાત જણાવતા ભોગીલાલભાઇ ચાવડા પ્રથમ તો મુન્દ્રા ઘટકની સ્થાપનાથી વિવિધ હોદ્દા-સભ્ય તરીકે કાર્ય કરી આજપર્યંત સેવા આપી રહ્યા છે. તેઓ હાલે કચ્છ પ્રાદેશિક સમિતિના ચેરમેન અને મહાસભાના માનદ્ સભ્યશ્રી છે સાથે મુન્દ્રા ઘટકને સતત ધબકતું રાખવા નાના-મોટા કાર્યક્રમો જેવા કે, સરસ્વતી સન્માન, વડીલ વંદના, નવરાત્રી ઉત્સવ જેવા સામાજીક કાર્યક્રમોમાં આર્થિક યોગદાન આપતા રહે છે. સાથે સંજીવની મેડીકલ સહાયમાં પણ મહાસભાની અર્ધવાર્ષિક એવં વાર્ષિક બેઠકમાં તેમજ મુન્દ્રા તેમજ કચ્છની સામાજીક, ધાર્મિક સંસ્થાઓને આર્થિક અનુદાન આપતા રહે છે. હાલમાં મુન્દ્રા ઘટકમાં તેમના પરિવારજનો સામાજીક રીતે સંગઠીત રહી સમાજ સંગઠન મજબુત બનાવે તે હેતુસર ભવ્ય સમાજ ભવનના નિર્માણ માટે માનવ મંદિર પરિસરમાં વિશાળ પ્લોટ તેમના પરિવારજનોની સ્મૃતિમાં ઘટકને આપેલ છે. શ્રી ભોગીલાલભાઇ ચાવડાએ વિનમ્ર નિવેદન આપ્યું હતું કે, પવિત્ર પુરૂષોત્તમ માસ ચાલી રહ્યો છે. આ માસમાં આપણે દાન-પુણ્યના કર્મો કરતા હોઇએ છીએ. આ તો આંગળી ચિંધ્યાનું પુણ્ય જરૂરીતમંદ વડીલો માટે કરજો એજ સાચી સેવા છે.

મુલાકાત-લેખન : શ્રી સંજયભાઇ એલ. પરમાર-અંજાર
અંજાર વરીષ્ઠ મહામંત્રીશ્રી કચ્છ પ્રાદેશિક સમિતિ

# નારી દર્પણ

સંસ્કાર સેવા સમાનતા

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# ટીમ અખિલ ભારતીય મહિલા મહામંડળની સદ્‌ભાવના યાત્રા





અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીના નેતૃત્વમાં ટીમ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા બે તબક્કામાં વિવિધ ઘટકો અંતર્ગતના મહિલા મંડળોની સદ્‌ભાવના યાત્રા યોજાઇ હતી.

પ્રથમ તબક્કાની સદ્‌ભાવના યાત્રામાં તેઓની સાથે અ.ભા. મહિલા મહામંડળના વરીષ્ઠ ઉપપ્રમખ શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ, ઉપપ્રમુખ શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક, આધ્યાત્મિક સમિતિના પ્રભારી શ્રીમતી વંદનાબેન રસીકભાઇ ટાંક, ઝોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચંદુલાલ ચાવડા, શિક્ષણ મંત્રી શ્રીમતી કનકબેન જયંતભાઇ ટાંક તથા શ્રીમતી કલ્પનાબેન રાજેશભાઇ પરમાર જોડાયા હતા. આ ટીમ એ ખરિયાર રોડ, બાગબહારા તથા મહાસમુંદ ઘટક મહિલા મંડળના બહેનોની સૌજન્ય મુલાકાત લઇને મીટીંગ લીધેલ હતી. ત્રણે ઘટકના મહિલા મંડળના બહેનોએ ટીમનો ખુબજ સ્નેહપૂર્વક આદર સત્કાર કરી તેમના વિચારો જાણ્યા હતા. શ્રીમતી અમિતાબેન તથા તેમની સાથેના હોદ્દેદારોએ મહિલા મંડળની પ્રવૃત્તિઓથી બહેનોને અવગત કરી પ્રશ્નોતરી માધ્યમથી બહેનોને સામાજીક ગતિવિધિઓ બાબતે માર્ગદર્શન આપેલ હતું. પ્રવાસમાં મહાસમુન્દ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન નવિનભાઇ પરમાર, ખરિયાર રોડ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિલમબેન મુકુન્દભાઇ રાઠોડ, બાગબહારા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન નવિનભાઇ સોલંકી, મંત્રી શ્રીમતી નીતાબેન પરેશભાઇ પરમાર, બિલાસપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીતુબેન ખુશાલભાઇ ચૌહાણ, મંત્રી શ્રીમતી મંજુલાબેન રમણીકભાઇ ચૌહાણ તથા વિશેષ રૂપે મહાસભાની બિલાસપુર મધ્યે યોજાયેલ અર્ધવાર્ષિક બેઠક દરમિયાનના દરેક આયોજનોમાં તથા મીટીંગમાં મહાસભાના ઉપપ્રમુખ આદ. શ્રી અંબાલાલ બાપા અને તેમના ધર્મપત્ની



શ્રીમતી મુક્તાબેન અંબાલાલ ચૌહાણ, ઘટક મંત્રી શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઇ ચાવડા અને અ.ભા. મહિલા મહામંડળના મંત્રી શ્રીમતી સીમાબેન ચાવડા તરફથી ખુબજ પ્રશંસનિય સહયોગ મળેલ હતો. બિલાસપુર મધ્યે મહાસભાની અર્ધવાર્ષિક બેઠક, ભવ્ય સગપણ સંમેલન, બહેનો સાથેની મીટીંગ તથા મનોરંજન સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણી ટીમ અ.ભા.મહિલા મહામંડળે સદ્‌ભાવના યાત્રાનો બીજો તબક્કો શરૂ કરેલ હતો. આ યાત્રામાં પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી સાથે વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ સાથે મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ પણ જોડાયા હતા. પ્રવાસના પ્રારંભે આદ. વડીલ શ્રી અંબાલાલભાઇ ચૌહાણે રાયગઢ જવા માટે પોતાની કારની વ્યવસ્થા કરી વિદાય આપી હતી અને ટીમ રાયગઢ પહોંચી હતી.

**રાયગઢ ઘટક** મધ્યે પહોંચતાં ઘટક અને મહિલા મંડળ દ્વારા ખુબજ સ્નેહપૂર્વક આદર સત્કાર કરવામાં આવ્યો. ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ ચાવડા, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી



અરૂણાબેન તુષારભાઇ ચૌહાણ, યુવા મહામંડળના મહામંત્રી શ્રી અનમોલભાઇ ટાંક, સુ.શ્રી ઉષાબેન ચૌહાણ તથા તેમની ટીમ સાથે મીટીંગ કરી. રાયગઢ ઘટકમાં સમાજબાંધવોની સમાજ તથા કુટુંબ ભાવના જોઇને ટીમએ ખુબજ ખુશી અનુભવી.

**રાઉરકેલા ઘટક**ના આંગણે પહોંચતા ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, યુવા મંડળના પ્રમુખ શ્રી દિપેશભાઇ, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી ભુમિકાબેન નિતીનભાઇ વરૂ, શ્રી નિતીનભાઇ વરૂ, મહાસભાના મંત્રીશ્રી કિશોરભાઇ ટાંક, શ્રીમતી ગ્રિષ્માબેન પરમાર તથા તેમની ટીમ સાથે મીટીંગ કરી. ટીમ મહિલા મંડળનો ખુબજ પ્રેમપૂર્વક આદર સત્કાર કરવામાં આવ્યો. સમાજ ઉપયોગી વિચારોની આપ-લે થઇ. શ્રી દિનેશભાઇ પરમારના નિવાસ સ્થાને રાત્રી રોકાણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી. સૌના સ્નેહનું ભાથું લઇ આગળ વધ્યા.

**ચક્રધરપુર ઘટક** પહોંચતાં ત્યાંના સમાજબાંધવો



આવકાર આપવા માટે તૈયાર હતા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અંજનાબેન ચાવડા, મંત્રી શ્રીમતી દીનાબેન રાઠોડ તથા શ્રીમતી લતાબેન ગોવર્ધનભાઇ ટાંક અને બહેનોએ સુંદર સ્વાગત કર્યું. નાનું ઘટક છે પણ બહેનોનો અદમ્ય ઉત્સાહ જોઇને આનંદ થયો. બપોરના ભોજન સાથે સુંદર મિલનનું આયોજન થયું. ઘટક પ્રમુખશ્રી મનોજભાઇ ચાવડાએ કરેલ વાહન વ્યવસ્થાથી ચાઇબાસા તરફ પ્રયાણ કર્યું.

**ચાઇબાસા ઘટક**ની મુલાકાતે પહોંચતાં મહિલા મહામંડળના પદાધિકારીઓના સ્વાગત માટે ઉત્સુક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પારૂલબેન જેઠવા તથા મંત્રી શ્રીમતી અંજુબેન રાઠોડ અને બહેનાએ ખુબજ આદર સત્કાર કરીને મિલનનું આયોજન કરેલ હતું. નાનું ઘટક છતાં સુંદર આયોજન થયું. શ્રીમતી અનિલભાઇ જેઠવા - ઘટક પ્રમુખશ્રીની કારથી જમશેદપુર જવા રવાના થયા.

**જમશેદપુર ઘટક** મધ્યે પહોંચતાં પ્રાદેશિક પ્રમુખ શ્રી દિપકભાઇ ટાંક, ઘટક પ્રમુખશ્રી સુભાષભાઇ રાઠોડ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તૃપ્તિબેન રાઠોડ, મંત્રી શ્રીમતી દર્શનાબેન દિપકભાઇ ટાંક તથા ભાઇ-બહેનો દ્વારા સુંદર આતિથ્ય કરવામાં આવ્યું. ગુજરાતી સનાતન સમાજના હોલમાં મીટીંગ થઇ. સારી એવી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. જમશેદપુર એટલે સમાજ વિભુતિ સ્વ. નાનજીભાઇ ગોવિંદજી ટાંકની કર્મભૂમિ, રાત્રી રોકાણ શ્રી દિપકભાઇ ટાંક પરિવારની નટરાજ હોટલમાં કરવામાં આવેલ. જમશેદપુર ઘટકનું સુંદર આતિથ્ય માણી રાંચી તરફ પ્રયાણ કર્યું.

**રાંચી ઘટક** એટલે આપણા સમાજનું એક ઉત્સાહિત ઘટક ઝોનલ પ્રમુખ શ્રીમતી ઝરણાબેન પરમાર મહિલા મંડળ








પ્રમુખ શ્રીમતી મંગળાબેન રાઠોડ તથા કાર્યવાહક સભ્ય શ્રીમતી દીપાબેન ચૌહાણ દ્વારા ટીમનો હાર્દિક સત્કર કરવામાં આવ્યો. મીટીંગનું સુંદર આયોજન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રવાસની યાદગીરી રૂપે ગુજરાતી સમાજ દ્વારા ચાલતા ટ્યુશન ક્લાસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. રાંચી ઘટકના સ્નેહ આતિથ્યના આનંદ સાથે ધનબાદ તરફ પ્રયાણ કર્યું. રાંચી મહિલા મંડળ દ્વારા કારની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

**ધનબાદ ઘટક** એટલે આપણા સમાજનું મોસાળ. એક સમયે સામાજીક જાહોજલાલીનું કેન્દ્ર ધનબાદ ઘટક આજે પણ તેની સમૃદ્ધિનું સાક્ષી છે. ધનબાદ પહોંચેલી ટીમ અ.ભા. મહિલા મહામંડળને ધનબાદ ઘટક અને બહેનો વધાવ્યા બાદ શ્રીમતી માધુરીબેન રાજેન્દ્રભાઇ ચાવડાએ ખુબજ આગ્રહપૂર્વક પોતાના નિવાસ સ્થાને ઉતારો આપ્યો.



સમાજની અનેક ગતિવિધિઓનું સાક્ષી બનેલ ધનબાદ ઘટકના વિશાળ એ.સી. હોલમાં મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. કોલફિલ્ડ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી સમિતાબેન પરમાર, અ.ભા. મહિલા મહામંડળના મંત્રી શ્રીમતી રોહિણીબેન ચૌહાણ, ધનબાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મમતાબેન ચાવડા, ઘટક પ્રમુખ તથા મહાસભાના ઝોલન પ્રમુખ શ્રી કિરીટભાઇ ચૌહાણ, પ્રાદેશિક પ્રમુખ શ્રી કિશોરભાઇ પરમાર, શ્રી નરેશભાઇ ચાવડા તથા ઘટકના આતિથ્ય પ્રિય ભાઇ-બહેનો દ્વારા ટીમનો આદર-સત્કાર કરવામાં આવ્યો. ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન સાથે સામાજીક ઉત્થાનના વિચારોની આપ-લે થઇ. સાથે આપણા સમાજના શ્રી કે.જી.કે. મ્યુઝીક ગ્રુપ દ્વારા આયોજીત ગીત ગાયન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી



ઘટકને ગૌરવ અપાવનાર શ્રીમતી નમિતાબેન પરમારનું અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

**બર્દવાન ઘટક** અંતર્ગત આસનસોલ મુકામે બરાક્કા, સીતારામપુર, રાણીગંજ, દુર્ગાપુર વિસ્તારના સમાજબાંધવો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. ટીમ સાથે ધનબાદથી શ્રી કિરીટભાઇ ચૌહાણ તથા શ્રીમતી રોહિણીબેન ચૌહાણ, સાંસ્કૃતિક સમિતિના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પરમાર, કોલફિલ્ડ પ્રમુખ શ્રીમતી સમિતાબેન પરમાર સાથે જોડાયા હતા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નમિતાબેન પરમાર તથા બહેનો દ્વારા ખુબજ સ્નેહપૂર્વક આદર સત્કાર કરવામાં આવ્યો હતો. સરસ મજાના મિલનનું આયોજન કરવામાં આવેલ હતું.

**કોલકત્તા ઘટક** એટલે આપણા સમાજનું બંધારણીય ઉદ્‌ભવ સ્થાન. કોલકત્તા પહોંચેલી ટીમ અ.ભા.મહિલા મહામંડળનું ઘટક અને મહિલા મંડળ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું. પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી હીનાબેન ઉત્તમભાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ શ્રીમતી કુંદાબેન જેઠવાના નિવાસ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રમુખ શ્રીમતી અલ્કાબેન જેઠવા, મંત્રી શ્રીમતી પ્રિતીબેન રાઠોડ તથા બહેનોની સારી એવી ઉપસ્થિતિ હતી. સૌને મળીને ખુબજ આનંદ થયો. આટલા મોટા શહેરમાં બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. ગુજરાતી સમાજ કોલકતામાં રોકાણ વ્યવસ્થા કરેલ હતી.

**કટક ઘટક** ટીમની સદ્‌ભાવના પ્રવાસનો અંતિમ પડાવ એટલે કટક ઘટકની સ્નેહમય



મુલાકાત.... કટક પહોંચી ટીમનો ખુબજ હૃદયપૂર્વક આદર સત્કાર, સન્માન કરવામાં આવેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન રાઠોડ, શ્રીમતી રીટાબેન પ્રકાશભાઇ ટાંક તથા બહેનો દ્વારા સુંદર આતિથ્ય કરવામાં આવ્યું. શ્રીમતી શકુંતલાબેન રાઠોડ દ્વારા મીટીંગનું સુંદર સંચાલન કરવામાં આવ્યું. પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઇ ટાંક, ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ટાંક તથા ઘટકના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. અંબિકા હોટલવાળા શ્રી રાજનભાઇ રાઠોડ, પ્રતિમાબેન, જયશ્રીબેન રાઠોડનો સુંદર સહયોગ મળ્યો તેમજ રાત્રી રોકાણની હોટલમાં વ્યવસ્થા કરી. બધાને મળીને ખૂબજ આનંદ થયો.

આ રીતે કટક મધ્યે સદ્ભાવના યાત્રાને વિરામ આપી ટીમ યાત્રાધામ પુરી પહોંચીહતી. જ્યાં ભગવાન શ્રી જગન્નાથજીના દર્શન કરી સ્વામિનારાયણ મંદિર, પુરીનો રમણીય દરિયા કિનારો અને જોવાલાયક સ્થળોની મુલાકાત લઇ મધુર સ્મરણો સાથે પુરીથી ગાંધીધામ જવા રવાના થયા. પુરી મધ્યે હોટલવાળા ભાઇ શ્રી હરીશભાઇ ચાવડા તથા બાલાબેન રાઠોડએ આતિથ્યભાવ સાથે સુંદર વ્યવસ્થા કરેલ હતી. સદ્ભાવના પ્રવાસના સુખદ સ્મરણો લઇને ટીમ અ.ભા.મહિલા મહામંડળ સુખરૂપ તા. ૨૬/૬ના રોજ ગાંધીધામ પહોંચી હતી.

**સદ્ભાવના યાત્રા દરમિયાન ટીમના સભ્યો દ્વારા વ્યક્ત થયેલ વિચારોની આછેરી ઝલક...**

**શ્રીમતી અમિતાબેન સોલંકી – પ્રમુખશ્રી :** ''સંસ્કાર – સેવા – સાધના, એજ નારીની આરાધના...'' આપણું સુત્ર છે. દરેક પરિવારે સમાજ સાથે જોડાયેલા રહેવું જરૂરી છે. માતાઓ બાળકોમાં સામાજીકતા કેળવે અને સમાજના કાર્યક્રમોમાં આવતા-જતા કરી મદદરૂપ બનવા પ્રેરણા આપે. સંયુક્ત પરિવારોમાં બાળકોનું ઘડતર સારૂ થાય છે. દિકરીઓ સમયસર પરણે તેની ચિંતા કરવી જરૂરી છે. નાના શહેરો કે ગામોમાં દિકરી ન પરણાવવી જોઇએ તેવી માન્યતા દુર કરો. ત્યાંથી પણ આપણી દિકરી માટે સારા મુરતીયાઓ મળી શકે તેમ છે. શહેરોનો મોહ જતો કરો. દિકરીઓ જોબ કરતી હોય તો પણ ગૃહકામ અને રસોઇની તાલીમ આપો. પરિવાર અને જીવનમાં તકલીફો આવે તો તેનો વ્યવહારૂ રીતે સમજદારી અને



સહનશિલતા દાખવી સામનો કરો. વિદેશ મહિલા મંડળની સ્થાપના કરી અ.ભા.મહિલા મહામંડળ વધુ સક્રિય બની રહ્યું છે. સૌના સહકારની આશા છે.

**શ્રીમતી પુષ્પાબેન ટાંક – વરીષ્ઠ ઉપપ્રમુખ :** સ્ત્રી ત્રણ કુળ તારે છે પિતા, સાસરૂ અને મોસાળ. ત્રણેય ઘરોમાં સ્ત્રી વિવિધ સ્વરૂપે દુધમાં સાકર ભળે તેમ ભળી જાય છે અને પોતાની જવાબદારીઓ નિભાવી સૌના દિલ જીતે છે. મહાસભાએ આપણું 'હેડ' છે. યુવા મહામંડળ એ 'હેન્ડ' છે અને મહિલા મહામંડળ એ 'હાર્ટ' છે. બધા સાથે મળીને સમાજ સેવા કરે છે. બહેનો જાગૃત બને અને સમાજ સાથે જોડાયેલા રહે. સંગઠનમાં તાકાત છે.

**શ્રીમતી રીટાબેન ચૌહાણ – મહામંત્રી :** જીવનમાં આધ્યાત્મિક પ્રવૃત્તિઓને મહત્વ આપવાથી સામાજીક પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ કરવા માટેનું બળ મળશે. મહિલા મંડળો દ્વારા થતી પ્રવૃત્તિઓને મહાસભાના મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ'માં મોકલવી જોઇએ. જેથી બીજાને પ્રેરણા મળે. પ્રશ્નોતરીના માધ્યમથી સામાજીક જ્ઞાન અને મનોરંજન મળે છે. સંવાદોથી સંબંધો અને સંગઠન મજબુત બને છે.

**શ્રીમતી મીનાબેન વેગડ – કોષાધ્યક્ષ :** મહિલા મંડળો પોતાના ભંડોળમાં વધારો થાય તેવા પ્રયાસો કરે. નાણાં વગર પ્રવૃતિઓ કરવી અઘરૂ હોય છે. ખર્ચ કરવો પડે છે. અ.ભા.મહિલા મહામંડળ સાથે જોડાયેલા રહો. બાળકોને મોબાઇલથી દુર રાખી ભણતર સાથે ગણતર કરાવો.

**:: આભાર દર્શન ::**

રાયપુરથી પુરી સુધીની અમારી સદ્ભાવના યાત્રા દરમિયાન અમારા ઉપર અપાર સ્નેહની લાગણી દર્શાવી આતિથ્ય સત્કાર કરનાર... રેલ્વે સ્ટેશને પધારી અમારૂ સ્વાગત કરવાની સાથે ભોજનની વ્યવસ્થા કરી સહકાર આપનાર તમામ વહાલી બહેનો અને ભાઇઓના અમો આભારી છીએ... જય સમાજ... જય નારી શક્તિ....

અમિતાબેન સોલંકી – પ્રમુખ — પુષ્પાબેન ટાંક –વ. ઉપપ્રમુખ
રીટાબેન ચૌહાણ– મહામંત્રી — મીનાબેન વેગડ – કોષાધ્યક્ષ

– શ્રીમતી રીટાબેન ચૌહાણ – મહામંત્રી
– શ્રીમતી ગીતાબેન ચૌહાણ – મહામંત્રી

## સંબલપુર મહિલા મંડળ



સંબલપુર મહિલા મંડળની મીટીંગ તા. ૧૧-૩-૨૦૨૩ના શ્રીમતી ઇન્દીરાબેન ચમનભાઇ ચૌહાણના ઘરે રાખવામાં આવી હતી. આ મીટીંગમાં હોળીના ઉપલક્ષમાં થીમ રાખવામાં આવી હતી. બધા બહેનોને દિપ્તીબેન લલીતભાઇ વાઘેલાએ યોગાના સ્ટેપ્સ ઉપર ડાન્સ કર્યા હોળીના ગીત ઉપર અને દિવસને ખુબ યાદગાર બનાવ્યું. જેમાં બધા બહેનો ખુબજ સરસ આનંદ માણ્યો હતો. ત્યાર બાદ હોળી ઉપર ગેમ્સ રમાડવામાં આવી અને ઇન્દીરાબેન તરફથી વિજેતાઓને ઇનામ આપવામાં આવ્યા હતા. હોળી ફુલોથી રમ્યા ત્યાર બાદ નાસ્તો કરી બધા છુટા પડ્યા હતા.

સંબલપુર મહિલા મંડળ દ્વારા તા. ૨૬-૦૩-૨૦૨૩, રવિવારના રોજ એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસનું સ્થળ સંબલપુર પાસે આવેલ બરગઢમાં ભટલીગામમાં ખાટુ શ્યામબાબાના મંદિરે રાખવામાં આવ્યું હતું. સંબલપુરથી બધા સવારે ૯.૦૦ વાગ્યે બસમાં ગયા હતા અને બસમાં ભજન અને અંતાક્ષરી રમ્યા અને આનંદ માણ્યો હતો.



ત્યાર બાદ મંદિર પહોંચી બધા દર્શન કરી ત્યાં જ ભોજનનો પ્રસાદ લઇ થોડીવાર વિશ્રામ કર્યા બાદ મહિલા દિવસ પણ અમે બધા ભેગા થઇને આ જગ્યા પર જ મનાવ્યું હતું. આ દિવસે આપણા સમાજ તેમજ દરેક સમાજમાં સતત કાર્યશીલ એવા આપણા સમાજના ઉપપ્રમુખ શ્રીમતી રેણુકાબેન દિલીપભાઇ પરમારનું સાલ અને નાળીયેર આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સમાજની દિકરી પૂજા ચૌહાણ જેઓ નથી બોલી શકતા તેઓ ઘરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેઓને સિલાઇ કામ કરી પોતાના ઘરને મદદરૂપ થાય છે તે બહેનનું પણ સાલ અને નાળીયર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગેમ્સ રમ્યા હતા. ફોટા પડાવ્યા ત્યાં સ્વીમીંગ પુલ છે ત્યાંની પણ મજા લીધી અને સાંજે ચા-નાસ્તો કરી પરત ફર્યા. આ દિવસ અમારા બધા માટે આનંદમય તેમજ યાદગાર બની રહ્યો હતો.

## ચાઇબાસા મહિલા મંડળ

તા. ૧૫-૦૬-૨૦૨૩ના અ.ભા.મહિલા મહામંડળથી માનનીય પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ ચાઇબાસા ઘટકની મુલાકાતે આવેલ હતા. તેઓનું આગમન અમારા માટે ઉત્સવ જેવું હતું. તેને હોંશભેર ઉજવવામાં સાંજે શુભેચ્છા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન પ્રાંગણમાં મહિલા મહામંડળની ટીમનું બાળાઓ દ્વારા સામૈયું કરી વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિશ્રીઓને મંચસ્થ કર્યા બાદ દીપ



પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.

ચાઇબાસા ઘટકના સભ્યો દ્વારા વિશિષ્ટ મહેમાનોનું પુષ્પગુચ્છ તથા વહુઓ દ્વારા સુંદર સ્વાગત ગીતથી સન્માન કરવામાં આવ્યું હતું. નાની બાલીકાઓએ નૃત્ય પ્રસ્તુતી આપી સૌનું મન મોહી લીધું હતું. મહિલા મહામંડળ તરફથી તેઓને રૂા. ૧૧૦૦નું પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પારૂલબેને સ્વાગત પ્રવચન આપ્યું હતું. ત્યાર બાદ સમય થયો અતિથિઓને સાંભળવાનો જેનો સૌ આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. આદ. શ્રીમતી અમિતાબેનના પ્રેરક વકતવ્યએ અમિટ છાપ છોડી. મહામંત્રી શ્રીમતી રીટાબેનના પ્રશ્નોતરીમાં સૌએ હોંશભેર ભાગ લીધો હતો. આદ. પુષ્પાબેન અને મીનાબેનએ લાગણીભર્યા શબ્દોથી આશીર્વચન પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંતિમ પડાવમાં ઘટકના પદાધિકારીઓએ મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કર્યું હતું. આભારવિધી દીનાબેન રાઠોડ દ્વારા તથા સમગ્ર મીટીંગનું સંચાલન અંજુબેન રાઠોડ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા કલવિકાબેન રાઠોડ તથા ભાવનાબેન રાઠોડનું યોગદાન રહ્યું હતું. અંતમાં ગ્રુપ ફોટા પાડ્યા, સૌ સાથે ઉભા થઇ રાષ્ટ્રગાન ગાયું હતું ત્યાર બાદ રાત્રી ભોજન લઇ હર્ષોલ્લાસથી છુટા પડ્યા હતા.

## ધનબાદ મહિલા મંડળ



ધનબાદ મહિલા મંડળની સામાન્ય સભા તા. ૨૫-૦૪-૨૦૨૩ના રોજ નવા સત્ર ૨૦૨૩-૨૬ માટે સર્વસંમતિથી શ્રીમતી મમતાબેન નરેશભાઇ ચાવડાના પ્રમુખ રૂપે વરણી કરવામાં આવી હતી. સભામાં શ્રીમતી મમતાબેને નિવર્તમાન પ્રમુખ શ્રીમતી સમિતાબેન પરમાર તથા ઉપસ્થિત સર્વે બહેનોનો આભાર માનતા નીચે દર્શાવેલ સદસ્યોને પદભારની ઘોષણા કરી હતી. પ્રમુખ - શ્રીમતી મમતાબેન નરેશભાઇ ચાવડા, ઉપ્રમુખ - શ્રીમતી રેણુકાબેન મનોજભાઇ ચાવડા, ઉપપ્રમુખ - શ્રીમતી મમતાબેન ભરતભાઇ પરમાર, ઉપપ્રમુખ - શ્રીમતી મિનાક્ષીબેન દામોદરભાઇ યાદવ, મંત્રી - શ્રીમતી શીતલબેન આનંદભાઇ ચાવડા, સહમંત્રી - શ્રીમતી દક્ષાબેન હરીશભાઇ યાદવ, કોષાધ્યક્ષ - શ્રીમતી પિયુશાબેન મયુરભાઇ રાઠોડ, સહકોષાધ્યક્ષ - શ્રીમતી શીતલબેન જયેશભાઇ પરમાર તથા ૧૩ કાર્યકારીણી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ધનબાદ મહિલા મંડળના આંગણે સદ્ભાવના યાત્રાની કડીમાં રવિવાર, તા. ૧૮ જૂનનાં પધારેલ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી તથા મહિલા મંડળના અન્ય માનનીય પદાધિકારીઓનું સ્વાગત સમારોહ કાર્યક્રમ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મમતાબેન એન. ચાવડાની અધ્યક્ષતામાં સમાજવાડીમાં યોજવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં લગભગ ૧૨૫ બહેનોએ હાજરી આપી હતી.



સર્વપ્રથમ મહેમાનોનું સ્વાગત મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મમતાબેન ચાવડા તથા કાર્યકારીણીનાં અન્ય સભ્યો દ્વારા નારીયેળ તથા સુંદર ખેસ ભેંટ કરીને કરવામાં આવ્યું. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના કરી મહેમાનો સાથે દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ, સાંસ્કૃતિક અધ્યક્ષા શ્રીમતી સમીતાબેન પરમાર હાજર રહેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મમતાબેન દ્વારા સ્વાગત પ્રવચન કરી સર્વેને આવકાર આપેલ હતો. ત્યાર બાદ સીમાબેન ચૌહાણના નેતૃત્વમાં ધનબાદના નાના બાળકો દ્વારા ઝારખંડનું પારંપરીક સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મંચાસીન સર્વે અતિથિઓને પ્રમુખ શ્રીમતી મમતાબેન, ઉપપ્રમુખ રેણુકાબેન, મંત્રી શતીલબેન, કોષાધ્યક્ષ પિયુષાબેન દ્વારા યાદગીરી રૂપે સ્મૃતિ ચિન્હ તથા હર્ટફૂલનેસ સંસ્થા દ્વારા પ્રકાશીત એક પુસ્તક 'વિઝડમ બ્રિજ' (ગોલ્ડન બુક ઓફ દી ઇયર ૨૦૨૩) ભેંટ સ્વરૂપ આપવામાં આવી હતી. આ પુસ્તકમાં લેખકે પેરેન્ટીંગના

નવ પ્રિન્સીપલ્સ ઉપર ખુબ સરસથી ઉલ્લેખ કર્યો છે જે આજનાં યુવાઓ માટે ખુબજ અસરકારક સિદ્ધ થઇ રહ્યું છે.

ત્યાર બાદ અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેને પોતાના ઉદ્‌બોધનમાં બહેનોને નારી શક્તિ વિશે જણાવેલ. સમાજમાં વ્યાપ્ત સગપણ અને છુટાછેડા જેવી જ્વલંત સમસ્યાઓનું વિસ્તારપૂર્વક ચર્ચા કરી કારણ અને નિરાકરણ ઉપર પ્રકાશ નાખ્યો. મહિલા મહામંડળ દ્વારા આયોજીત ઓનલાઇન સ્પર્ધા તથા વેબીનારમાં બહેનોને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. પ્રશ્નોતરી દરમ્યાન અન્ય વિષયો ઉપર પણ ખુલ્લી ચર્ચા થઇ.

ત્યાર બાદ મહિલા મહામંડળ દ્વારા આયોજીત વિભિન્ન ઓનલાઇન સ્પર્ધાઓમાં સ્થાનીય વિજેતા બહેનો શ્રીમતી સીમાબેન ચૌહાણ, શ્રીમતી નમિતાબેન પરમાર, શ્રીમતી ખુશ્બુબેન ચૌહાણ, સહમંત્રી દક્ષાબેન યાદવ, કુ. હિયા ધ્રુવ ચાવડા, કુ. ભુમિ ઘનશ્યામ ચૌહાણને મહેમાનો દ્વારા પુરસ્કાર વિરણ કરી સન્માનિત કર્યા હતા. ત્યાર બાદ સીમાબેન ચૌહાણ તથા અન્ય બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ થઇ હતી જેને સર્વેએ ખૂબજ સરાહના કરી હતી. આ કાર્યક્રમમાં ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ ચૌહાણ, મંત્રી શ્રી પિયુષભાઇ વેગડ, કોલફીલ્ડ પ્રાદેશિક પ્રમુખ શ્રી કિશોરભાઇ પરમાર, યુવા મંડળ પ્રમુખ શ્રી અમિતભાઇ ચાવડા, બોકારો મહિલા મંડળના પ્રમુખ તથા અન્ય ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં મહિલા મંડળના મંત્રી શ્રીમતી શીતલબેન ચાવડાએ આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વેનો આભાર વ્યક્ત કરતા રાત્રી ભોજન લેવા આમંત્રીત કરેલ. ત્યાર બાદ સર્વે સાથે મળીને સ્વાદિષ્ટ રાત્રી ભોજનનો આનંદ લઇ છુટા પડ્યા હતા.

## બર્દવાન મહિલા મંડળ




બર્દવાન મહિલા મંડળના આસનસોલ મધ્યે તા. ૧૯-૦૬-૨૦૨૩ના અતિથિ વિશેષ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ આદ. શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ, મંત્રી શ્રીમતી રોહીણીબેન કિરીટભાઇ ચૌહાણ, કોલફીલ્ડ પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી સમીતાબેન હિતેશભાઇ પમાર તથા મહાસભાના ઝોનલ પ્રમુખ અને ધનબાદ ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ ચૌહાણ પધારેલ હતા.

આદ. અમિતાબેન તથા તેમની ટીમ સદ્‌ભાવના યાત્રાના વ્યસ્તતમ કાર્યક્રમ વચ્ચે સમય કાઢી આવેલા. અતિથિઓનું સ્વાગત બંગાળી તથા ગુજરાતી વિધીથી મહિલા મંડળના પૂર્વ પ્રમુખ આદ. શ્રીમતી કુમુદબેન ચૌહાણ અને પૂર્વીબેન ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું શુભારંભ મુખ્ય અતિથિ દ્વારા ગણેશ મંત્ર તથા ગાયત્રી મંત્રના સામુહિક ઉચ્ચારણ સાથે દીપ પ્રજ્વલ્લિત કરીને કરવામાં આવ્યું. નાની દીકરીઓ દ્વારા બંગાળી તથા રાધાકૃષ્ણના નૃત્યની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી. મુખ્ય અતિથિઓનું સ્વાગત કર્યા પછી પ્રમુખ શ્રીમતી અમિતાબેન, પુષ્પાબેન, રીટાબેન, મીનાબેન, રોહિણીબેન, સમિતાબેન એ પોતાના અનુભવો રજુ કર્યા હતા. ઘટકની બહેનો સાથે સામાજીક વિષયો ઉપર પરિચર્ચા કરવામાં આવી તથા



અ.ભા.મહિલા મહામંડળ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં વધુમાં વધુ બહેનો ભાગ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યું. મહાસભા ઝોનલ પ્રમુખ શ્રી કિરીટભાઇ ચૌહાણે સુંદર વકતવ્ય દ્વારા સમાજ નિર્માણમાં સાહિત્યને સંસ્કૃતિ વિષય વિચાર અભિવ્યક્ત કરેલ. બર્દવાન ઘટક મહિલા મંડળ તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના સાંસ્કૃતિક સમિતિના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પરમાર દ્વારા અતિથિઓનું સમ્માન કરવામાં આવ્યું હતું. ઘટક તરફથી શ્રી કિરીટભાઇ ચૌહાણનું સમ્માન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં કલ્પનાબેન પરમાર આસનસોલ દ્વારા આભાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઘટક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નમિતાબેન પરમાર અને મંત્રી શ્રીમતી ભૂમિકાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ રીમતી ઉર્મિબેન પરમાર, કોષાધ્યક્ષ શ્રીમતી નંદિતાબેન ચૌહાણ સાથે આસનસોલ, રાનીગંજ, દુર્ગાપુર, સીતારામપુર, બરાકર, પરાસ્કોલથી બહેનો આ મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગમાં ઘટકની બહેનોએ બંગાળી પરિવેશ ધારણ કરી ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

## બિલાસપુર મહિલા મંડળ



છત્તીસગઢની પાવન ધરા બિલાસપુરમાં તા. ૧૦ અને ૧૧ જુન-૨૦૨૩ના છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ તથા બિલાસપુર ઘટકના તત્વાધાનમાં અખિલ ભારતીય કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠક તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલનનું આયોજન કરવામાં આવેલ. આ વિરાટ અધિવેશનમાં અખિલ ભારતીય મહિલા મહામંડળનું સંમેલન પણ સમાહિત હતું. આયોજનમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ આદ. શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીના સાથે અ.ભા.મ. મહામંડળના અનેક હોદ્દેદારો બિલાસપુરના આંગણે પધારેલ હતા.

અ.ભા.મહિલા મહામંડળની સભાનું આયોજન ઘટકના સમાજ ભવનમાં રાખવામાં આવેલ. જેમાં પધારેલ અ.ભા.મહિલા મહામંડળના સમસ્ત પદાધિકારીઓનું સ્વાગત



પુષ્પહાર તથા સ્મૃતિ ચિન્હ ભેટ આપી બિલાસપુર ઘટક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીતુબેન ખુશાલભાઇ ચૌહાણ તથા અન્ય પદાધિકારીઓ તથા ઘટકના બહેનો દ્વારા કરવામાં આવેલ. અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી દ્વારા પોતાના ઉદ્‌બોધનમાં અ.ભા.મ. મહામંડળ દ્વારા થતી અનેક પ્રવૃત્તિઓ જે ઓનલાઇન તથા ઓફલાઇન સમય-સમય પર થતી રહે છે તેનું ઉલ્લેખ કરતા વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. મહિલા મહામંડળના પ્રેરણા સુત્ર ''જય નારી શક્તિ''ને સાર્થક કરવા સતત પ્રયાસરત રહેવા સમસ્ત બહેનોને આગ્રહ કરેલ. અત્યંત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સભાને વિરામ આપવામાં આવેલ.

## રાયગઢ મહિલા મંડળ




તા. ૧૨-૦૬-૨૦૨૩ના શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયગઢ ઘટકમાં અ.ભા. મહિલા મહામંડળ પ્રમુખ આદ. અમિતાબેન સોલંકી તેમની ટીમ મેમ્બર્સ સાથે સદ્‌ભાવના યાત્રાના અંતર્ગત સર્વપ્રથમ સાંસ્કૃતિક નગરી રાયગઢમાં પધાર્યા હતા. સર્વે મહેમાનોના જમણવારની વ્યવસ્થા મહિલા મંડળ ઉપપ્રમુખ નૂતનબેન ચાવડાનાં નિવાસ સ્થાને કરવામાં આવી હતી. સંધ્યા પાંચ કલાકેથી રાયગઢ મહિલા મંડળના સર્વે સદસ્યો તેમજ ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ ચાવડા, યુવા મંડળ પ્રમુખ શ્રી ચંદનભાઇ ટાંક અને યુવા મંડળ મહામંત્રી શ્રી અનમોલભાઇ ટાંકની ઉપસ્થિતિમાં અમિતાબેન અને મહિલા મહામંડળના પદાધિકારી સર્વેથી રૂબરૂ થયા હતા. આવેલા મહેમાનોનું સ્વાગત પુષ્પ અને ઇત્ર વર્ષાથી કરવામાં આવ્યું હતું. સ્વાગત ગીત તન્વીબેન પરમર દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. અમિતાબેન સોલંકી દ્વારા સામાજીક વિષયો પર માર્ગદર્શન આપવામાં



આવ્યું. મહિલા મહામંડળના પદાધિકારી બહેનોએ પણ પોતાના વિચાર વ્યક્ત કરી માર્ગદર્શન દેવામાં આવ્યું. ઉષાબેન ચૌહાણ દ્વારા મહેમાનોનું આભાર પ્રગટ કરવામાં આવેલ. બેઠકમાં ઉપસ્થિત સમાજના સમસ્ત સભ્યો માટે મહિલા મંડળ દ્વારા રાત્રીભોજનની વ્યવસ્થા હતી. મહેમાનો માટે જલપાન એવં વાહનની વ્યવસ્થા મહિલા મંડળ પ્રમુખ અરૂણાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. રાયગઢમાં આ સદ્‌ભાવના યાત્રા મહિલા મંડળના સર્વે બહેનોના સહયોગથી કરવામાં આવેલ હતી. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના ઉચ્ચ પદાધિકારી બહેનોથી મળીને અને એમનાં માર્ગદર્શનથી બહેનોમાં નવીન ઉર્જાનો સંચાર થયો છે.

## મીઠાપુર મહિલા મંડળ



મીઠાપુર મહિલા મંડળની સામાન્ય સભા તા. ૬-૬-૨૦૨૩ના રોજ સમન્વય પાર્કમાં રાખવામાં આવેલ હતી. મીટીંગની શરૂઆત ભજન-કિર્તનથી કરવામાં આવી હતી. ત્યાર બાદ મહિલા મંડળના મંત્રી શ્રીમતી ભાવિકાબેન ચૌહાણે વાર્ષિક અહેવાલ રજુ કરેલ. ત્યાર બાદ મહિલા મંડળના ખજાનચી શ્રીમતી પ્રિયાબેન પરમારે વાર્ષિક હિસાબ રજુ કરેલ. ત્યાર બાદ કવિતાબેન અને પુનિતાબેને એક મિનિટની ગેમ રમાડી હતી. જેમાં પ્રથમ મયુરીબેન ચૌહાણ દ્વિતીય કવિતાબેન ચૌહાણ અને તૃતિય નિર્મળાબેન ચૌહાણ રહ્યા હતા. ત્યાર બાદ હાઉજી ગેમ રમી હતી અને નાસ્તાનો આનંદ માણ્યો હતો. છેલ્લે પ્રમુખ શ્રીમતી ઉષાબેન રાઠોડે બધી બહેનોનો મીટીંગમાં આવવા બદલ આભાર માન્યો હતો. તા. ૨૦-૭-૨૦૨૩ના રોજ અષાઢીબીજની દ્વારકા મુકામે ઉજવણી કરવામાં આવી હતી. અષાઢી બીજ એટલે આપણા કચ્છના લોકોનું નવું વર્ષ અષાઢી બીજના ત્રણેય ગામ ઓખા, મીઠાપુર અને દ્વારકાના આપણા સમાજના લોકો ભેગા મળીને ઉજવણી કરી હતી. ત્રણેય ગામના લોકોએ પોત-પોતાનો સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કર્યા હતો. મીઠાપુરના લોકોએ ગણેશજીની સ્તુતિથી પ્રોગ્રામની શરૂઆત કરી હતી. સાંસ્કૃતિક પ્રોગ્રામમાં નાના-નાના ભુલકાઓ, યુવતીઓ અને મહિલા મંડળની બહેનોએ ભાગ લીધો હતો.




કોઇએ ગીત ગાયું હતું તો કોઇએ ડાન્સ કર્યો હતો. મીઠાપુરની યુવતીઓએ ગરબો કર્યો હતો. મીઠાપુર મહિલા મંડળની બહેનોએ તાલ કચેરીની રજુઆત કરી હતી. જેમાં બહેનોએ રસોડામાં વપરાતા વાસણને મ્યુઝીકના તાલે વગાડ્યા હતા. તાલ કચેરીમાં જયશ્રીબેન ટાંકે ખમણી અને ચમચી વગાડ્યા હતા. શીતલબેન વરૂએ પાટલો અને વેલણ વગાડ્યા હતા. પુનિતાબેન ચૌહાણે ચાયણી અને કાંટાથી સંગીત પીરસ્યું હતું. ભાવનાબેન પી. ચૌહાણે કળછી વગાડી હતી. મંજુબેન વરૂએ કઠોળની બરણી વગાડી હતી. જીજ્ઞાબેન ચૌહાણે કાંચનો કચોરો અને ચમચી વગાડ્યાં હતા. ઉષાબેન રાઠોડે માટલી અને લાકડી વગાડ્યા હતા. ભાવનાબેન એ. ચૌહાણે બોઘેણી અને લાકડીથી સંગીત પીરસ્યું હતું અને કવિતાબેન ચૌહાણે તપેલા વગાડ્યા હતા. આ તાલ કચેરીની તૈયારી કરવામાં યોષિતાબેન રાઠોડે માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. તેઓ હાલમાં મીઠાપુરની હાઇસ્કુલમાં મ્યુઝીક ટીચર તરીકે ફરજ બજાવે છે. તાલ કચેરીમાં કેસીયા ઉપર મ્યુઝીક કાજલબેન ચૌહાણે આપ્યું હતું અને તાલ કચેરીનું દિગ્દર્શક અંશુલ રાઠોડે કર્યું હતું. છેલ્લે સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બધા પ્રસાદી લઇ છુટા પડ્યા હતા.

## અંજાર મહિલા મંડળ

અંજાર મહિલા મંડળની મીટીંગ તા. ૧-૫-૨૦૨૩ના મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પી. ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતી. જેમાં એક મિનિટની ગેમ શીલાબેન એસ. જેઠવાએ રમાડેલ હતી. ત્રણ બહેનો વિજેતા બનેલ હતી. જેમાં પ્રથમ ચેતનાબેન ચૌહાણ, દ્વિતીય મધુબેન રાઠોડ અને તૃતિય જાગૃતિબેન પઢિઆર રહ્યા હતા. પ્રભુ પ્રાર્થના, પ્રસાદ, સામાજીક ચર્ચા કરેલ હતી. ઇનામના દાતા સહમંત્રી શ્રીમતી હંસાબેન ટાંક રહ્યા હતા. મીટીંગમાં પ્રસાદી જયશ્રીબેન રાઠોડ તથા રીટાબેન ચાવડા તરફથી આપવામાં આવેલ હતી. માધાપર મુકામે તા. ૧૩-૪-૨૦૨૩ થી ૧૯-૪-૨૦૨૩ સુધી યોજાયેલ સમુહ ભાગવત સપ્તાહમાં અંજાર મહિલા મંડળે રૂા. ૨૫૦૦૦નું અનુદાન આપી એક પોથીના યજમાન બની





ભાગવત સપ્તાહનો લાભ સૌ બહેનોએ લીધો હતો. ત્યાં કથામાં પૂજા, આરતી, દરેક પ્રસંગો અને નારાયણ યજ્ઞનો લાભ લીધો હતો અને માધાપર ઘટકમાં કથાના મુખ્ય યજમાન સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી અને મનોજભાઇ સોલંકી તરફથી અંજાર મહિલા મંડળનું સાલ ઓઢાડી સન્માન કરેલ હતું. બધા જ પ્રસંગો ધામધૂમથી ઉજવેલ હતા. ત્યાર બાદ તા. ૧-૬-૨૦૨૩ના બહેનોમાં ખોરાકની બાબતમાં વિવિધતા લાવવા માટે વેસ્ટમાંથી બેસ્ટ વઘારેલી રોટલી વિવિધ પ્રકારે બનાવવી એવી વાનગી સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ત્રણ બહેનો વિજેતા થયેલ હતા. જેમાં પ્રથમ જ્યોતિબેન વેગડ, દ્વિતીય - રંજનબેન સોલંકી, તૃતિય - મધુબેન રાઠોડ વિજયી થયા હતા. દરેક બહેનોએ તેનો સ્વાદ ચાખેલ હતો. આ સ્પર્ધાના ઇનામ પ્રસાદીના દાતા કુંદનબેન જેઠવા અને જયશ્રીબેન જેઠવા તરફથી ઇનામો અને ભાગ લેનાર દરેકને આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા હતા. મહિલા મંડળ તરફથી કુલ્ફી ખવડાવવામાં આવી હતી.

તા. ૨૦-૬-૨૦૨૩ના અષાઢી બીજના રોજ કચ્છી નવા વર્ષના દિવસે અંજાર ઘટકના આંગણે શ્રી વિરામામાની પેડી નિમિત્તે સમુહ મહાપ્રસાદનું આયોજન કરેલ હતું. જેમાં ૫૦૦૦થી વધુ સંખ્યામાં સમાજબંધુઓ જોડાઇને પ્રસાદનો લાભ લીધો હતો. સમાજના ઉભરતા સંગીત કલાકારો દ્વારા સંગીતની મહેફીલ જામી હતી. આ દિવસે ગુજરાતી ગરબા, ગુજરાત લોકગીત, ભજનો, આરતી વગેરે કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા અને બધા લોકોએ તેઓનો આભાર માન્યો હતો. સમસ્ત સમાજબંધુઓને મહાપ્રસાદ પીરસવાની જવાબદારી મહિલા મંડળના કારોબારી, હોદ્દેદારોની હતી. અષાઢી બીજના દિવસે અંજાર ઘટકના નવનિર્વાચીત પ્રમુખ શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારનું ઘટક, અન્ય સંસ્થા પ્રાદેશિક સમિતિ, પ્રાદેશિક મહિલા મંડળ, યુવા મંડળ, મહાસભા, મહિલા મંડળ, અન્ય ઘટકો, સખી મંડળ, જેઠવા, ગોહિલ, ખોડિયાર, રાઠોડ પરિવાર દ્વારા પુષ્પગુચ્છ અને સાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા મંડળ દ્વારા અષાઢી બીજના હનુમાનજીના સુંદરકાંડનો પાઠ કરેલ હતો. કંચનબેન, નિર્મલાબેન, સવિતાબેન, શાન્તાબેન દ્વારા દીપ પ્રાગટ્ય કરેલ હતું. મહિલા મંડળના હોદ્દેદારો અને સભ્યો દ્વારા સંગીત અને વેગડ સાઉન્ડના સથવારે સુંદરકાંડના પાઠ થયા બાદ છેલ્લે આરતી અને પૂર્ણાહુતિ કરેલ હતી. છેલ્લે હનુમાન ચાલિસા બોલ્યા બાદ પ્રસાદ કરેલ હતી અને સૌ બહેનોએ નવા વર્ષની એકબીજાને રામ રામ કરી શુભેચ્છા પાઠવેલ હતી અને પ્રસંગની મજા માણેલ હતી.

તા. ૧-૭-૨૦૨૩ના રોજ ઇલોબનના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાયેલ હતી. જેમાં સિક્કાવાળી ગેમ રમાડવામાં આવી હતી. જેમાં ગણતરી કરવાની હતી. આ રમતમાં દરેક બહેનો રમત રમ્યા હતા અને તેનો આનંદ માણેલ હતો. જેમાં ત્રણ



બહેનોના નંબર આવેલ હતા. પ્રથમ રીટાબેન ચાવડા, દ્વિતીય ઉર્મિલાબેન પરમાર અને તૃતિય - મંજુલાબેન રાઠોડ રહ્યા હતા. ગેમ માયાબેન, વર્ષાબેન, સંગીતાબેને રમાડેલ હતી. ઇનામ માયાબેન ભરતભાઇ વાઢેર તરફથી આપવામાં આવેલ હતા. કુલ્ફી પણ માયાબેન ભરતભાઇ વાઢેરે દરેકને ખવડાવી હતી. પ્રસાદી ચાંદુબેન અને ભારતીબેન તરફથી મળેલ હતી. મીટીંગમાં લક્કી ડ્રો, ઇનામ, ભજન, પ્રસાદ વગેરે થયા હતા.

હવે તા. ૧૮-૦૭-૨૦૨૩ના અધિકમાસના પ્રારંભમાં પ્રથમ દિવસે મહિલા મંડળ તરફથી ચાર દિવસીય પ્રવાસનું આયોજન અને તેના અંગે ચર્ચા કરેલ હતી. જેમાં જમવાનું, અલ્પાહાર, મહિલા મંડળ તરફથી આપવામાં આવશે એવું નક્કી કરેલ હતું. સંચાલન વંદનાબેન ખોડિયારે કરેલ હતું. સવિતાબેન, ગૌરીબેન, ભાનુબેન, હંસાબેન, કંચનબેન, શાંતાબેન વગેરે બહેનોએ સહયોગ આપેલ હતો.

## ચક્રધરપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ચક્રધરપુર મહિલા મંડળના બહેનો તથા સમાજબાંધવો દ્વારા અખિલ ભારતીય મહિલા મહામંડળના હોદ્દેદારશ્રીઓનું ખુબજ ઉષ્માભેર આદર સત્કાર કરવામાં આવ્યું હતું. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી અને વરીષ્ઠ સલાહકાર શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક અને મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડનું સ્વાગત ઉત્સાહથી ચક્રધરપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અંજાબેન મનોજભાઇ ચાવડા તથા મંત્રી શ્રીમતી હિનાબેન પરેશભાઇ રાઠોડ તથા યુવા મંડળ પ્રમુખ



શ્રીમતી પ્રીતબેન પરેશભાઇ પરમાર તથા સમાજના બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું અને બાળકો તથા બહેનોએ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઇને આ મીટીંગનું આયોજન પુરા ઉત્સાહથી કર્યું. શ્રીમતી અમિતાબેન અને એમની ટીમના આગમનથી અમને ખુબજ પ્રોત્સાહન મળ્યું હતું.

## રાયપુર મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર મહિલા મંડળની મીટીંગ સમાજ ભવનમાં રાખવામાં આવેલ. મીટીંગની શરૂઆત ભગવાનના ભજન, આરતી અને થાળથી કરવામાં આવેલ. વીસી ચંદ્રપ્રભાબેન ચૌહાણ અને ગીતાબેન ચાવડાની હતી. ૨૧ જુનના યોગ દિવસના ઉપલક્ષમાં મહિલા મંડળ તરફથી યોગ ટ્રેનર અંજલીબેન રાઠોડને આમંત્રિત કરવામાં આવેલ એમને યોગા ટીપ્સ અને સ્વસ્થ કેવી રીતે રહેવું તેની જાણકારી આપી હતી. બીપી, શુગર, થાઇરોઇડ, કમર અને ઘુંટણનો દુ:ખાવો યોગ કરીને કેમ કંટ્રોલ કરી શકાય છે તેની પણ જાણકારી આપી હતી.



નિરોગી રહેવાનો સંકલ્પ લઇ બધી બહેનોએ યોગ કર્યા હતા.

અંજલી બહેને ખુબજ સારી અને સરળ રીતે યોગ શિખવાડ્યું હતું. બહેનોની સારી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. વીસીમાં આકર્ષણ ગેમ પણ રમાડવામાં આવેલ. જેમાં વિનર હતા પ્રથમ - તરલાબેન ચાવડા, દ્વિતીય - સરિતાબેન પરમાર. અંતમાં પુષ્પગુચ્છ અને સ્મૃતિ ચિન્હથી અંજલીબેનનું સમ્માન કરવામાં આવેલ પછી અલ્પાહાર લઇ બધા છુટા પડ્યા હતા.

## નાગપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તા. ૨૧-૦૬-૨૦૨૩ નિમિત્તે શ્રીમતી નોમિકાબેન ચૌહાણ દ્વારા બધા ઉપસ્થિત મહિલાઓને પ્રાણાયામ તથા યોગાની જાણકારી આપવામાં આવી હતી અને વિભિન્ન આસન અને પ્રાણાયામ શીખવાડવામાં આવ્યા હતા. આ અવસરે નાગપુર મહિલા મંડળ દ્વારા શ્રીમતી નોમિકાબેન ચૌહાણનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ



મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડલ તરફ થઈ ગુણવંત વિદ્યાર્થીઓનો સત્કાર કરવામાં આવેલ. મરાઠવાડાના પ્રમુખ સૌ. પ્રિતીબેન વરુ એ ધોરણ ૧૦ અને ૧૨માં જે વિદ્યાર્થીઓએ ૮૫% થી વધુ ગુણ મેળવ્યા એમનો ઑનલાઇન સત્કાર કર્યો હતો. વેણુ વરુ ૯૨%(ઔરંગાબાદ ઘટક), હિરલ નિતીન જેઠવા ૮૭.૮૦%(શ્રીરામપૂર ઘટક), તનીષ ચૌહાણ ૮૮. ૩૩ % (ઔરંગાબાદ ધટક), હૃદયા મારુ ૮૭.૫ % (ઔરંગાબાદ ધટક), નિધી ચૌહાણ ૮૬. ૬ %(શ્રીરામપૂર ઘટક) આ બધા પ્રતિભાવંત બાળકોને પ્રીતિબેન એ ₹ ૫૦૦ આપી વધાવ્યા હતા. પ્રીતિબેનની આ પહેલના લીધે બાળકોમાં નવો ઉત્સાહ આવી ગયો હતો.

## મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ)



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ દ્વારા તા. ૧૮ મે ૨૦૨૩ના રોજ મધર્સ ડે નિમિત્તે મુંબઇ મહિલા મંડળ તરફથી બાળક અને તેની માતા માટે એક અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા ''કુક વિથ મોમ'' અંતર્ગત મેંગો મસ્તી થીમને અનુસરીને, સ્પર્ધક પાકી કેરીમાંથી કોઇપણ વાનગી બનાવવાની હતી. આ સ્ર્ધાના ઇનામના પ્રાયોજક શ્રીમતી લક્ષ્મીબેન મનહરભાઇ ચૌહાણ - કાંદીવલી હતા. જજની ભૂમિકા શ્રીમતી અમીશાબેન ટાંકએ નિભાવી હતી. ઇનામ જીતનાર બાળક અને માતાની જોડીમાં ★ ક્રિએટીવ ડીશ : પ્રથમ - દીવા અને વૈશાલી રાઠોડ (મેંગો બબાલ ટી), દ્વિતીય - ફાગુન અને રોમા પરમાર (મેંગો બિસ્કીટ પુડીંગ), કશિશ અને લીના મારૂ (મેંગો ડીલાઇટ), ★ હેલ્ધી ડીશ : પ્રથમ - વ્રજ અને રિદ્ધિ રાઠોડ (મેંગો મેક્સિકન ટ્વીસ્ટ), દ્વિતીય - યાનિશા અને ગીત પરમાર (મેંગો મુસ્લી ડિલાઇટ), ★ મેંગો ડ્રીંક્સ : પ્રથમ - વિરાટ અને રોમા પરમાર (મેંગો મોઇતો), દ્વિતીય - જેવલ અને નેહા ટાંક (મેંગો મિલ્ક શેક), ★ ડેઝર્ટ ક્વીન : પ્રથમ - પ્રિશા અને પાયલ ટાંક (મેંગો શ્રીખંડ).




પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ

**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ**

4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ

**શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક**

એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com





Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal


## છત્તીસગઢ પ્રાદેશીક યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા દ્વારા અર્ધવાર્ષિક અધિવેશન દિનાંક ૧૦-૦૬-૨૦૨૩થી ૧૧-૦૬-૨૦૨૩ના શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ છત્તીસગઢ પ્રાદેશિક સમિતિના અંતર્ગત બિલાસપુર ઘટકના આંગણે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ તથા એમના સાથે ગુજરાત પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી મયુરભાઇ ચૌહાણ પધારેલ હતા. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢ દ્વારા અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ તથા એમના સાથે પધારેલ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગુજરાત પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી મયુરભાઇ ચૌહાણનું સ્વાગત કરવામાં આવેલ.

તા. ૧૦-૬-૨૦૨૩ના સાંજે ૭.૩૦ વાગે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢના પધારેલ હોદ્દેદારો સાથે બિલાસપુર યુવા મંડળના સર્વે સભ્યો અને હોદ્દેદારો સાથે અ.ભા. યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ અને ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી મયુરભાઇ ચૌહાણ સાથે એક પરિચય બેઠક રાખવામાં આવેલ. જેમાં છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળના સર્વે હોદ્દેદારો અને અ.ભા. યુવા મહામંડળ અંતર્ગત સર્વે યુવા મંડળ થી પધારેલ પદાધિકારીઓ અને સભ્યો સાથે યુવા મંડળ બિલાસપુરના સર્વે પદાધિકારીઓ અને સભ્યો દ્વારા પોતાનું પરિચય આપવામાં આવેલ. તા. ૧૧-૦૬-૨૦૨૩ના સવારે ૧૧.૦૦ વાગે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પ્રાદેશિક યુવા મંડળ સાથે યુવા મંડળ બિલાસપુર ઘટક દ્વારા અ.ભા. યુવા મહામંડળના પધારેલ સર્વે હોદ્દેદારો સાથે સ્વાગત સન્માન બેઠકનું આયોજન કરવામાં આવેલ. આ બેઠકનું પ્રારંભ શ્રી રાધાકૃષ્ણ અને પ.પૂ. સમાજરત્ન સ્વ. હીરજીબાપા અને વડલા સામે દીપ પ્રજ્વલ્લિત કરી પ્રભુ પ્રાર્થના સાથે કરવામાં આવેલ ત્યાર બાદ યુવા મંડળ બિલાસપુર ઘટક દ્વારા અ.ભા. યુવા મહામંડળ અને પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢના પધારેલ સર્વે પદાધિકારીઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ દ્વારા પોતાના સંબોધનમાં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની સર્વે યોજનાઓ અને અ.ભા.યુવા મહામંડળ દ્વારા આયોજીત સર્વે કાર્યક્રમોની જાણકારી આપવામાં આવેલ અને બેઠકમાં ઉપસ્થિત સર્વે યુવાઓને વ્યક્તિગત જીવનમાં સમાજનું મહત્વ જણાવવામાં આવેલ અને સર્વે યુવાઓથી સમાજથી જોડાવવા અને સમાજને પોતાનો અમુલ્ય સમય આપવા વિનંતી કરવામાં આવેલ.મહાસભા દ્વારા આયોજીત અર્ધવાર્ષિક બેઠકના આયોજનમાં ખુબજ સરસ કાર્ય કરનાર અને આયોજનને સફળ બનાવવામાં પોતાનો અમુલ્ય સમય આપનાર યુવા સાથીઓ અને યુવા મંડળ બિલાસપુર ઘટકના સભ્યોના ઉત્સાહ વર્ધન માટે યુવા મંડળ બિલાસપુરના તપેશ મુકુંદભાઇ ચૌહાણ, કુશ હેમંતભાઇ ચૌહાણ, કેતન ગુણવંતભાઇ ટાંક, વિશેષ વિનેશભાઇ ચૌહાણ, યશ હિતેશભાઇ ચૌહાણ, ભૂમિત્ર ભાવેશભાઇ ચૌહાણ, શોભિત યોગેશભાઇ ચૌહાણ, ભવ્ય લોકેશભાઇ ચૌહાણ, લક્ષ્ય રિશીભાઇ ચૌહાણ, રાજુલ ભાવેશભાઇ ગોહિલનું શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢ દ્વારા અખિલ ભારતીય યુવા મહામંડળ પ્રમુખ અને ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખશ્રીના હસ્તે સ્મૃતિચિન્હ મોમેન્ટો આપી તેમનું ઉત્સાહવર્ધન કરવામાં આવેલ. ત્યાર બાદ પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢ દ્વારા અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ અને અ.ભા.યુવા મહામંડળના મહામંત્રી શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક અને ગુજરાત પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી મયુરભાઇ ચૌહાણને મોમેન્ટો આપી તેમનું સન્માન કરવામાં આવેલ સાથે તેમના સફળ કાર્યકાળ અને તેમના દ્વારા સર્વે સફળ આયોજન બદલ શુભેચ્છા આપવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢ પ્રમુખ શ્રી તુષારભાઇ નટવરલાલભાઇ ચૌહાણ અને પ્રાદેશિક યુવા મંડળ છત્તીસગઢ મહામંત્રી શ્રી હિમાંશુ દિલીપભાઇ વેગડ અને યુવા મંડળ બિલાસપુર પ્રમુખ શ્રી કલ્પેશ મુકુંદભાઇ

ચૌહાણ સાથે યુવા મંડળ બિલાસપુર મંત્રી શ્રી હનિશ પરમારને પરિચય અને સ્વાગત બેઠકના આયોજન બદલ સન્માન કરવામાં આવેલ. મહાસભાની અર્ધવાર્ષિક બેઠક અંતર્ગત અખિલ ભારતીય યુવા મહામંડળ સાથે પરિચય અને સ્વાગત બેઠક કાર્યક્રમના મંચનું સંચાલન યુવા મંડળ બિલાસપુર મંત્રી શ્રી હનિશ પરમાર અને મહામંત્રી શ્રી હિમાંશુ દિલીપભાઇ વેગડ દ્વારા કરવામાં આવેલ.

## વડોદરા યુવા મંડળ



વડોદરા યુવા મંડળ દ્વારા સંચાલિત કે.જી.કે. વેલફીટ સેન્ટર અને વડોદરા ઘટક યુવામંડળ દ્વારા સમાજ ભવન ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૫-૦૬-૨૦૨૩, રવિવારના રોજ સવારે ૬ વાગ્યે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં યોગ સાથે યોગ પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવેલ હતું. યોગ કોચ તરીકે પ્રગતિબેન ચૌધરી દ્વારા સર્વેને યોગાભ્યાસ કરાવવામાં આવેલ હતો. જેમાં ૪૫થી પણ વધુ સમાજબંધુઓએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન વડોદરા યુવા મંડળની ટીમે ઘટક સલાહકાર સભ્ય શ્રી જગદીશભાઇ વરૂ દ્વારા નિ:શુલ્ક ટી-શર્ટનું પણ વિતરણ કરેલ હતું.

યોગ ટ્રેનિંગ ક્લાસ પૂર્ણ થયા બાદ શ્રી નિલેશભાઇ સોલંકીની આગેવાની હેઠળ યુવા મંડળની ટીમે 'યોગા વિથ ફન' અંતર્ગત અલગ-અલગ વય જુથમાં રમત રમાડી હતી અને તેમાં વિજેતા થયેલ સ્પર્ધકોને ગીફ્ટ/કેશ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી નિલેશભાઇ સોલંકીની સાથે યુવા મંડળની ટીમે સ્થળ પર હાજર રહી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. વિજેતા થયેલ સ્પર્ધકોમાં રાઘવભાઇ સોલંકી, તન્વીબેન સોલંકી, સુચીબેન સોલંકી, કાવ્યાબેન ચૌહાણ, બીનાબેન ચૌહાણ તથા ભાવેશભાઇ રાઠોડ યુવા મંડળ ટીમે બધાને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે શ્રી જગદીશભાઇ દ્વારા યોગમાં આગળ પડતા સમાજબંધુઓને શિલ્ડ અને ગીફ્ટ આપીને સન્માનિત કર્યા હતા. અંતમાં સૌ અલ્પાહાર લઇને છુડા પડ્યા હતા.

## શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમા

શ્રી કચ્છ પ્રાદેશિક સમિતિ હેઠળ આવતા ઘટકોની ચાલુ સાલે ઉચ્ચ ગુણાંક મેળવનાર સમાજની બહેનોનું સન્માન કરવાનું હોઇ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૮૫% કે તેથી વધુ ગુણ તેમજ આઇ.ટી.આઇ., ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસના અંતિમ વર્ષમાં ૬૦% કે વધુ ગુણ મેળવનાર બહેનોએ તેમની માર્કશીટની નકલ મોબાઇલ નંબર અને સરનામા સાથે નીચેના સરનામા પર તા. ૦૫/૦૮/૨૩ સુધી મોકલી આપવી.

**શ્રી મોહનભાઇ કુંવરજીભાઇ ચૌહાણ-માનદ્ વ્યવસ્થાપકશ્રી**
**શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય – કુકમા**
**પો. કુકમા, તા. ભુજ (કચ્છ)**

## શ્રી ચાવડાના કુળદેવી શ્રી બ્રહ્માણી ચામુંડા માતાજી-ચંદિઆ

આથી ચાવડા (ચંદિઆ) શ્રી ચામુંડા માતાજીના સર્વે ગોઠી ભાઇઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ માતાજીના સ્થાનકે **આસો સુદ-૧, તા. ૧૫-૧૦-૨૩, રવિવારથી માતાજીના મંદિરે અખંડ જ્યોત રાત્રે ગરબા તથા તા. ૨૨-૧૦-૨૩, રવિવારના હવનાષ્ટમીના દિવસે સમુહ હવન તથા મહાપ્રસાદનું આયોજન કરેલ છે. હવન સવારે ૮.30 કલાકે શરૂ થશે.** હવનમાં બેસવા ઇચ્છતા ગોઠી ભાઇઓને **તા. 30/૯/૨૩** સુધી નામ નોંધાવવા. નવરાત્રી તથા હવન, મહાપ્રસાદ પ્રસંગે સર્વે ગોઠી ભાઇઓને પધારવા ભાવભર્યું આમંણ છે.

મણીલાલ પી. ચાવડા - ૯૭૨૫૧૯૪૬૦૯
જશવંત જી. ચાવડા - ૯૮૭૯૨૫૦૮૩૯


**મેરેજને લગતી તમામ આઇટમ મેળવવા માટેનું એકમાત્ર સ્થળ એટલે જ**

# લગ્નસરા



- લગ્નવિધિ આઇટમ
- ડેકોરેશન
- ગીફ્ટ આઇટમ
- કરિયાવર
- આણાની આઇટમ
- લગ્ન પ્રસંગની આઇટમ વગેરે

*બહાર ગામ વસતા સમાજબંધુઓને કૂરીયરથી મોકલવાની વ્યવસ્થા છે*

પ્રો : રોહનભાઈ ટાંક

**ટીપી-૩, ખીજડા મામા મંદિર રોડ, ખત્રી ચોક, ૧૨મી. રોડ, અંજાર (કચ્છ) મો.નં. : 8141968106**

@lagansara the weddings studio

# ખીડકી



મારા ઘરમાં એક ખીડકી છે.
હવા ઉજાસથી ભરેલી છે.
સવારે સ્વચ્છ આકાશ દેખાય,
થોડી વારે સુરજ દાદા પ્રકાશ ફેલાવે.
આખો દિવસ રાહદારી જોવા મળે,
પણ ક્યારેક ઘોંઘાટ ખુબજ કરે.
ઘરની પ્યારી આંખ છે ખીડકી,
સુંદર દશ્ય દેખાડે છે ખીડકી.
બારી કહો, ખીડકી કહો કે પછી ઝરૂખો,
બસ બારે જોવાનો નજરીયો બદલો.
ખિડકીમાંથી હરિયાલી જોવા મળે,
સાંજનો નજારો જોવાનો આનંદ મળે.
વરસાદના દિવસોમાં ખીડકીમાં બેસો,
રીમઝીમ વરસાદનો આનંદ લેશો.
નાના છાંટાથી મ ભીંજાઇ જાય,
મન પુલકીત આનંદ વિભોર થઇ જાય.
સાથે ઇન્દ્રધનુષ્ય આકાશે દેખાતું હોય,
સપ્ત રંગોથી મનડું રંગાઇ જતું હોય.
ચકલી કીલબીલ કરતી હોય,
ઝાડમાં આશરો લેવા આવતી હોય.
થોડીવાર તો કલકલ ચાતલું જ હોય,
એ નજારો જોવા કલાક પસાર થઇ જતી હોય.
ખીડકી તો ક્યારેક બંધ પણ હોય છે.
પણ પોતાનો અહેસાસ દેવડાવે છે.
છોકરાવના રમવાનો અવાજ આવે છે,
વાહનના પોં પોંનો અવાજ સંભળાવે છે.
પક્ષીઓનો કલરવ સંભળાય,
મનને ખુબ આનંદ દઇ જાય.
ખીડકી વિના જીવન અધુરું છે,
લોકડાઉનમાં ખીડકીનો જ સહારો છે.
ઘરનું અવિભાજ્ય અંગ છે ખીડકી,
તમે કાંઇ જ નથી જોયું જો નથી ઘરમાં ખીડકી.
અરે જીવન તમારું નકામું થઇ ગયું છે રે,
જીવન તમારું નકામું થઇ ગયું છે રે.



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૪ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

**:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::**

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૧-૨૦૨૪ પહેલા અરજી કરવી.**

**:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::**

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

# અનંતની યાત્રાએ...



અમદાવાદ (દેવળીયા) નિવાસી શ્રીમતી ગીતાબેન સોહનલાલ રાઠોડ (ઉ.વ.૫૦)નું તા. ૧૮-૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (કુકમા) નિવાસી શ્રી રણછોડભાઇ નથુભાઇ પરમાર (ઉ.વ.૯૨) પૂર્વ પ્રમુખશ્રી કુકમા ઘટકનં તા. ૨૬-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (અંજાર) નિવાસી શ્રી મગનલાલ કુંવરજીભાઇ વરૂ (ઉ.વ.૮૪) તે શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ મહાસભાના કોષાધ્યક્ષના પિતાજીનું તા. ૦૬-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી ગં.સ્વ. પાર્વતીબેન દયારામભાઇ જેઠવા (ઉ.વ.૯૦)નું તા. ૧૨-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કોરબા (હાજાપર) નિવાસી શ્રી હિંમતલાલ કરસનભાઇ યાદવ (ઉ.વ.૭૦)નું તા. ૧૨-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (દેવળીયા) નિવાસી ગં.સ્વ. દમયંતિબેન મારૂ (ઉ.વ.૮૪)નું તા. ૧૧-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર (કુકમા) નિવાસી શ્રીમતી પ્રભાબેન મોરારભાઇ પરમાર (ઉ.વ.૮૦)નું તા. ૦૬-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (કુંભારીયા) નિવાસી શ્રી ચંદ્રકાન્તભાઇ ગીરધરભાઇ સોલંકી (ઉ.વ.૫૫)નું તા. ૨૧-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (ખંભરા) નિવાસી શ્રીમતી અનિલાબેન ઉત્તમભાઇ ચાવડા (ઉ.વ.૫૮)નું તા.૨૫-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ભુજ (અંજાર) નિવાસી સુ.શ્રી રસીલાબેન દયારામભાઇ વરૂ (ઉ.વ.૭૯)નું તા. ૦૯-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી કિશોરભાઇ ત્રિકમજીભાઇ પરમાર(ઉ.વ.૬૨)નું તા. ૧૩-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગાંધીધામ (કુંભારીયા) નિવાસી શ્રીમતી ક્રિષ્નાબેન કિર્તીભાઇ રાઠોડ (ઉ.વ.૫૮)નું તા. ૧૧-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી દયારામભાઇ પ્રેમજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૦)નું તા. ૨૮-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (ખેડોઇ) નિવાસી ગં.સ્વ. દમયંતીબેન દયાલજીભાઇ રાઠોડ (ઉ.વ.૯૨)નું તા. ૦૨-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (દેવળીયા) નિવાસી શ્રી મહેશભાઇ રતિલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૬૧)નું તા. ૦૬-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કટક (કુંભારીયા) નિવાસી શ્રીમતી આશાબેન અરૂણભાઇ રાઠોડ (ઉ.વ.૬૮)નું તા. ૨૮-૦૫-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740 Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

|| પ્રણામ || **પ્રથમ વાર્ષિક સ્મરણાંજલી** || પ્રણામ ||



**જન્મ :**
**તા. ૨૪-૦૫-૧૯૫૭**
**શુક્રવાર**

**પરમધામ ગમન**
**તા. ૦૭-૦૮-૨૦૨૨**
**રવિવાર**

## પ.ધા.વા. પ્રીતિબેન પ્રફુલકુમાર વાઢેર

દેશમા ગામ : સિનોગ્રા, હા.મુ. અમદાવાદ

ગ્લાસ અડધો ખાલી કેમ નજરે ઘરશ ?
ગ્લાસ અડધો ભરેલો તો છે !!
આજે એ વિચારધારા ની કમી છે.

અરે તુ સમસ્યા થી કેમ ડરે છે ?
સમસ્યા ને તુ ડરાવને !!
આજે એ હિંમત ની જ કમી છે.

જિંદગીનો મધ્યાહન હવે જ તપશે...
જિંદગી ને હવે શિતળતા કયાથી મળશે !!
આજે એજ તરૂવરની જ કમી છે.

સુખ સગવડો માં કયા કશો ફેર છે ?
પણ પ્રેમ અને સાથ કયા એ જ છે !!
આજે એ જ ભાવનાની જ કમી છે.

**હા...આજે ફક્ત તમારી જ કમી છે.**

### લિ. પરિવાર

**પ્રફુલકુમાર કરશનભાઇ વાઢેર (પતિ)**

ધા.વા. કરસનભાઈ કર્મસિંહ વાઢેર (સસરા)
ધા.વા. કંકુબેન કરસનભાઈ વાઢેર (સાસુ)

ચિ. પોરસ પ્રફુલકુમાર વાઢેર (પુત્ર)
અ.સૌ. હિરલ પોરસકુમાર વાઢેર (પુત્રવધુ)
ચિ. રિયાર્થ પોરસ વાઢેર (પૌત્ર)
કુ. નૈસર્ગી પોરસ વાઢેર (પૌત્રી)
ચિ. પરાગકુમાર પુરૂષોત્તમભાઈ જેઠવા (જમાઈ)
અ.સૌ. ખંજના પરાગકુમાર જેઠવા (પુત્રી)
ચિ. આંચલ પરાગકુમાર જેઠવા (દોહિત્રી)
ચિ. નમસ્વી પરાગકુમાર જેઠવા (દોહિત્રી)
સ્વ. પુરૂષોત્તમ કે. વાઢેર (જેઠ)
સ્વ. રંભાબેન પુરૂષોત્તમ વાઢેર (જેઠાણી)
સ્વ. અજીતકુમાર કે. વાઢેર (જેઠ)
સ્વ. લીલાવતીબેન અજીતકુમાર વાઢેર (જેઠાણી)
શ્રી હરિલાલ કે. વાઢેર (જેઠ)
અ.સૌ. મધુબાલા એચ. વાઢેર (જેઠાણી)
શ્રી ઉમાકાંત કે. વાઢેર (દિયર)
અ.સૌ. ઈન્દુબેન યુ. વાઢેર (દેરાણી)
સ્વ. દેવકુંવરબેન નારાયણ જેઠવા (નંણદ-નંણદોઈ)
અ.સૌ સુરભી સુરેન્દ્ર નારાયણ જેઠવા (ભાણેજાવહુ-ભાણેજ)

અ.સૌ. લીલા શૈલેશ વાઢેર - અ.સૌ. આશા ગૌતમ શિલ્પિ - અ.સૌ. જીજ્ઞાસા જયદીપ વાઢેર -
અ.સૌ. બ્રીન્દ્રા તરૂણ વાઢેર, અ.સૌ. દિનલ ભુમિત વાઢેર - અ.સૌ. સુરભી મનમીત વાઢેર (ભત્રીજાવહુ-ભત્રીજા)
અ.સૌ. બસંતી, અ.સૌ. પ્રતિમા, અ.સૌ. નિતા, અ.સૌ. કુંજન (ભત્રીજી)

જેઠાલાલ અમરસિંહ વાઢેર (જેઠ)
પ્રવિણભાઈ હેમરાજભાઈ વાઢેર (જેઠ)

## પાંચમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



### સ્વ. પરસોત્તમભાઇ શીવજીભાઇ ચાવડા

**જન્મ તા. ૨૧-૦૮-૧૯૩૬ – સ્વ. તા. ૧૦-૦૮-૨૦૧૮**
**અંજાર (કચ્છ)**

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, સુખ અને દુઃખમાં પણ સમતા ભાવે રહ્યા તમે, પરોપકારના કાર્યો કરીને જીવન ધન્ય બનાવી ગયા તમે, આપની ધર્મભાવના, કુટુંબ પ્રેમ, સાદું જીવન, પ્રમાણિકતા અમોને પ્રેરણા આપતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| સ્વ. શીવજીભાઇ લાલજીભાઇ ચાવડા | પિતા |
| સ્વ. જેઠીબેન શીવજીભાઇ ચાવડા | માતા |
| ગં.સ્વ. સાવિત્રીબેન પરસોત્તમભાઇ ચાવડા | ધર્મપત્ની |
| આશિષભાઇ પરસોત્તમભાઇ ચાવડા | પુત્ર |
| રીમાબેન આશિષભાઇ ચાવડા | પુત્રવધુ |
| અક્ષિતા ધવલકુમાર વેગડ | પૌત્રી |
| ધવલકુમાર ચિતરંજનભાઇ વેગડ | જમાઇ |
| નિત્યા આશિષભાઇ ચાવડા | પૌત્રી |
| મહેક આશિષભાઇ ચાવડા | પૌત્રી |
| હિતાંશ આશિષભાઇ ચાવડા | પૌત્ર |
| ચિતરંજનભાઇ મોહનભાઇ વેગડ | વેવાઇ |
| રીતાબેન ચિતરંજનભાઇ વેગડ | વેવાણ |

સ્વ. રાજારામભાઇ રણછોડભાઇ ટાંક પરિવાર – આબુરોડ

**સમસ્ત ચાવડા પરિવારના જયશ્રી કૃષ્ણ**

**:: ફર્મ ::**

**મે. ચાવડા ટ્રેડીંગ કાું.** - અંજાર ● **ગાયત્રી સો મીલ** - અંજાર

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

**હરિ ૐ નમઃ શિવાય**

**ખંભરા** **કલ્યાણ**



### સ્વ. લવજીભાઇ દેવશીભાઇ રાઠોડ

**જન્મ – ૦૨/૦૩/૧૯૪૦**
**સ્વર્ગવાસ – ૨૦/૦૭/૨૦૨૨**

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
માયાળુ સ્વભાવ અમો જીવનભર ભૂલશું નહીં.
પરમકૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**આપના પરિવારજનો**

**(ધર્મપત્ની)**
સ્વ. ભારતીબેન લવજીભાઈ રાઠોડ

**(પુત્રવધુ – પુત્ર)**
અ. સૌ. હર્ષિદાબેન હિનેશભાઈ રાઠોડ
અ. સૌ. ભાવનાબેન ચંદ્રેશભાઇ રાઠોડ
અ. સૌ. હિનાબેન મયુરભાઈ રાઠોડ

**(પૌત્રી – પૌત્ર)**
ચી. ગ્રીષા હિનેશભાઈ રાઠોડ
ચી. નિયતિ હિનેશભાઈ રાઠોડ
ચી. પ્રાચી હિનેશભાઈ રાઠોડ
ચી. હિરલ ચંદ્રેશભાઈ રાઠોડ
ચી. પરમ મયુરભાઈ રાઠોડ
ચી. રીત મયુરભાઈ રાઠોડ

**સમસ્ત રાઠોડ પરીવાર, કલ્યાણ**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. પરષોતમભાઈ ધનજીભાઈ ટાંક

જન્મ તા. ૩૧/૦૩/૧૯૩૪ સ્વ. તા. ૧૪/૦૮/૨૦૨૨

દેશમાં ગામ : સિનુગ્રા (કચ્છ) જીવનકાળ : ગયાજી (બિહાર)

તમારૂં જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભુલીશું નહીં. તમે પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું. કાયમ બધાનું સન્માન જાળવ્યું. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. ગાયત્રીબેન પરષોતમભાઈ ટાંક | પત્ની |
| ધનલક્ષ્મીબેન હરીશભાઈ ટાંક | પુત્રવધુ-પુત્ર |
| કિર્તીભાઈ પરષોતમભાઈ ટાંક | પુત્ર |
| હિરલબેન ચિરાગભાઈ ભટ્ટ (કેનેડા) | પૌત્રી-જમાઈ |
| ખુશાલી હરીશભાઈ ટાંક | પૌત્રી |
| પારસ હરીશભાઈ ટાંક | પૌત્ર |
| રેખાબેન ભગવાનલાલ રાઠોડ (રાયપુર) | પુત્રી-જમાઈ |
| સ્વ. ઉષાબેન અશોકભાઈ રાઠોડ (ઉદવાડા) | પુત્રી-જમાઈ |
| સ્વ. નારણભાઈ ધનજીભાઈ ટાંક | મોટાભાઈ |
| સ્વ. ભગીરથીબેન નારણભાઈ ટાંક | ભાભી |
| મીનાબેન અરવિંદભાઈ ટાંક | ભત્રીજાવહુ-ભત્રીજા |
| કાશમીરાબેન શીરીષભાઈ ટાંક | ભત્રીજાવહુ-ભત્રીજા |
| રીનાબેન યોગેશભાઈ મારૂ | ભત્રીજી-જમાઈ |
| લીનાબેન અશોકભાઈ સોલંકી | ભત્રીજી-જમાઈ |

**હરીશભાઈ ટાંક** 9974614020

**ધનલક્ષ્મીબેન ટાંક** 9925256208


FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC INDIA
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O

MDRT®

MEMBER ZONAL MANAGER'S CLUB FOR AGENTS



Mitesh J. Khodiyar

*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

**घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।***

STAR Health Insurance – Personal & Caring – The Health Insurance Specialist
HDFC ERGO – Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE – Muskurate Raho

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khdiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

**Shraddha Complex, Adani School Rd, Near Zero Point, Mundra 370421.**

**Home Address:**

**Girinarayan Street, Mandvi Chock, Old Bandar Road, Mundra 370421.**

**Contact Address:**

**+91 93246 85342**
**+91 99208 43135**

**surbhiclothing@gmail.com**


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**

બસ સ્ટેશન પાસે, કુકમા



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮




YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

# VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
# VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




# Khodiyar Engineering Works
# Urja Engineering Company
# Perfect Power Systems
# Unique Power Systems

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

## Besides the manufacturing of Panel, we also attain works such as

~ Installation of DP Structure.
~ Installation of Cables and connecting them, etc.
~ Supply of Transformers and Vaccume Circuit Breaker
~ Rewinding Of all types of Motors and Generators.
~ Filtration and supply of Transformer Oil.
~ Supply of All types of Switchgears.
~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric · AVOCAB WIRES & CABLES · HPL The Power of Technology · connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (0) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON
*The Instrumentation People*

## UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on August-2023

।। જય સીયારામ ।।



## ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર

## SHREE RAM GROUP OF INDUSTRIES

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

**PAN NO. AABTS 4600 B**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

**આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે**

**આપના વિનમ્ર**

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), ‘અંબર’ વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.